# અનોખો

## વાર્તાસંગ્રહ

(ભુ.ભા. કથા સંગ્રહ નં. ૧૩)

(૧૩૬)

:: લેખક ::

પ.પૂ. આ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

:: સંપાદન ::

મુનિશ્રી કલ્પરત્નવિજય મ.સા.

# અનોખો

## વાર્તાસંગ્રહ

## (૧૩૯)

(ભુ.ભા. કથાસંગ્રહ-૧૩)

લેખક

પ.પૂ. આ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.

સંપાદક :

મુનિશ્રી કલ્પરત્નવિજય મ.સા.

लेखक परिचय

સિદ્ધાંત મહોદધિ સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ. સ્વ. આચાર્યદેવ
શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટાલંકાર વર્ધમાનતપોનિધિ, ન્યાય વિશારદ,
ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ

સંપાદક
મુનિશ્રી કલ્પરત્નવિજયજી

| પ્રત | કિંમત | સંવત |
| --- | --- | --- |
| ૨૦૦૦ | ૪૦-૦૦ | ૨૦૭૪ |


મુદ્રક :
યશ પ્રિન્ટર્સ
અમદાવાદ


**પ્રાપ્તિસ્થાન**


**દિવ્યદર્શન ટ્રસ્ટ**

C/o. કુમારપાળ વિ. શાહ
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા ૩૮૭૮૧૦, જિ. અમદાવાદ
ફોન : ૦૨૭૧૪ - ૨૨૫૯૮૧

અજય સેવંતીલાલ વી. જૈન
ડી-વિંગ, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર,
પાંજરાપોળ લેન, મુંબઈ-૪
ફોન : ૨૨૪૧૨૪૪૫ / ૨૨૪૦૪૭૧૭

**દિવ્યદર્શન કાર્યાલય**

C/o. કલ્પેશ વી. શાહ
૨૯/૩૦, વાસુપૂજ્ય બંગલો, ફન રિ-પબ્લિકની સામે, રામદેવનગર ચાર રસ્તા,
સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦૦૧૫, ફોન : ૨૬૮૬૦૫૩૧

પ.પૂ. આચાર્ય પ્રેમ-ભુવનભાનુસૂરિ મ.સા

"ગૌતમ-વીરની યાદ અપાવે... ગુરુ-શિષ્યની જોડી"



પૂ. માતુશ્રી વીરબાળાબેન કાંતીલાલ શાહ (આંબાવાડી)

હ. ઉમેશભાઈ આદિ પરિવારની

પૂજ્યશ્રીના ચરણોમાં કોટિશઃ વંદનાવલિ...

# પ્રકાશકીય

પરમશ્રદ્ધેય વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરિ મ.સા.**ને રાત્રીના સમયે કોઈ ભાઈ વંદનાર્થે આવ્યા. ઉપાશ્રયમાં એક મહાત્માને પૂછ્યું. મારે ભાનુવિજય મ.ને મળવું છે તેઓ ક્યાં મળશે ? ત્યારે એ મહાત્માએ કહ્યું કે, અત્યારે ચાંદનીનો પ્રકાશ જ્યાં બારી પાસે આવતો હોય અને ત્યાં કોઈ મહાત્મા લેખનકાર્ય કરતાં હોય તો તે ભાનુવિજય મ. હશે. દિવસે સમય ઓછો મળે એટલે રાત્રિના ચંદ્રના પ્રકાશમાં વિવિધ ગ્રંથો ઉપર ચિંતનની ધારા વહાવતા અને એ રસથાળ તૈયાર કરી દિવ્યદર્શન સાપ્તાહિક દ્વારા જિજ્ઞાસુઓની જિજ્ઞાસાને સંતોષતા, વૈરાગ્ય અદ્ભુત, તપ અને ત્યાગ પણ અદ્ભુત- કર્મશાસ્ત્ર-તર્કશાસ્ત્ર કે ન્યાયશાસ્ત્ર હોય દરેકમાં નિપૂણતા. આવા કઠિન શાસ્ત્રો પણ સહેલાઈથી સમજાય એટલે કથાના માધ્યમે ખૂબ જ સરળતાથી સમજાવે. પ્રવચનોમાં આવતા આવા અદ્ભુત કથા પ્રસંગોનો સંગ્રહ કરી ગુરુભક્ત **પૂ. મુનિશ્રી કલ્પરત્નવિજય મ.સા.** દ્વારા પૂર્વેપણ આવા બાર કથાસંગ્રહને પુસ્તકરૂપે પ્રકાશિત કરેલ. આ તેરમો કથાસંગ્રહ **"અનોખો વાર્તાસંગ્રહ"** રૂપે પ્રકાશિત કરતાં રોમ હર્ષ અનુભવું છું.

સંઘના અનેક કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં પૂજ્ય ગુરુદેવ પરની ભક્તિથી પ્રેરાઈ **"સમર્પણ અને સત્ત્વની વેબસાઇટ એટલે કથાનુયોગ"** રૂપ પ્રસ્તાવના **પૂ.આ. મુનીશરત્નસૂરિ મ.સા.** એ પ્રસ્તાવના લખી આપવા બદલ તેમજ આ પુસ્તકમાં સુકૃતના સહભાગી થનાર નામી-અનામી દાતાઓનો તથા પુસ્તકને સુંદર ગેટઅપ આપવા બદલ ધર્મપ્રેમી નવભારત સાહિત્ય મંદિરવાળા મહેન્દ્રભાઈનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**દિવ્યદર્શન ટ્રસ્ટ**

**કુમારપાળ વી. શાહ**

# સમર્પણ અને સત્ત્વની વેબસાઇટ એટલે કથાનુયોગ

**લેખક - પૂ. આચાર્ય મુનીશરત્નસૂરિ મ.સા.**

કથાના માધ્યમે ગહન તત્ત્વો પણ સમજવા સરળ બને છે, પ્રભુની આજ્ઞાનું તાત્પર્ય અને રહસ્ય પકડાય છે. શ્રુતસમુદ્રમાં જેઓએ મરજીવા બનીને અકલ્પનીય-અનુપમ-અદ્‌ભુત ચિંતનરત્નોની ભેટ શાસનને આપી છે, અધ્યાત્મ લેવલે દરિદ્ર બનેલા જીવોને અભ્યંતર પરિણતિની શ્રીમંતાઈનું દાન અર્પતા પ્રભુ વચનોના માંર્મિક રહસ્યોદ્‌ઘાટન કર્યા છે, વૈરાગ્યનું વરદાન એ જેમની વાતો હતી, વીતરાગ શાસનને દૃઢ સમર્પિત બનાવી દેવાની પ્રચંડશક્તિ જેમના આદર્શમાં ઝળકતી હતી એ સર્વાંગીણ સાધના પુંજ સર્વાંગીણ ક્ષેત્રીય પ્રતિભા સંપન્ન પૂજ્યપાદ આ.ભ.શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નાભિમાંથી પ્રગટેલા એ શબ્દો કે જે દેશનામૃત બિન્દુ હતા. શાશ્વત ભાવારોગ્ય અર્પતા રસાયણ સમાન હતાં, તાપથી દાઝેલા માટે ઘેઘુર વડલાની છાયા સમાન વિશ્રામ સ્થાન હતા, વિકારોના ઝેર ઉતારવા વૈરાગ્ય ગારૂડીમંત્ર સમાન હતા. એ ચિંતનનો ખજાનો દિવ્યદર્શન પત્ર રૂપે જગતના જીવો સમક્ષ ખુલ્લો મૂકવામાં આવ્યો જે ચતુર્વિધ સંઘ માટે પ્રેરક અને પ્રોત્સાહક બન્યો.

વર્ધમાન તપોનિધિશ્રીના એ અનુપ્રેક્ષાશ્રુતનું વિભાગીકરણ અને હોટ ટોપીકને હાઇલાઇટ કરવા પ.પૂ. દેવ-ગુરુ ભક્તિ રસિક, દીર્ઘ સંયમી મુનિરાજશ્રી કલ્પરત્નવિજયજીએ ભારે જહેમત ઉઠાવી છે તેની સહૃદય અનુમોદના કરું છું.

ભુવનભાનુ કથાસંગ્રહ નં. ૧૩નું પ્રકાશન "અનોખો વાર્તાસંગ્રહ" રૂપે મુનિશ્રી કરાવી રહ્યા છે તે આનંદની વાત છે. આ પુસ્તકમાં પ્રભુશાસન પ્રત્યેના અવિહડ, અવિચલ, પ્રબળ સમર્પણ ધરાવતાં, પ્રભુ ખાતર પૈસાની ઇચ્છા-લાલસા અને મૂર્ચ્છાને તોડીને ભુક્કો બોલવનાર વસ્તુપાળ અને અનુપમાદેવીના પ્રસંગમાં અદ્‌ભુત દષ્ટિકોણ આપ્યો છે તો દશાર્ણભદ્ર ઇન્દ્રની સમૃદ્ધિમાં ઝાંખો તો પડ્યો પણ વિરતિધર્મનો સ્વીકાર કરવા દ્વારા ઇન્દ્રના ઠાઠને ઘાસના તણખલાની જેમ તુચ્છ માની આ પ્રમાણે છણાવટ પણ રહસ્યપૂર્ણ જોવા મળે છે.

વિષયચિંતામાં દુરાચારી ફોજદાર ને રાજા દ્વારા થતી સજા બાદ જીવન પરિવર્તન તથા શ્રેષ્ઠિપુત્રની કથા વાંચતા રોમટા ઊભા થઈ જાય છે. ધનના લોભમાં વણિકનાં દૃષ્ટાંતનું અદ્‌ભુત રીતે વર્ણન કરેલ છે.

રમેશભાઈ જૈન રિક્ષાવાળાનો પ્રામાણિકતા અને સજ્જન તરીકેનો હાર્ટટચ પ્રસંગ જેની અસર મુસ્લિમને પણ થઈ અને તેમણે દારૂના ત્યાગનું સત્ત્વ ફોરવ્યું.

તો ગુરુદેવના એક પ્રવચન દ્વારા આખાયે જીવનનું પરિવર્તન શેઠ સુખલાલના જીવનમાં થાય છે. તેનું રોચક વર્ણન કર્યું છે.

વાચક વર્ગને ખાસ ભલામણ છે કે, પૂજ્યશ્રીનો "ભુવનભાનુ કથાસંગ્રહ" તથા આ ભાગ નં. ૧૩ અવશ્ય વાંચે. અનેકને વંચાવે. સાડાત્રણ ક્રોડ રૂવાંટામાં જિનશાસનનો જયનાદ ગુંજ્યા વગર નહીં રહે.

સૂરિ પ્રેમ હૃદયાલંકાર આ.ભ.શ્રી ભુવનભાનુસૂરિજી મહારાજાને નતમસ્તકે વંદના કરી વિરમું છું.

# સૂરિ પ્રેમ ગુરુ વંદનાષ્ટક

સંયમ ને સ્વાધ્યાય તણા જે, હતા પ્રેમની મૂરતિ,
સમ્યગ્ દર્શન કેરી છોળો, જીવનમાં ઝગમગતી;
ત્યાગ ને તપ જીવનમાં જેની, રગરગમાં નીત વહેતો;
સૂરિ પ્રેમના ચરણોમાં સહુ, સંઘ સદાયે નમતો... ૧

બ્રહ્મચર્યની રક્ષા કાજે, સદાય જાગૃત રહેતા,
કમ્મ પયડીના શાસ્ત્રો કેરું, નવલું સર્જન કરતાં;
પ્રેમ વાત્સલ્યને કરુણા કેરી, હતી એ સાક્ષાત્ મૂરતિ,
સૂરિ પ્રેમ ઉગારો અમને, ભવ અટવીના ભયથી... ૨

રત્ન હતું એ મરુભૂમિનું, પ્રેમચંદભાઈ નામે,
સંયમ લઈ બન્યા પ્રેમવિજયજી, સિદ્ધાચલજી ધામે;
વિરતિ રંગે સમતા સાધી, હૈયે મૈત્રી કરુણા,
જ્ઞાન ધ્યાનને ત્યાગ તપનો, વારસો આપ્યો જગમાં...૩

મૈત્રી કરુણા કેરા ભાવો, હૈયામાં ખૂબ વહેતા,
સ્વપર ગચ્છ તણાં સાધુનું, હિત સદા ચિંતવતા;
જયણા અને સંયમની ચિંતા, નિશદિન હૈયે રમતી,
એવા સૂરિવર પ્રેમના ચરણે, વંદના કોટિ કોટિ... ૪

સુવિશુદ્ધ સંયમ પાલનને, કાજે ચિંતા ધરતા,
નાના મોટા અનેક સાધુની, ભેટ શાસનને કરતા,
મુનિજનોના વ્રતની ચિંતા, નિશદિન હૈયે ધરતા,
સૂરિ પ્રેમના ચરણે ભક્તો, શિશ નમાવી રહેતા... ૫

મુનિ ગણોના નમન સ્વીકારી, સફલ કરો અમજીવન,
આપો એવું બળ અમ સૌને, જેથી દીપે સંયમ;
ધર્મ કીરતિ કર જોડી વિનવે, દેજો આશિષ હરદમ
ઉપકારી ગુરુ પ્રેમ ચરણમાં, નિતનિત હોજો વંદન... ૬

શ્રી સિદ્ધાંત મહોદધિ વળી ગુરુ
વાત્સલ્ય અબ્ધિ બની,
આત્મ તેજ જગાવવા સિંહ પરે,
કાયા તપાવી અતિ,
સાધૂતા ભર પ્રાણ રૂપ યતના
ચિત્તે વહેતી હતી,
માંગુ આશિષ સૂરિ પ્રેમ ચરણે
આપો સદા સન્મતિ... ૭

ન્યાયશાસ્ત્રને તર્કશાસ્ત્રની, કુસુમ કેરી માળથી,
કમ્મપયડી સાહિત્યની, સેવા કરી તે ભાવથી,
સુવિશાલ ગચ્છાધિપતિ સૂરિ પ્રેમના કરકમલમાં,
સ્વીકારજો મુનિ કલ્પ કેરી, ભાવભીની વંદના... ૮

# સુકૃતના સહભાગી

## પૂજ્ય માતુશ્રી
## વીરબાળાબેન કાંતીલાલ શાહ

તથા

## પૂજ્ય પિતાશ્રી
## ડૉ. કાંતીલાલ ભીખાભાઈ શાહ

એમના જીવનમાં કરેલી
સુકૃતની અનુમોદનાર્થે

## હ. ઉમેષભાઈ

આંબાવાડી,
અમદાવાદ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | વિષય ચિંતામાં – દુરાચારી ફોજદારનો પ્રસંગ | ૧ |
| ૨. | વિષય ચિંતાનો વિચિત્ર અંધાપો – શ્રેષ્ઠિપુત્રની કથા | ૧૩ |
| ૩. | ધનના લોભે દુર્ગતિ – વણિકનું દૃષ્ટાંત | ૨૬ |
| ૪. | મળેલું ધન મારું નહિ, આદીશ્વરદાદાનું – મારવાડી યુવાનની કથા | ૩૩ |
| ૫. | સુકૃતના સેવનનો આનંદ યાને દાનવીર જગડુશા – જગતના તાત | ૩૫ |
| ૬. | પૈસા કરતાં પ્રભુ વહાલા ઉપર દૃષ્ટાંત | ૪૧ |
| ૭. | ધર્મ પર અતૂટ શ્રદ્ધા – ધર્મી શેઠનું દૃષ્ટાંત | ૪૯ |
| ૮. | પ્રમાણિક્તા આજે પણ જીવે છે | ૫૭ |
| ૯. | સત્ત્વની કમાણી ઉપર મેનેજરનું દૃષ્ટાંત | ૬૧ |
| ૧૦. | સત્ત્વ વિકસાવવા ઉપર દૃષ્ટાંતો | ૬૪ |
| ૧૧. | શુભ ભાવનાના ખપી – ભરૂચના અનોપચંદભાઈ | ૭૦ |
| ૧૨. | દુ:ખિત પર અત્યંત દયા ઉપર દૃષ્ટાંતો | ૭૪ |
| ૧૩. | જીવનની ઉત્તમતા – દાનાદિ ધર્મ ઉપર દૃષ્ટાંતો | ૭૮ |
| ૧૪. | મોત માટે ઝેર આપનાર ઉપકારી – બે ભાઈની કથા | ૮૭ |
| ૧૫. | મૂર્ખ મિત્ર કરતાં દાનો દુશ્મન સારો – વેપારીની કથા | ૯૧ |
| ૧૬. | સ્વોપદેશ પ્રથમ પછી પરોપદેશ – સંન્યાસીની કથા | ૯૯ |
| ૧૭. | વિજય ચોરનું દૃષ્ટાંત | ૧૦૫ |
| ૧૮. | શત્રુંજય તીર્થ ભેટ્યાની કદરદાની – સુખલાલ શેઠનું દૃષ્ટાંત | ૧૦૮ |
| ૧૯. | આત્મસંપત્તિની કમાણી પર વિદ્યાપતિ શેઠની કથા | ૧૨૫ |

# વિષય ચિંતામાં – દુરાચારી ફોજદારનો પ્રસંગ

કેટલાક લોકો બેફિકરા બની કહે છે, 'ભવિષ્ય ભવિષ્યની શી વાતો કરો છો ? આગળ ઉપર જે બનશે તે જોયું જાશે. પરંતુ એ વિષયચિંતામાં ડૂબેલાના બોલ છે. એમને ખબર નથી કે બોલવું સહેલું છે પરંતુ અવસરે એવી પીડા, આફત કે દુઃખ આવીને ઊભા રહે છે ત્યારે વેઠ્યા જતાં નથી, 'હાય, હાય' થાય છે, 'કંઈ કરો, મને બચાવો' એવી ભારોભાર દીનતા કરવી પડે છે.

ફોજદારનો પ્રસંગ :

વર્તમાન કાળના એક નવાબી રાજ્ય વખતનો પ્રસંગ છે. ત્યાં એક મુસલમાન ફોજદાર હતો. ભારે વિષયાંધ ! આમ ફોજદારપણું તો બરાબર બજાવે, ક્યાંય ગુનો ન થાય એ માટે બરાબર કડકાઈ રાખે, પણ ભાઈસાહેબ પોતે દુરાચારના ગુના કરે ! વિષય અને લક્ષ્મીની લોલુપતા એક જબરી પકડ છે. જીવને અનીતિ, અન્યાય વગેરે કેટલાંય દુષ્કૃત્યોમાં ઘસડે છે. લેવા–દેવાનાં કાટલાં જુદાં, બીજાને કહે, 'ઘાલમેલ નહિ કરતા,' અને પોતે જ ઘાલમેલમાં ઉસ્તાદ ! વિષયલંપટતા આ કરાવે છે.

ફોજદાર સતત વિષયચિંતામાં રહેતો. ક્યાંય ગામમાં કોઈ નવી સ્ત્રી આવી છે ? અગર કોઈ બીજે દાવ લાગે એવો છે ? એ જોયા કરતો. ગામના કેટલાયને એણે હેરાન કરેલા. પરંતુ કોઈની તાકાત નહીં કે નવાબ સુધી પહોંચે.

એક વાર એક લુવાણાને ત્યાં છોકરાની નવી વહુ આવી. ફોજદારને ખબર પડી. એણે એના ધણીને કહેવડાવી દીધું કે હું રાતના આવીશ માટે તું તે વખતે ઘરમાં રહેતો નહિ.'

અહીં રાત પડી એટલે ધણી બહાર જવા તૈયાર થયો. ત્યારે પત્ની પૂછે છે, 'કેમ ક્યાં જાઓ છો ?' પેલાએ હકીકત કહી.

સ્ત્રી કહે છે, 'અરે ? આ શું ?'

'એ તો આ ગામમાં એનું રાજ્ય ચાલે છે એટલે બોલાય નહિ, નહિતર મારી નાખે.'

'પણ તે તમારે મારું શીલ ભંગાવવું છે ?'

'હું શું કરું ?'

'શું કરું શું ? તો મરદ બનીને મારો હાથ ઝાલવા કેમ આવ્યા હતા ? શરમ નથી આવતી ? ચૂડીઓ પહેરી છે ? ઊભા રહો અહીં. એ આવે તો કાઢજો હરામીને બહાર !'

ધણી કહે છે, 'એમાં કાંઈ આપણું ન ચાલે. તું એને ઓળખતી નથી. એ રાક્ષસ છે. હવે સમય થયો છે માટે જવા દે મને બહાર; નહિતર અહીં જ મને એ પૂરો કરી દેશે ! અને તું રંડાઈશ !'

એમ કહીને તે બહાર નીકળી ગયો. બાઈ તો સૂનમૂન બની ગઈ. મૂંઝાઈ ચિંતા કરે છે, 'આ શું ? આ તે કેવું ગામ...'

**વિષયરસિયાને સામાનીય દયા નથી :**

એટલામાં તો ફોજદાર આવી ગયો. બાઈ ઘણું કરગરી, પણ વ્યર્થ. વિષયમાં આંધળા બનેલા માણસોને જાતના આત્માની ચિંતા તો નથી હોતી, પરંતુ એને સામાના આત્માનું ય કાંઈ વિચારવું નથી.

વિષયરસ ભૂંડો છે, જાતે વિષના કટોરા પીવા છે અને બીજાને એ જ પાવા છે ! જાતની તો દયા નથી, પરંતુ સામાનીય દયા નથી.

**નવાબ પાસે :** ફોજદાર બળાત્કાર કરીને ગયો. સ્ત્રીને દુ:ખનો પાર નથી. ધણી ઘરમાં આવ્યો. સ્ત્રી કહે છે શું મોઢું લઈને આવ્યા ? આ એના કરતાં મને પહેલાં પૂરી કરી દેવી હતી ને ? આ મારી કેટલીય બેનોનાં શીલ લૂંટાતાં હશે ? કોઈ એ દુષ્ટને કહેનાર નથી ? નહિ હોય, પણ હું નહિ ચાલવા દઉં. ઊઠો, ઊભા થાઓ, ચાલો નવાબ પાસે.'

ધણી કહે છે, 'બેસ છાની બે...સ. કાંઈ થાય નહિ. નહિતર ખતમ થયા સમજ.'

બાઈએ જોયું કે કાયરથી કાંઈ નહિ બને. પોતે ઊઠીને નીકળી ઘરની બહાર. ધમધમી ઊઠી છે. હવે આ રહે એમ નથી એ જોઈને ધણી પણ એની પૂંઠે લાગી ચાલ્યો સાથે.

નવાબના મહેલ આગળ આવી બાઈએ મોટેથી પોક તાણી. દરવાનો દોડતા આવી કહે છે બેન, અહીં રુઓ નહિ, નવાબ સાહેબને ઊંઘમાં ખલેલ પડશે !'

પણ અહીં તો સાંભળે છે જ કોણ ? ખલેલ પાડવા–ધા નાખવા તો આવી. એણે તો ભારે કરુણ સ્વરે છાતી ફાટ રુદન ચલાવ્યે રાખ્યું. ઉંચ ઉંચ... ડચકાં લેતી જાય ને પોક તાણતી જાય. આંખમાંથી શ્રાવણ–ભાદરવો વહી રહ્યો છે. શાંત રાત્રિ, ને રાત્રિનો આ કરુણ કલ્પાંત, એના હૈયું કંપાવનારા આર્તનાદ વાતાવરણમાં રેલાઈ રહ્યા.

**દુઃખી પ્રત્યે દ્વેષ કે સહાનુભૂતિ ?**

ઢોંગ નથી આ, જાતની અને બીજાઓની પીડિત દશા ઉપરના ભારે દુઃખના સાચા કલ્પાંત છે. એ દુઃખીનાં દુઃખ જોઈને કયા આર્યનું દિલ ન પીગળે ? સામાન્ય કુળમાં જન્મેલામાં ય જો આ દયા દેખાય તો તે જોઈને ઊંચા કુળવાળાએ તો ધડો લેવો જોઈએ. કદાચ કૃપણતા હોય ને બીજાનું દુઃખ ટાળવાનો ઉપાય ન પણ કર્યો, તો ય દિલ દયાભીનું તો બનવું જ જોઈએ ને ? બીજાનાં દુઃખ પ્રત્યે સહાનુભૂતિવાળું તો થવું જ જોઈએ ને ? પૂછો હૃદયને, દુઃખી સહાય માગવા આવે, ને તમારે ખરચવા–ઘસાવવાનું પાલવતું નથી અને પેલો કરગરતો ખેંચ કરી રહ્યો છે, એ વખતે એની પ્રત્યે સહાનુભૂતિ રહે છે કે ચીડ ચડે છે ? અરે, તમારે ત્યાં નથી આવ્યો પણ તમે સાંભળ્યું કે દુઃખી માણસ તમારા કોઈ ખમતા સગાવહાલાને વળગ્યો છે, તો તે ય સાંભળીને

સહાનુભૂતિ જાગે કે દ્વેષ-અણગમો ? અહીં દિલની કસોટી થાય છે કે એ દિલ સજ્જન છે કે દુર્જન ? શિષ્ટ છે કે દુષ્ટ ?

દિલ દ્વેષ-અણગમો કરીને દુષ્ટ બનતું હોય, દુર્જન બનવા જતું હોય, તો ઝટ દિલ પર અંકુશ મૂકીને આ વિચારવું કે, '**આપણે સામાની સ્થિતિમાં મુકાયા હોઈએ તો આપણે શું કરીએ ? બીજાને કેવા કરગરીએ?** અને સામો એ વખતે ચીડ કરે, ધુત્કારે તો આપણા દિલના કેવા ટુકડા થાય ?'

દુ:ખી માણસ-ભૂલ કરનાર માણસ પર મન બગાડતાં પહેલાં આ કરો કે એના સ્થાનમાં આપણી જાતને ગોઠવી જુઓ. પછી પ્રાય: મન નહિ બગાડે. મન ન બગાડવા દેવા આ એક ઉપાય છે. **સામાના સ્થાનમાં જાતને ગોઠવી જોવાથી એના દુ:ખનું આપણને હૈયે સંવેદન થાય છે;** એની ભૂલ પર એને થતી લાચારી આપણને હૈયે સ્પર્શે છે. પછી રોષ અણગમો નહિ, સહાનુભૂતિ પ્રગટે છે.

**લોક શાબાશી એ નાલેશી :** અત્યારે આ જીવનમાંથી શું લઈ જવું છે ? શાબાશી કે નાલેશી ? રોષ, રોફ, તિરસ્કાર... એ બધું તો નાલેશી અપાવનારા છે. કદાચ મૂઢ માણસો એમાંય આપણી શાબાશી ગાય, તો પણ ભાવી આપણી આત્મદશાની દીર્ઘ પરંપરા રોષ, રોફ વગેરેવાળી બને છે અને કર્મનો જુલમ ભર્યો માર ખાનારી થાય છે, તેથી એ ખરેખર તો નાલેશી જ છે. **શાબાશી જોઈતી હોય તો દુ:ખી પ્રત્યે સહાનુભૂતિ દાખવો; ભૂલ કરનાર પ્રત્યે ભાવદયા ચિંતવો. મૂકો દ્વેષની લપ.** બહુ કરી એ. એથી જ તામસી બન્યા છીએ. હવે તો સાત્ત્વિક ઉજ્જવળ પ્રકૃતિના બનવાની ખરેખરી તક મળી છે. વળી આ એક એવો સુંદર ગુણ છે કે દેવ-ગુરુ પર એથી સાચો ભક્તિરાગ જાગે છે; કેમ કે એ દુ:ખી અને પાપી પ્રત્યે દયાળુ છે. દેવ-ગુરુના ભક્તિરાગથી સમ્યગદર્શન પ્રગટી શકે છે, વધુ નિર્મળ બની શકે છે. સમ્યગદર્શન માટે એકલી મનમાની તત્ત્વશ્રદ્ધાના ભરોસે ન રહેતા. દુ:ખી પ્રત્યે સહાનુભૂતિ અને દોષિત પ્રત્યે ભાવદયા દાખવજો.

**માનવતામાંથી પશુતામાં :**

પેલી લુવાણાની નવી પત્નીને પોતાની જેમ બીજા પીડિતની દયા આવી છે, મોટી પોક મૂકી રડે છે. નવાબ એ સાંભળી તપાસ કરાવે છે, 'કોણ આ અહીં રડી રહ્યું છે ? ખબર પડી કે આને કંઈ દુઃખ છે એટલે તરત એને ઉપર બોલાવી લે છે. આ સહાનુભૂતિ. મનને એમ નથી થતું કે, 'આ વળી કોણ અહીં ઊંઘમાં દખલ કરે છે ! કાઢો એને.' આજે માણસને ઊંઘમાં કૂતરા દખલ કરે છે માટે મારી નખાવવા છે. કેટલી ક્રૂરતા ! કેવી સ્વાર્થાંધતા ! કહે છે, 'માકણ મારો, મચ્છર મારો, માખી મારો,' બસ 'મારો મારો'ની વાતો. માનવતામાંથી પશુતા, તે પણ જંગલી પશુતા તરફ પ્રયાણ છે આ. ભૂલેચૂકે આવા ગોઝારા હિંસાવાદ અને એ હિંસાવાદીની રીતરસમ પર આકર્ષાતા નહિ. આજની કેળવણી એ આ હિંસાવાદીઓની જ રીતરસમ છે. એમાં એવાં છૂપાં પ્રગટ ઝેર પાવામાં આવે છે. હિંસાવાદી મશીનરી, હિંસાવાદી દવાઓ, હિંસાવાદી હોસ્પિટલો વગેરે કેઈ તૂત ચાલે છે. દવા–હોસ્પિટલનો કદાચ ઉપયોગ પણ કરવો પડ્યો, તો ય એનું સમર્થન કરતા નહિ.

**નવાબને રોકડો બોલ :** નવાબ બાઈને પૂછે છે, 'બેન, કેમ રડે છે ?'

બાઈ કહે છે, 'તમે જાણીને શું કરવાના ? રાજ્ય તમારું ક્યાં ચાલે છે ?'

'મારું નહિ ત્યારે કોનું ચાલે છે ?' 'ફોજદારનું.'

નવાબ ચોંકી ઊઠે છે ! પૂછે છે, 'ફોજદારનું ? હા, એ શી રીતે ?'

'તે એનું રાજ્ય ન હોત ને તમારું હોત, તો ગામની બેન–બેટીઓની ઇજ્જત લૂંટવાનું એનું ગજું હોત ? એ ફાવે તેમ અમને કનડી શકે ?'

'તે શું કર્યું એણે ?'

'કર્યું. આ હું નવી પરણીને આવેલી અને દુષ્ટે ઘરમાં આવી

બદમાશી કરી, મારું શીલ લૂંટ્યું ! સાંભળ્યું કે મારા જેવી કેઈઓને એણે સતાવી છે.'

**નવાબનો રોષ :** બસ, આ સાંભળીને નવાબ ક્યાં ઊભો રહે ? ક્રોધથી ધમધમી ઊઠ્યો ! આંખ અને મોં પર લોહી તરવરી આવ્યું. મનને થયું 'આટલી બધી એની જુલ્મગીરી ! રાજ્ય મારું કે એનું ? હું ગામનો રાજા ! આજ સુધી શું રક્ષણ કર્યું પ્રજાનું ?'

બાઈને આશ્વાસન આપતાં કહે છે, 'બેન ભૂલ્યો હું, આજ સુધી મને આની કશી ખબર ન પડી. પણ હવે ચિંતા ન કરીશ બેન ! હવે એના જુલ્મનો અંત આવ્યો સમજી લે. તેં બહુ સારું કર્યું કે અહીં આવીને મને જગાડ્યો, કર્તવ્ય સુઝાડ્યું. હવે તું જા. હું એની ખબર લઉં છું. એમ કહી સિપાઈઓને બરાબર તાકીદ આપીને એને ક્ષેમકુશળ ઘરે પહોંચાડવા મોકલ્યા.

તરત દીવાનને બોલાવી નવાબ કહે છે, 'જાઓ ફોજદારને પકડી લાવો. અબી ને અબી પકડી લાવજો હોં.'

આવા હાકેમ જેવા ફોજદારને પકડવો એટલે ? દીવાન તો સિપાઈઓનું મોટું ટોળું લઈને જાય છે. ફોજદારને આ ધાંધલની ખબર પડી ગઈ છે એટલે બંદૂક-રિવોલ્વર સાથે તૈયાર થઈને બેઠો છે. જાણે છે નવાબના મિજાજને, એટલે લડવું પડે તો લડી લેવું, પણ પકડાવું નથી. અત્યાર સુધી વિષયચિંતામાં તણાયો હતો, હવે કષાયમાં તણાયો. 'લડવું, કંઈકને ખતમ કરવા. પણ પકડાવું નહિ' એટલા દ્વેષમાં સળગી રહ્યો છે. વિષયચિંતા પાછળ બીજું શું પરિણામ આવે ? વિષયચિંતાને મગજમાં ઘાલવી એટલે કષાયોને કંકોત્રી મોકલવા જેવું છે.

દીવાન આવીને હાંક મારે છે, 'ચાલો, નવાબ સાહેબ બોલાવે છે.'

ફોજદાર કહે છે, 'હમણાં અવાય એમ નથી.'

'ના, હમણાં જ બોલાવ્યા છે.'

'નથી આવવું.'

'તો પકડીને લઈ જવા પડશે.'

પેલો રિવોલ્વર તાકી કહે છે, 'ચાલ્યા જાઓ, નહિતર ખતમ કરી નાખીશ.'

દીવાન કહે છે, 'અરે ભાઈ શા સારું આમ કરો છો ? કેટલા ને તમે ખતમ કરી શકશો ? આટલા બધાની વચમાં પકડાયા વિના રહેવાના છો ? ત્યારે એ તો જુઓ કે આ પણ તારા ભાઈઓ છે. એમને ખતમ કરવા છે તમારે ? અંતે પકડાવાના તો છો જ, માટે સીધેસીધા ચાલો.'

ફોજદાર સમજી ગયો. ચાલ્યો સાથે. એને નવાબની આગળ લઈ ગયા.

નવાબ પૂછે છે, 'કેમ વાત સાચી છે કે તમે નગરમાં અનેક સ્ત્રીઓ પર બળાત્કાર કર્યા છે ?'

**ફોજદારને સખત સજા :** ફોજદાર શું બોલે ? મોઢું કાળું પડી ગયું. નવાબ તરત સમજી ગયો, દીવાનને કહે છે, 'લઈ જાઓ આ કૂતરાને નાખો જેલમાં ! મીઠાની રાબ પાજો ને કપડાં ઉતારી એના પર જોરદાર ગેરબનના કોરડા ફટકારજો.

બસ, આ તો નવાબનો હુકમ ! લઈ ગયા એને, જેલમાં પૂર્યો, દીવાને જેલરને નવાબનો હુકમ સંભળાવી બરાબર અમલ કરવા સૂચવ્યું. અમલ શરૂ થયો. ફોજદારને માત્ર એક લુંગી લંગોટીભરરાખી મીઠાની રાબ પાવામાં આવે છે અને ખુલ્લા બદન પર ભારે કોરડા ઝીંકવામાં આવે છે ! ખારી અગર રાબ શે' પીધી જાય ? પરંતુ બીજું કાંઈ હવે ઊપજે એમ નથી. હવે ફોજદારગીરી નથી, ને આ ન પીએ તો જમના દૂત જેવા સિપાઈઓ એને પકડીને બળાત્કારે પાય છે. એ ખારાશની શરીર પર ઝણઝણાટી ઊઠે છે ! એના પર સનનન સનનન સાટકા પડે છે ! શી રીતે સહન થાય ? મોટેથી 'ઓ મા ! બાપ રે ! ઓય ઓય !'ની મોટી ચીસ પાડે છે ! 'એ... હાય હાય ! નહીં સહન

હોતા હૈં !' એમ બરાડી ઊઠે છે. પરંતુ અહીં કોણ દયા ખાય એમ છે ? નવાબનો હુકમ ! એના પાલનમાં જો કસર દેખાણી તો નવાબ જેલરના જ બાર વગાડી નાખે !

**નવાબ જાતે જેલમાં :** એક દિવસ, બે દિવસ, ચાર દિવસ, ચાલ્યું. નવાબ એક વાર તપાસ કરવા આવે છે. જુએ છે તો જેલના સળિયા પાછળ દુર્બળકાય, કરુણ દશામાં ફોજદાર ટૂંટિયું વાળી પડ્યો છે.

નવાબ જેલરને પૂછે છે, 'કયા ગેરબન નહીં લગાયે જાતે હૈ ?

'નામદાર ! લગાતે હૈં ન ?'

'ક્યા લગાતે હૈ ? લગાતે હોતે તબ ઐસા તગડા ઔર શાંત યહ બૈઠ સકતા ? ક્યા હમારા હુકમ નહીં પહિચાન સકે ? હુકમકા અપમાન ?'

**જેલરને ફટકા :**

'લાઈયે ગેરબન, દિખાઉં કૈસે લગાયા જાતા હૈ' એમ કહેતાંક નવાબે જેલરને જ બે-ચાર લગાવી દીધા ! કહે છે, 'પતા નહીં ચલતા કિ ઈસ દુષ્ટને કિતના જુલ્મ કિયા હૈ ?'

ગેરબન લઈને નવાબ અંદર જાય છે. પેલો મરવા પડેલા મુડદાલ કૂતરાની જેમ પડ્યો હતો તે તો આ જોઈને ચોંકી જ ઊઠ્યો, 'હાય ! આ વળી કેવાક ગેરબન ઠોકશે !' તે ઊઠીને સીધો નવાબના ચરણે પડી કાલાવાલા કરવા આવ્યો પરંતુ ત્યાં તો નવાબે એને પગના લોખંડી બૂટથી એવી તો લાત લગાવી કે પેલો જાય ગુલાંટ ખાતો ખાતો દૂર ! નવાબે કડક શબ્દમાં હુકમ કર્યો એને 'ખડા હો જા બીચમેં ! હાથોંકી અદબ લગા દે !'

કેદીનું અહીં ક્યાં બીજું ચાલે એમ હતું ? પગની લાતને શરીરે ચમચમ થાય છે, પણ ચોળવા અવસર નથી. ખુલ્લો ઊભો રહ્યો અને એના પર નવાબે ગેરબનના ભયંકર ફટકા કૂદીકૂદીને ઝીંકવા માંડ્યા.

એક, બે, ત્રણ... સનનન સનનન પડી રહ્યા છે ! પેલો ચીસાચીસ પાડે છે, 'અરે સાબ ! માફ કીજીયે, સહન નહીં હોતા હૈ.'

નવાબ કહે છે, 'અબી માફી ચાહતા હૈ ? પહેલો લોગો કો રંજાડતે સમય માફી યાદ નહીં આયા ? કોઈ દયા નહીં આઈ ? મૈં તેરે સિર પર બૈઠા થા ઈતના ભી લક્ષમેં નહીં રહા ? લે' એમ કહેતાંક ખૂબ ગુસ્સે થઈ કૂદી કૂદીને એને પોતાના લોખંડી હાથે પૂરા જોરથી સાટકા લગાવે છે.

પછી જેલરને ભલામણ કરતો જાય છે કે, 'ખબરદાર કુછ કસર રખી તો ? અબ ઐસે ફટકારના.'

ચાલ્યું, હવે તો ઔર જોશમાં કામ ચાલ્યું. પેલાને તો લાયો ઊઠે છે ! જીવ જતો નથી. ને આ સહન થતું નથી. એમાં પાછી પરોઢિયે ચાર વાગે ઠંડીમાં ખુલ્લા બદન પર જે સટાક-સટાક પડે છે, એની તો અપરંપાર વેદના ઊઠે છે. એ વખતે નજર સામે પૂર્વના રાત્રિના ખેલ ખડાં થતાં આ કારમી સજાના દરદ આગળ એ રંગ કાંઈ વિસાતમાં નથી લાગતા, તુચ્છ લાગે છે. મનને થાય છે કે, 'હાય હાય ! આ મેં શું કર્યું ? ક્યાં હું દુરાચારમાં ચઢ્યો ? ક્યાં બિચારી નિર્દોષ સ્ત્રીઓને મેં પજવી ? શું રાખ સુખ મળ્યું ? આ દુઃખ સહ્યું જાતું નથી. મીઠાની રાબ પી પીને તરવરી ઊઠેલી ચામડી પર આ ચામડાના ગેરબનના ફટકા, એના સોળ ઊઠે છે ! એના પર પાછા નવા સાટકા ઝીંકાય છે !'

ફોજદારને કલ્પાંતનો પાર નથી. ભયંકર માર, શરીરે ઊઠેલા સોળ પર ફેર ફટકા, એટલે ? અંગે આગ ઊઠે છે. એમ કરતાં સાવ હાડપિંજર જેવો થઈ જાય છે. એટલે નવાબ દીવાનને બોલાવી કહે છે, 'એને ઇસ્પિતાલમાં મોકલાવી સાજો કરો. ત્યાં ય કબજામાં રાખજો ભાગી ન જાય. પછી ઠીક થાય એટલે પાછો જેલમાં લઈ જઈ એ જ સજા ફટકાર્યે રાખજો.'

**ફરી સાજો કરાઈ સજા : બસ, હુકમ પ્રમાણે અમલ !**

ફોજદારને દવાદારૂથી સાજો કરવામાં આવ્યો અને પાછો જેલ ભેગો કરાયો. એ જ પૂર્વના પ્રમાણે મીઠાની રાબ અને ગેરબનના જોરદાર ફટકા શરૂ થઈ ગયા. કેમ સહ્યું જાય એ ? કહે છે ને કે સહવાની ય હદ હોય છે. પરંતુ અહીં તો સહન ન કરે તો જાય ક્યાં ? નવાબની ભારે કડકાઈ છે એટલે કચકચાઈને સાટકા લગાવવામાં આવે છે ! એક ચાબકો જોરથી લાગતાં સોળ ઊઠી આવે, ત્યારે ઉપરાપર પડે ત્યાં શું પૂછવાનું ? ચામડીની કઈ દશા ? પાછા એના પર બીજા પ્રહાર ચાલુ જ છે. વેદના એટલી બધી અસહ્ય છે કે એને 'મરી જાઉં' એમ થાય છે, પણ મરે શી રીતે ? કોઈ ઝેર આપનાર નથી, કૂવો-હવાડો પૂરાય એવા, કે છરો ખાઈ મરે એવા સંયોગ નથી, માર સહાતો છે નહિ, 'બાપ રે બાપ,' ને 'મરી ગયો રે'ની કારમી કરુણ ચીસો પડે છે. છતાં એને નહિ ગણકારીને અહીં સાટકા લગાવવાનું છે !

**પાપ કરતાં ગુમાન-આંધળિયાં-નફટાઈ :**

હવે પશ્ચાત્તાપ તો ઘણો છે. પરંતુ શું થાય. વિષયાંધતામાં પહેલાં પાછું વાળીને જોયું નહિ, માતેલા સાંઢની જેમ ફાવે ત્યાં કૂદ્યો, ફાવે તેટલું કૂદ્યો, એ વખતે તો 'હમકો કૌન પૂછનેવાલા હૈ ? ઈસસે ક્યા હોનેવાલા હૈ ?' એમ આંધળિયા કર્યાં હતાં. હવે આજે અસહ્ય માર ખાઈ રહ્યો છે ! દુનિયામાં આવા કેટલાય જીવો છે જેને પાપ કરતી વખતે નિર્ભીક્તા છે, 'એમને કોણ પૂછનાર છે ?' એવું ગુમાન છે, 'આથી શું થવાનું છે ?' એવાં આંધળિયાં છે, કોઈ શિખામણ આપે કે, 'ભાઈ રે ! આ પાપનાં ફળ ભોગવ્યા નહિ જાય એવા આવશે,' ત્યારે 'આવશે તો જોઈ લઈશું,' અગર 'જે કાળે બનવું હશે તે બનશે,' એવી નફટાઈ હોય છે. ત્યાં વિચાર નથી કે ધોરી નસ પર એક ફોલ્લી થઈ, નાનું ગુમડું થયું, પાકી ફૂટતું નથી ને ખેંચાય છે ત્યારે 'ઓય ઓય' થાય છે, જરાક એક દાઢ-દાંતનું અંદરથી કળતર ઊપડે તો અસહ્ય બને છે, તો પછી પાપના ફળરૂપે આવનાર અસીમ દુઃખો શ્યે વેઠ્યા જાય ?

પણ આ ગુમાન, અંધાપો અને નફટાઈ શાથી ? એક માત્ર વિષયલંપટતાને લીધે. એની પાછળ જીવ વિષયચિંતાઓ કરી કરી એને દૃઢ કરે છે. આત્મભાન સાવ ભૂલે છે. વિષય લગનીની પાછળ માનવજીવન ધૂળધાણી કરે છે. નવાબ એક વાર ફરી હાજરી લેવા આવે છે. ફોજદારને એ જમરાજ જેવો દેખાતાં જ રાડ પાડી જાય છે. પરંતુ ત્યાં નવાબને દયા નથી, એને તો એનાં પૂર્વનાં દુષ્ટ કૃત્યો યાદ આવી વધુ ગુસ્સો ચઢે છે. જેલરને કહે છે, 'લગાઓ સાલેકું.'

કોરડા વીંઝાવા માંડ્યા; સનસન સનનન... ઝીંકાય છે.

પેલો કરુણ આક્રંદથી કહે છે, 'ભાઈસાબ ! માફ... પરવરદિગાર ! ફિર કભી નહીં કરું ઐસા... અરરર ! મર ગયા મૈં.' નવાબને અહીં કોઈ દયા નથી. ખતમ જેવો થાય ત્યારે દવાદારૂ અને સાજો થતાં સાટકા.

શિયાળાની રાતે કડકડતી ઠંડીમાં એ માર પર ઊઠતી કારમી ચીસો વાતાવરણમાં ગાજી ઊઠે છે. નગરમાં લોકોને પણ હવે કમકમી છૂટે છે. ફોજદારનો બાપ નવાબનો ખાસદાર છે. એ છોકરા માટે અરજ અદા કરવા જાય છે ત્યાં નવાબ તડૂકે છે, 'ચૂપ કરો, તુમારે ભી જાના હૈ વહાં ? લડકેકો દુષ્ટ કૃત્યસે રોકને કો ગયે થે ? અભી યહાં મુઝે રોકના ચાહતે હો ? ખબરદાર ! કભી કુછ બોલે તો ?' ખલાસ હંમેશ માટે ચૂપ કરી દીધો એને.

પણ પેલાની કારમી ચીસો કેમ સાંભળી જાય ? બાપે જઈને મહાજનને વિનંતી કરી, 'નામદારને સમજાવી દયા કરાવો.'

મહાજનને પણ કરુણા આવી ગઈ હતી. જઈને નવાબને વિનંતી કરી.

'નામદાર ! રાજ્ય અને પ્રજાની ખરેખરી રક્ષા કરી રહ્યા છો. નગરમાં હાક વાગે છે, કોઈની મજાલ નથી કે ચોરી-છિનાળી કરી શકે. એમાં ય ફોજદારની સજા જોઈને તો દુષ્ટોની દુષ્ટતા જાણે

દિલમાંથી ય નીકળી ગઈ છે. હવે આપ નામદારને એક નમ્ર અરજ છે કે ફોજદારને સજા બંધ કરાવો. અમારા પોચા બૈરા અને છોકરા એની કરુણ ચીસો અને આક્રંદ સાંભળી કકળી ઊઠે છે. તો હવે મહેરબાની કરો.' નવાબ કહે છે, 'છોડું તો ખરો, પણ પછીની એની સારી ચાલની જવાબદારી લો છો ?'

શું કહે ? હા શી રીતે કહેવાય ? માણસના હૃદયની ખબર પડે છે કે આજે સીધો તે કાલે વાંકો નહિ થાય ? આપણાં જ હૃદયને તપાસોને કે ગુરુનો ઉપદેશ સાંભળી, યા સારું ધાર્મિક વાંચન કે કોઈ મજેની સિદ્ધગિરિયાત્રા કરી સીધું બનેલું એ હૈયું પાછું વાંકું થયું છે કે નહિ ? લાલચ દેખાઈ એટલી જ વારે હૈયું કૂદ્યું છે કે નહિ ? એટલે મહાજન 'હા' શી રીતે કહે ? ત્યારે 'ના' પણ કહે શું વળે ? મૂંઝાયા, શું કહેવું ? બે ડાહ્યા માણસો કહે છે, 'નામદાર આવા નરકાગારનાં દુઃખ જોયા પછી હવે એ વાંકો ચાલે ? શંકા જ શી ? આપ એને અમારી સમક્ષ બોલાવો, મહેર કરો.'

બોલાવ્યો એને. મહાજન પૂછે છે, 'કેમ છૂટવું છે ?'

પેલો કહે છે, 'હા માબાપ !'

'પણ પછી કેવા ચાલશો ? જાણો છો ને કે નામદાર સાહેબ કોણ છે ?'

'જાણું છું. સારો ચાલીશ, મરીશ પણ ખોટાં કામ નહિ કરું.'

નવાબે છોડી મૂક્યો એને. એણે પછી તો નાની દુકાન કરી. પણ કહે છે કે કોઈ પણ નાની છોકરીય માલ લેવા જાય ત્યારે એના મોંઢા સામે જોવાની વાત નહિ, નીચી મૂંડીએ સોદો પતાવે એટલી બધી એને એક આંખનાય દુરાચારની નફરત થઈ ગઈ.

**વિષયચિંતાના અનર્થ :** વિષયચિંતા ભૂંડી છે, જીવની લેશ્યા બગાડે છે, ભાનભૂલા કરે છે, ઉત્તમ આત્મોત્ક્રાન્તિના માર્ગ રૂંધે છે, ઉન્નતિના ઉપાયની અવગણના કરાવે છે. વિષયચિંતાથી તો સગા

સગામાં સ્નેહ તૂટે છે. છોકરા પત્નીને ખુશ કરવા બાપથી જુદો રહે છે ! ભાઈ-ભાઈથી અલગ થાય છે. વિષયચિંતાની ઘેલછામાં વડીલની છાયા નથી ગમતી, કેમ કે મોહના યથેચ્છ ચાળા કરવા છે. કેટલીકવાર તો વિષયચિંતાના રસિયા ધર્મ-પ્રવૃત્તિ વખતે પણ એ જ ચિંતામાં ફસાઈ પડે છે. એને જુવાન બાઈઓ સાથે ધર્મક્રિયા કરવી ગમે છે. વ્યાખ્યાન સભામાં એમની સાથે બેસવું ગમે છે. પછી વારે વારે આંખો ત્યાં ભટકી આવે છે. વિષયચિંતાની મોંકાણ જબરી છે. ખરેખર ડાહ્યા માણસો એથી બચે છે, પરંતુ ગાંડાઓનું તો મોત જ થાય છે. ભાવપ્રાણનો નાશ થાય છે. વિષયચિંતાના અનર્થનો પાર નથી.

## વિષય ચિંતાનો વિચિત્ર અંધાપો – શ્રેષ્ઠિપુત્રની કથા

સંસારનું મૂળ કષાયો, પણ એને ઊભા થવાનું સ્થાન કામગુણો, ઇન્દ્રિયોના વિષયો. વિષયો ખાતર જીવ કષાય કરે છે. સારા રૂપ-રંગવાળી ચીજ ગમે છે માટે એ લાવવા લોભ કરે છે. માયા કરે છે અને એ મળવા ઉપર અભિમાન કરે છે ! સારા-નરસા વિષયોને લઈને રાગ-દ્વેષ કરે છે. વિષયોના અવલંબને કષાયો; એની પાછળ હિંસાદિ પાપો અને કર્મબંધન, એના ઉપર સંસારમાં પરિભ્રમણ આ ક્રમ છે. માટે વિષયો એ સંસારની જડ છે.

**ઉપદેશમાલામાં કહે છે** 'અહો ! આ વિષયો જગતમાં ન હોત તો જીવ કેવો સુખી હોત ! શા સારૂ એ હિંસાદિ પાપો અને ક્રોધાદિ કષાયો કરત જ ?' માણસ કીર્તિ, યશ માટે મરી પડે છે ત્યાં પણ કાનને સારા જશવાદના શબ્દ સાંભળવાનો રસ છે, આંખને પોતાનાં માન-સન્માન થાય એ જોવાનો ઉમળકો છે. એટલે એ ય ઇન્દ્રિયનો વિષય છે.

વિષયની આસક્તિમાં તણાયો જીવ પાપ કરે છે, કષાય કરે છે અને ભવ કેદ લંબાવે છે. માટે એ વિષયના સુખોની ચિંતા ભૂંડી છે.

**વિષયચિંતાનો વિચિત્ર અંધાપો :**

વિષયચિંતા, કામચિંતા જીવને દેખાતો છતાં આંધળો બનાવે છે. અંધ તે પાછો એવો કે જાતિ-અંધથી ચઢી જાય એવો ! આંખે અંધ તો વસ્તુ હોય એ ન દેખે; પણ આ વિષયાંધ, કામાંધ એની વિષય-ચિંતામાં જે ન હોય તે દેખે છે. રસ્તામાં તળાવ આવ્યું પણ આંધળાએ દેખ્યું નહિ તો તરસ્યો રહ્યો એટલું જ, વળી આગળ કોઈ દયાળુ મળે તો પાણી ભેગો થાય પણ ખરો. પરંતુ રણમાં ઝાંઝવાનાં નીર ખરેખર પાણી નથી છતાં હરણિયાં ભર ઉનાળે એમાં પાણી હોવાનું જોઈ દોડે છે. પાણી ત્યાં મળતું નથી એટલે આગળ દોડે છે, પણ ક્યાં ? પાછા જ્યાં પાણી નથી એવાં ઝાંઝવાનાં નીર તરફ ! પરિણામે રખડી-રખડીને તરસ્યા ને તરસ્યા રણમાં શેકાઈ મરી પ્રાણ ગુમાવે છે ! આ નથી તે જોવાનું પરિણામ. જૂઠ જલદર્શન ન કર્યું હોત તો કદાચ વહેલો ન મરત.

બસ, વિષયાંધોની આ સ્થિતિ છે. જ્યાં વિષયોમાં સુખ નથી, પ્રેમ પાત્રોમાં પ્રેમ નથી, ત્યાં સુખનાં અને પ્રેમનાં સાચાં દર્શન કરે છે. એમાં ને એમાં કામચિંતા કરી કરી અંતે ખતમ થાય છે. કેટલાક વળી આ જીવનમાં જ બરબાદી દેખે છે. કેમ કે જ્યાં વિશ્વાસભંગ થાય એમ હતો ત્યાં વિશ્વસનીયતા દેખી એના પર વિશ્વાસ કરે છે, દુ:ખના ઢગલા કરે છે ત્યાં સુખ દેખી એની પાછળ દોડે છે.

**વિષયરંગથી અહીં થતી બરબાદીનું દૃષ્ટાંત જુઓ :**

યુગાદિદેશનામાં એક કથા મૂકી છે. શેઠનો છોકરો વરઘોડો લઈ એક શેઠની કન્યાને પરણવા આવે છે. અહીં બન્યું એવું કે એક બીજો શ્રેષ્ઠિપુત્ર આ કન્યામાં મોહિત થયેલો તે લા'વલશ્કર લઈ ત્યાં આવી પહોંચ્યો અને અડ્ડો નાખીને બેઠો કે, 'કન્યા મને જ પરણાવવી પડશે.' ધાંધલ થઈ પડી.

કન્યાનો બાપ મૂંઝાયો, 'શું કરવું ?' એ સમજાવે છે પણ પેલો સમજતો જ નથી. થાકીને બાપે રાજાને જઈને આ હકીકત કહી. રાજાના મનને થયું કે, 'એવી તે કન્યા વળી કેવી હશે કે આ ધાંધલ થઈ ?' એટલે પોતે શેઠને કહે છે,

'ચાલો હું આવું છું.'

રાજાની શેઠના ઘેર પધરામણી થઈ. શેઠ કન્યાને લાવીને રાજાના પગે પાડે છે અને કહે છે, 'મહારાજ ! આ મારી કન્યા પાછળ આ બીજો દીવાનો બની ધાંધલ માંડી બેઠો છે.'

**રાજા દીવાનો બન્યો :**

પણ પેલો શું દીવાનો બને ! રાજા પોતે કન્યાનું અપ્સરા જેવું રૂપ જોઈ દીવાનો બન્યો. એના મનને થયું કે, 'આ તો મારી પટરાણી કરવા જેવી છે. પણ હવે એ મળે શી રીતે ?' ચિંતામાં પડ્યો.

જુઓ વિષયચિંતા પ્રજાના પાલક ગણાતા રાજાને ય ક્યાં તાણી જાય છે ! રાજા આત્મભાન ભૂલ્યો; કર્તવ્ય વિસાર્યું, શેઠ જાણે રાજા ઝઘડો મિટાવવા માર્ગ ચિંતવે છે, પણ એ કન્યા કેમ પોતાને જ મળે એની ચિંતામાં પડ્યો છે. વિષયોની ચિંતા, વિષયોની કાળજી અને એની તાલાવેલીભરી વિચારણા જીવને મૂઢ બનાવી દે છે.

રાજા મનમાં માર્ગ નક્કી કરી શેઠને કહે છે, 'જુઓ હમણાં મારું માથું દુખે છે તેથી તોડ કાઢવો મુશ્કેલ છે. એટલે હમણાં તો ઉમેદવારોને રવાના કરો. લગ્ન બંધ રાખો અને પછી હું ઠેકાણું પાડી આપીશ.

શેઠને પસંદ તો નહિ, એને તો લગ્ન પતાવવું હતું, પરંતુ શું કરે ? રાજાની વાત વધાવી લેવી પડી. બંનેને કહી દીધું, 'હમણાં ઘરે પધારો, મહારાજાના કહેવાથી લગ્ન બંધ રાખ્યાં છે !'

પહેલા શ્રેષ્ઠિપુત્રના મનને ઘણું દુઃખ થયું, પરંતુ પરિસ્થિતિ જોઈ એને પાછું જવું પડ્યું. બીજા નાગાને તો પલાળવાનું શું ને નિચોવવાનું શું ? એ ય ઘરે સિધાવ્યો.

અહીં જુઓ કન્યા એક છે, પણ ત્રણ જણા એની સામે તાકી રહ્યા છે. વિષયરસ શું કામ કરે છે ! પણ રાજાની શિરજોરી છે, એટલે બેનું શું ચાલે ? છતાં રાજા ઘણો હોશિયાર છે. એમ કન્યાને ઉપાડે એવો નથી, લોકમાં આબરૂભેર જીવવું છે ને ? એણે પ્રધાનને બોલાવ્યો અને સમજાવીને કહ્યું,

'આ શેઠની કન્યાનું ચોકઠું ગોઠવાય તો ગોઠવી લાવો.'

**રાજાની પેરવી :** બસ હવે આ વિષયની ચિંતા ભારે જામી પડી છે. 'કન્યા કેમ મળે, ક્યારે મળે, કેવી સરસ !...' આ લગની લાગી છે. દીવાન તો ચિઠ્ઠીનો ચાકર, તે કહે છે,

'મહારાજ ! જેવો હુકમ ! આપ ફિકર ન કરો, ગોઠવી લાવું છું.'

કહીને દીવાન ગયો શેઠને ત્યાં. શેઠ સ્વાગત કરે છે, 'પધારો પધારો', શિષ્ટાચાર કરી હાથ જોડી પૂછે છે.

'ફરમાવો મારા યોગ્ય સેવા.'

દીવાન કહે છે, 'આ તમારી કન્યા માટે રગડો મોટો છે. મહારાજા મૂંઝાઈ ગયા છે કે ઉકેલ કેમ લાવવો ? પણ મને એક રસ્તો સૂઝે છે.'

'હા, ફરમાવો શો રસ્તો છે ?'

'રસ્તો મને એમ લાગે છે કે આ તમારી કન્યા મહારાજા સાથે જ પરણાવી દેવી. પછી કોઈને બોલવાનું રહે નહિ. અલબત્ત આ અંગે મહારાજાનો વિચાર લેવો પડે.'

'અરે દીવાનસાહેબ ! આમાં અમારું શું ગજું ? અમે વણિક કોમના. મહારાજાને તો મોટા રાજકુળની રાજકુમારીઓ મળે. અમારાથી અમારી કન્યા માટે શી રીતે કહેવાય ?'

'તે ફિકર ન કરો, તમારી મરજી થતી હોય તો હું પ્રયત્ન કરી જોઉં.'

મંત્રી હોશિયાર છે, રાજાને ગરજ છે, રાજા માગણી કરે છે એવું દેખાડવું નથી. ઊલટું શેઠ પર અહેસાન ચઢે એવું ઊભું કરે છે ! શેઠ

પણ એવો જ વિચાર કરે છે કે, 'વાહ દીવાનજી ! આવું કામ કરી આપતા હોય તો તો સોનાથી પીળું શું ? આપણી કન્યા રાજરાણી થાય એવાં ભાગ્ય ક્યાંથી ?' તરત કહે છે,

'તો તો કરોને ભાઈસાહેબ પ્રયત્ન ! એ બની આવે તો રૂડું રૂપાળું.'

થયું, મંત્રી રાજાને ગમતું નક્કી કરાવીને ઊપડ્યો રાજા પાસે અને ખુશાલીના સમચાર આપ્યા. રાજા ખુશ થઈ ગયો. મંત્રીએ શેઠને હા કહેવરાવી દીધી.

શેઠ, મંત્રી અને રાજા કેવા પોતપોતાના તાનમાં છે ! બધું વિષયચિંતાના પાયા પર. ન્યાય ચૂકવવાનું ભૂલી રાજા માયામાં તણાયો અને એના પર મંત્રીએ તાલંબાજી કરી એ રાજાની વિષયચિંતા તૃપ્ત કરવા માટે. શેઠે અગાઈ કરેલ જમાઈને વહેતો મૂક્યો એ કન્યાની વિષયસુખની ચિંતા ખાતર. વિષયચિંતાએ એ બધાને લપેટામાં લીધા. તાત્ત્વિક દૃષ્ટિએ જુઓ કે આમાં આત્માનું ભલું ક્યાં થઈ રહ્યું છે ? હજી આગળ જુઓ વિષયચિંતા કેવું નિકંદન કાઢે છે !

રાજા સાથે કન્યાનાં લગ્ન થઈ ગયાં. એ રાજરાણી બની બેસી ગઈ. પરંતુ પેલો મૂળ શ્રેષ્ઠિપુત્ર એને ભૂલી શકતો નથી. એને તો જબ્બર આઘાત લાગી ગયો કે 'હાય ! આ શું થઈ ગયું ? આને રાજા ઉપાડી ગયો ? બસ એના વિના જીવન ધૂળ છે.' મનમાં ને મનમાં સલવાય છે, ભારે કલ્પાંત કરે છે, રાત ને દિવસ એના જ વિચાર આવે છે. 'હવે શું કરવું ?' એ શોધ્યા કરે છે.

**વિષયવાસનાનો અગ્નિ :**

જીવ અનંતા કાળમાં અનંતી સ્ત્રીઓ જોઈ આવ્યો છતાં તૃપ્તિ ક્યાં છે ? વિરામ ક્યાં છે ? કામભોગની લગનીનો અગ્નિ એમ બુઝાતો નથી, ઊલટો સતેજ રહે છે. ગીતા પણ કહે છે, 'न जातु कामः कामानाम् उपभोगेन शाम्यति' વિષયસુખની વાસના એના ભોગવટાથી શાંત થતી નથી. લાકડાં હોમ્યે જવાથી અગ્નિ શાંત પડી

ગયો જાણ્યો છે ? અનંત કાળથી આ સ્થિતિ ચાલી આવી છે, છતાં હજી પણ જીવને એમ થતું નથી કે હવે તો આને તર્પણ ન કરું. એ જ જૂનો પુરાણો રદ્દી કચરાપટ્ટી વિષય સેવા–સ્પર્શ–રૂપ–રસ–ગંધ–શબ્દનો રસ હજીય છોડવો નથી. પરિણામ એ આઘો જાય પાછો જાય, પણ એ વિષય રસનો માર્યો વિષયચિંતાથી ઓતપ્રોત રહે છે. કેવી દુર્દશા ! મંદિરમાં જશે મંદિરમાં; તો ય ત્યાં એ નહિ વિચારે કે, 'આ બહુ ઊંચા શિલ્પવાળી પ્રતિમા. પેલી નહિ.' શું કર્યું આ ? ભગવાનનાં દર્શન કરવાના, ત્યાં પણ રૂપ, દેખાવરૂપી વિષયને આગળ કર્યો. ટકા માપ્યા. એમાં એવું પણ બને છે કે પછી સામાન્ય શિલ્પ ઉપર સૂક્ષ્મ પણ અભાવ થાય છે ! અને એ સૂગ જાણ્યે–અજાણ્યે ઠેઠ પરમાત્મા પર પહોંચી જાય છે, પછી ભલેને 'આ મૂર્તિ સારી, આ સારી નહિ' એમ મૂર્તિને જ ઉદ્દેશીને વિચારતો હોય પરંતુ એ મૂર્તિ ભગવાન તો ખરા ને ? **જિનપડિમા જિનસારિખી.** માટે ભૂલેચૂકે વિષયચિંતાને મૂર્તિ ઉપર લઈ જવા જેવી નથી. વિષયના રસ પર અંકુશ મુકાય તો વિષયચિંતા પર અંકુશ આવે.

શેઠનો છોકરો ભારી વિષયચિંતામાં મગ્ન થઈ ગયો છે, 'કન્યા રાજા ઊઠાવી ગયો, હવે શું કરવું ? એ મારા પર પ્રેમવાળી તો હતી જ પણ આ એના બાપે ઊંધું માર્યું, કહીં ના દે રાજાને કે નહિ બને !...' ખોટી નિષ્ફળ વિચારણામાં અટવાઈ રહ્યો છે.

**વિષયચિંતા એક ભૂતડી છે, મગજમાં ઘાલી એટલી વાર ! મનને કૂદાકૂદ કરાવે છે.** એક તરંગથી બીજા તરંગ પર, ને બીજાથી ત્રીજા પર. વળવાનું કાંઈ નહિ, **'સાપ ખાય ને મુખડું થોથું.'** સાપે માણસને ડંખ માર્યો ત્યાં લોક કહે છે સાપે એને ખાધો, તો ખાય તો તો મોંમાં કાંઈ આવે, પણ અહીં સાપના મોંઢામાં શું આવ્યું ? કાંઈ જ નહિ. મુખડું થોથું, ખાલી. એમ ચિત્ત ઘણાય તરંગ કર્યા પણ સરવાળે હાથમાં શું ?

**શ્રેષ્ઠિપુત્ર મહેલમાં :** શ્રેષ્ઠિપુત્ર વિહ્વળ થઈ ગયો, રહેવાયું નહિ, નક્કી કરેછે કે એક વાર રાણીને મળવું તો ખરું જ. પણ ત્યાં તો ચોકી પહેરા ! શી રીતે જવાય ? એણે સાહસ કર્યું, ગામ બહાર જઈ એકાંતમાં સ્ત્રીનો વેશ પહેર્યો અને ઊપડ્યો રાજમહેલ તરફ. મહેલની નીચે આવી ગયો. સિપાઈને કહે છે,

'રાણી મારી સખી છે, એને મળવું છે.'

સિપાઈ લઈ ગયો ઉપર, રાણી એને જોતાં ઓળખી ગઈ, સિપાઈને પાછો વાળ્યો અને પૂછે છે, 'આ શું ?'

આ કહે છે, 'શું તે તું નથી જાણતી ? મરી રહ્યો છું તારા વિના અને તું અહીં નિરાંતે બેઠી છે ! ક્યાં ગયો તારો પ્રેમ ?'

રાણી કહે છે, 'પ્રેમ તો બધોય ખરો, પણ હું સ્વાધીન થોડી જ હતી ? બાપે કર્યું ત્યાં મારું શું ચાલે ?'

આ કહે છે, 'તો પછી મારે શું મરવું ?'

'મરવું શા માટે ? સો વરસ જીવો.'

'શી રીતે જીવે ? મારા પ્રાણ જેવી તું ગયા પછી જીવતર ક્યાં રહ્યું ?'

'હવે મને ભૂલી જાઓ, બીજી કોઈ મારી બેનને મારી જગા આપો.'

'અપાય ? આ તે કાંઈ જડ વસ્તુની જરૂર છે કે રોટલીને બદલે રોટલાથી ચલાવું ? આ તો જીવની સાથે સંબંધ છે. તારે ઠીક છે તું મને ભૂલી શકે મારાથી કેમ ભૂલાય ? તારા વિના તો દિલમાં આગ સળગી રહી છે. હવે તો મને ઝેર દઈ દે.'

**લાગણીના ઊભરાનું પરિણામ :**

રાણીને પૂર્વ પ્રેમ તો હતો જ, આના ગદ્ગદ શબ્દોએ એને વિહ્વળ કરી મૂકી; લાગણીનો ઊભરો છૂટ્યો. માણસ આમ જ મરે છે. અનુચિત સ્થાને લાગણી ઊભરાવાથી અનર્થ ઊભો થાય છે. વળી અહીં પાછું એકાંત છે, શું બાકી રહે ! પરસ્ત્રી–પરપુરુષનાં એકાંત

મિલન ખોટાં; તેમ પ્રેમની લાગણી ભરી વાતો ખોટી, એ તો સ્થૂલભદ્ર કોક કે કોશા વેશ્યાના એકાંતમાં લાગણીભર્યા બોલ પર જરાય લહેવાય નહિ, સીતા જેવી મહાસતીઓ કોક કે એકાંતમાં પરપુરુષના લાગણીભર્યા કાલાવાલા પર સહેજ પણ પીગળે નહિ. બાકી તો આજે સાંભળવા મળે છે તેમ અંતરમાં પહેલાં તો કોઈ ખોટા માર્ગે જવાની બુદ્ધિ નહિ; છતાં વિજાતીયના લાગણીભર્યા બોલ અને ઓશિયાળા દેખાવ પર કુમાર્ગે પતન થાય છે. નહિ જેવા નિમિત્તમાં પટકાઈ જાય છે અને એ પતન એવું કે વર્ષોનાં ઝેરના નશા !

અરણિક મુનિ ગોચરીએ નીકળ્યા છે, ધૂમ ધોમ તાપમાં. માર્ગમાં છાયામાં ઊભા. ઉપરથી કોઈ પતિ વિહોણી સ્ત્રીએ લટકાળી આંખે જોયા. મુનિની એના પર નજર પડી અને વધારામાં એના ઘરમાં ગોચરીએ ગયા. ત્યાં એના મોહમય લાગણીભર્યા બોલ સાંભળ્યા; બસ, પડ્યા ! એવા પડ્યા કે ત્યાં જ એના ધણી થઈ બેસી ગયા ! ક્યાં બાલ્યવયથી ચારિત્ર, વર્ષોનું પાલન અને ક્યાં આ ક્ષણના ખેલમાં બધું સાફ ! જરાક શો પ્રસંગ, લાગણીભરી દૃષ્ટિ અને વાણીનો સંપર્ક ! વર્ષોનું ચારિત્ર લૂંટાયું !

એ તો જો એના મોહક કટાક્ષ વખતે જ ન જોયું હોત, અગર સહજ પડેલ આંખ ખેંચી લીધી હોત, બીજા કોઈ તત્ત્વ-વિચારમાં ચઢી ગયા હોત તો બચાત. પરંતુ ના, એ તો જોતાં જ વિષયચિંતામાં ચઢ્યા. હવે મન કેમ ન બગડે ? પછી એમાં ઉછાળો કેમ ન આવે ?

**આ બધું ધ્યાનમાં રાખો કે વિષયચિંતા મનમાં ઘાલી એટલે ખોટો વિચાર ઘાલ્યો, એ શેતાન છે. મનને તોફાને ચઢાવે છે અને કેઈ પાપ કરાવે છે.**

શ્રેષ્ઠિપુત્રના ગદ્ગદ ઓશિયાળાભર્યા અને પૂર્વપ્રેમના ઉત્તેજન બોલ પર રાણી લાગણીશીલ થઈ ગઈ. સરખે સરખા મળ્યા. ઉત્સાહી બન્યા પછી તો વિષયની અનુકૂળતા થતાં વિષયચિંતાએ મગજનો

કબજો લીધો. ઘરે ગયા પછી મુખ્ય વિચાર આનો રહે છે, મન આનંદ અનુભવે છે, અનુમોદન કરે છે કે કેવો સરસ સંયોગ મળ્યો ! રાણીએ સારો પ્રેમ દેખાડ્યો; અને આટલેથી અટકતો નથી. હવે ફરીથી પાછો એ મોકો ક્યારે મળે એની ઊલટભરી વિચારણામાં રહે છે.

શ્રેષ્ઠિપુત્ર વિષયચિંતામાં ચડ્યો છે, પાછો અવસર કાઢી રાણી પાસે જાય છે અને રાણી એને વધાવે છે ! બેયને ભાવીનો કોઈ વિચાર નથી.

**વિષયચિંતા માણસને પાગલ બનાવે છે, અંધ બનાવે છે, વસ્તુસ્થિતિનાં દર્શન બંધ કરાવી સ્વપ્નની દુનિયા દેખાડે છે; સ્વપ્નની એટલા માટે કે પછી કાંઈ રહેવાનું નથી.**

અહીં જુઓ કે શ્રેષ્ઠિપુત્રનું પાપ કેટલું ચાલે ? પાપનો ઘડો ફૂટે છે. એક વારનો પ્રસંગ છે, ભાઈ સાહેબ પેઠા છે અંતેપુરમાં અને અચાનક રાજા ત્યાં આવી જાય છે. રાજા મહેલની ઉપર ગયો, જુએ છે બારણું બંધ છે. વહેમાય છે 'શું હશે ?' બારણું ટકોરવાને બદલે ચિરાડમાંથી અંદર જુએ છે તો કોઈ નવો આદમી અને રાણી બે ખેલી રહ્યાં દેખાય છે. જોઈને ચોંકી ઊઠ્યો ! ભારે ગુસ્સો ચઢ્યો તરત પાછો વળી ધીમે પગલે નીચે ઊતરી ગયો.

દરવાનને પૂછે છે, 'ઉપર કોણ ગયું છે ?'

'મહારાજ ! ઉપર તો રાણી સાહેબની એક સખી ગઈ છે, બીજું કોઈ નહિ.'

રાજા મનમાં સમજી ગયો કે, 'એ લુચ્ચો સ્ત્રીના વેશે ગયો લાગે છે. ફિકર નહિ.'

ફરી પૂછે છે, 'કેટલા દિવસથી એ આવે છે ?'

'દિવસ તો ઘણા.'

'એમ ? ઠીક, હવે તમે આજે એ નીચે ઊતરે એટલે દરબારમાં લઈ આવજો. જુઓ એમાં જરાય ભૂલ ન થાય.'

શ્રેષ્ઠિપુત્રનું આવી બન્યું :

કહીને રાજા ગયો દરબારમાં. અહીં પેલો પાછો સ્ત્રીના વેશે નીચે ઊતર્યો એટલે તરત જ દરવાન કહે છે, 'ઊભા રહો, ચાલો મહારાજા પાસે. તમને બોલાવ્યા છે.'

આ ગભરાયો કહે છે, 'મારું શું કામ છે એમને ?'

'કામ-બામ અમે જાણતા નથી. કહી ગયા છે કે એમને મારી પાસે લઈ આવજો.'

બસ ખલાસ ! સમજી ગયો કે, 'રાજા અહીં આવી ગયો લાગે છે. કદાચ એને ખબર પડી ગઈ હોય. હાય ! હવે શું થશે ?' છાતી ધબડક ધબડક ધડકવા લાગી, શરીર કંપવા લાગ્યું, ટાંટિયા ધ્રૂજે છે; 'પણ હજી કાંઈ બચાય છે ?' એ આશામાં કહે છે.

'પણ હમણાં મારે કામ છે પછી મળીશ.'

દરવાન કહે છે, 'ના, હમણાં જ આવવું પડશે.'

'પરંતુ મારે નથી આવવું.'

'તો અમે પકડીને લઈ જશું માટે સીધેસીધા ચાલો.'

હવે ? જોયું કે 'તાણાતાણમાં આબરૂ જશે. માટે સીધેસીધા જવું. પરંતુ ત્યાં પોલ ઉઘાડી પડશે તો ? હાય ! આ તો રાજા, આ ભયંકર ગુનાની કેવીય સજા કરે ?' સજાના વિચારથી ધ્રૂજી ઊઠે છે ! આંખ સામે લાલપીળાં ખડાં થઈ જાય છે ! પાપ કરતાં રાચ્યો-માચ્યો છે એ યાદ કરતાં અતિશય કમકમી ઊઠી આવે છે. મનને થાય છે કે, 'આ ક્યા હું ઉન્માદે ચઢ્યો ? ઘેર શું દુ:ખ હતું ? હે ભગવાન મારું શું થશે ?...'

વિષય એ વિષયચિંતામાં ચડેલા પામર પ્રાણીને એ વખતે સૂઝતું નથી કે આનાં કટુ પરિણામ કેવાં આવશે, પણ પરિણામ આવીને ઊભાં રહેતાં સંતાપનો પાર નથી રહેતો !

દરવાન કહે છે, 'ઊભા શું રહ્યા છો ? ચાલો છો કે તાણીએ ?'

ક્યાં જાય ? ચાલવું પડ્યું. દરબાર વચ્ચે રાજાની સામે ઊભા રહેવું પડ્યું. દરવાનોએ હવાલો આપ્યો.

રાજા પૂછે છે, 'કોણ છો ?'

આ કહે છે, 'હું મહારાણીની સખી છું.'

'સખી છો કે સખા ?'

'મહારાજ ! સખી છું.'

'એમ ?' કહેતાં રાજાએ સિપાઈને હુકમ કર્યો, 'આનાં કપડાં ઉતારો.'

આ સાંભળીને શ્રેષ્ઠિપુત્રને ધ્રુજારી વ્યાપી જાય છે. 'મર્યો' એમ લાગે છે. એમ થાય છે કે જાણે ધરતી માર્ગ આપે તો અંદર ઊતરી જાઉં. પરંતુ એ તો જીવના ફાંફા છે. **વિષયચિંતાથી કરેલા કુદરતના સામના ઉપર કુદરત હવે શાની છોડે ?**

પૂછો ને કે, '**વિષયચિંતામાં કુદરતનો સામનો શો ?**

સામનો આ, કે અનુકૂળ-પ્રતિકૂળ મળવા-ટળવાનું તો પરિમિત પુણ્ય-પાપની કુદરતના ગણિત પ્રમાણે થાય છે. પરંતુ એના પર એ ગણિત્તને ઓળંગીને આઘા પાછા ચિંતન કરવા એ કુદરતનો સામનો કરવા જેવું છે.

દા.ત. ગણિત બંધાયું કે શેર પાણીમાં બે આની ભાર મીઠું જોઈએ, હવે જો એમાં અધોળ-અઢી તોલા ભાર જેટલું નાખે તો ? ખારું અગર ! વાલ ભર ૯ તોલાના ત્રીસમાં ભાગ જેટલું નાખે તો ? ફીકું ફસ ! ગણિતના ઉલ્લંઘને સ્વાદનો સામનો.

એમ અહીં ગણિત બંધાયું છે. આટલા પુણ્યે આટલી જ વિષયાનુકૂળતા મળવાની જ, ને આટલા પાપે આટલી પ્રતિકૂળતા મળવાની જ. હવે

(૧) જો મનમાં લોચા વાળે કે, 'બસ, કેમ આ પ્રતિકૂળ બન્યું ? ફલાણાએ મારું બગાડી નાખ્યું. એ મહાલુચ્ચો,' એ કુદરતનો સામનો છે, એથી ફોગટ પાપના થોક ઉપાર્જે છે; જે ઉદયમાં આવતાં જીવને ત્રાસ ત્રાસ ઊભો થાય છે.

(૨) એમાં વળી 'બસ આ પ્રતિકૂળતા સામે આમ કરું, ને તેમ કરું; આવા આવા ઇલાજ લઉં' એમ કહી ઊંધા વેતરણ કરવા જાય છે તો એ કુદરતનો સામનો કર્યો. પરિણામે વધુ માર ખાય છે ! ત્યારે, આવી કોઈ વિષયચિંતા ન રાખી તો કેટલું બધું બચી જવાય ?

માનતા નહિ કે સીધી લાઇને ચાલવા જતાં, યાને ન્યાય, નીતિ, ધૈર્ય, સહિષ્ણુતા, ઉદારતા વગેરેથી જીવન જીવવા જતાં બધું બગડી જ જાય છે, ને એથી ઊલટા વર્તતાં સઘળું સુધરી જાય છે.' આવું માનતા કરતા નહિ. આ ભ્રમણા છે.

**ઊંધા વર્તતાં પુણ્ય વધતું નથી, ને પાપ ઘટતું નથી.** કેઈ માણસો એમ પછાડ ખાઈ ગયા ! સાવ ખતમ થઈ ગયા ! જુઓ સટોડિયાના હાલ ! જુઓ ખોટા સાહસના કરુણ અંજામ ! માટે એવી ખોટી મહેનત નકામી છે.

**વિષયચિંતા એ ખોટી મહેનત છે.** મળ્યું, ભોગવી લીધું, એ જુદી વસ્તુ છે અને એ વિષયની ભારે ચિંતા, ચોંટ, કાળજી, હાય-વોય વગેરે કર્યું એ ખતરનાક છે. મનને દૂબળું કરનારું છે, અઢળક પાપના પૂંજ ઊભા કરનારું છે.

વિષયચિંતામાં ઘસડાયેલો શ્રેષ્ઠિપુત્ર અહીં આવીને ઊભો છે. ભરદરબારે એનાં કપડાં ઉતારી લેવાય છે ! દ્રૌપદીનાં ચીર ખેચાયાં, પરંતુ સતીત્વના પ્રભાવે અંદર પૂરાતાં ગયાં. અહીં ક્યાં છે પૂરાવાનું ? પલકમાં કપડાં ઊતરાઈ જતાં ભરદરબારે નાગો ટાટ ઊભો !

રાજા કહે છે, 'કેમ ? સખી કે સખો ? આ હરામખોરી ? બદમાશ ! હવે એનું ફળ દેખાડું છું.'

**વિષયરસની ભયંકર સજા :** રાજા ગુસ્સે થઈને તરત મંત્રીને હુકમ કરે છે, 'લઈ જાઓ આ પાપીને, આંખો ફોડી નખાવો, નાક કાપી નખાવો, જીભ કટાવી નાખો અને એના શરીરની ચામડી ઉઝરડાવી નાખો, એના શરીર પર કડકડતા લૂણ-મરચાંનાં પાણી

છંટાવો.' આ સાંભળી સભામાં સણસણાટી વ્યાપી ગઈ ! વિષયરસની અહીં જ કેવી ભયંકર સજા ! સૌનાં હૈયાં કમકમી ઊઠ્યાં ! ભલે ગુનો મોટો છે, પરંતુ ફાંસી દીધી હોત તો લોકને એટલું ન લાગત, જેટલું આ સજા જોઈ લાગે છે ! પણ કોઈની હિંમત નથી કે અત્યારે એની વકીલાત કરવા આગળ આવી રાજાને વિનવી શકે.

ક્રૂર કર્મના જ્યારે ઉદય જાગે છે ત્યારે સગો બાપ કે સગી મા પણ બચાવી શકતી નથી. કોઈ ઘોર અકસ્માત કે રોગની જાલિમ વેદના ઊઠે છે તે વખતે જુઓ છો ને કે કોઈ સગું-સ્નેહી બચાવી શકે છે ?

**નજર જેવી લાય :**

વિષય ચિંતાના નાદે ચઢેલા શ્રેષ્ઠિપુત્રને ઘોર સજા ફરમાવાઈ. હવે ચંડાળ ખટાક ખંજર ભોંકી એની આંખો ફોડી નાંખે છે ! આ રાડ પાડી ઊઠે છે, ત્યાં મોઢું પહોળું કરી જીભ બહાર કઢાવી છરાથી તટાક કાપી નાખે છે ! ગળામાંથી 'ઓ ઓ'નો આર્તનાદ નીકળી પડે છે ! પણ અહીં કોને દયા છે ? પેલો છરાથી ખટ કરતાંકને નાક કાપી નાખે છે ! પછી ચાકુથી કેરી છાલકાં કાઢી ઉઝરડે, એની જેમ એના અંગ પરથી ચરડ ચરડ ચામડી ઉઝરડે છે ! કેટલી કારમી વેદના !! જીવતો છે, મરી નથી ગયો હોં. જીવતા જીવે સહેજ છોલાય છે તો રાડ પાડી જાય છે; સિસકારો છૂટી જાય છે ત્યારે અહીં તો ઉપરથી નીચે સુધી અને સહેજ નહિ, ખાસી ભરી ચામડી તરરડ તરરડ ખેંચી ખેંચી ઉખેડી નાખે છે ! લોહીલુહાણ થઈ રહ્યો છે, માંસના લોચા દેખાતા જાય છે, પરંતુ અંગ પર ક્યાંય ચામડી બાકી રાખવાની નથી ! જીવ જતો નથી ને જાણે નરકની વેદનાના ત્રાસ ભોગવવાના આવ્યા છે ! અંદર તો એથી લાય-લાય ઊઠી છે, પરંતુ હજી બાકી છે તે છોલેલા આખા શરીર પર ગરમા ગરમ લૂણ-મરચાનાં પાણી છાંટવામાં આવે છે ! કેટલો જુલમ ! કેટલો ત્રાસ ! કેવી કારમી વેદનાની લાયો ! મોત આવવું નથી ને આ જ્વલન વેઠ્યું જાય એવું નથી.

આ વેદના સાંભળતાં કમકમી થાય છે, તો પછી ભોગવતાં શું શું થાય ? અને અહીંની આવી વેદનાઓ ભોગવતાં ભયંકર ત્રાસ, તો પછી આના કરતાં અનંત ગુણી નરકની વેદનાઓ ભોગવતાં કેટલો ત્રાસ ? ત્યારે અહીં કોઈ તેવી તીવ્ર સજા ભોગવી લીધી તેટલા માત્રથી હવે આગળ નરકની વેદના નથી જ આવતી એવું નથી, આવે પણ છે. ત્યાં પામર જીવની દુર્દશા વિચારો

વિષયચિંતામાં તણાયેલા શ્રેષ્ઠિપુત્રના અંતે બેહાલ થયા.

## ધનના લોભે દુર્ગતિ – વણિકનું દૃષ્ટાંત

**વણિકનું સાપ થવાનું દૃષ્ટાંત :**

એક વણિક પાસે ધન સારું હતું, પરંતુ કૃપણ તે ન તો ખાવામાં બહુ ખરચે કે ન દેવામાં સમજેલો. એમાં એવું બન્યું કે ગામમાં ચોરીઓ થવા લાગી, આને ભય પેઠો કે કદાચ મારે ત્યાં ય ચોર આવે તો ? ત્યારે ધન દાટી રાખું, પણ ચોર આવીને મને મારવા લાગે તો મારે બચવા માટે ધન કાઢી આપવું પડે. ત્યારે શું કરવું ?

**બે જાતના દાગીના–પાટ :**

એણે એક વિચાર ગોઠવી, એ પ્રમાણે એક બાજુ લે તો પિત્તળના દાગીના અને પિત્તળની પાટો કરાવી; સોને રસાવ્યા, ને એને પત્થરની પેટીમાં ભરી પેટી ઘરમાં ગુપ્ત જગ્યાએ દાટી રાખી. બીજી બાજુએ એણે ઘરમાં ટાંકું ખોદાવ્યું. ટાંકું એક મથોડું ઊંડું, એમાં પત્થરની ચોકી બનાવી. એના ઉપરના ભાગમાં ટાંકાની દીવાલમાં એક પત્થરની પેટી બેસાડી. જેથી જરૂર પડ્યે ટાંકાના ભારવટિયા પર લોખંડનું શીકું લટકાવી એમાં ઊભો રહીને પેલી પેટી ખોલી શકે. પેટીમાં હીરા–માણેક–સોનું વગેરે ધન ભર્યું, બસ, પછી નિશ્ચિંત બની ગયો.

પેલા વણિકને એવું બન્યું કે એક વાર ઘરમાં ચોર આવ્યા.

રાતનો સમય છે; ચોરોએ આવતાવેંત વાણિયાને જગાડી સામે છરો-પિસ્તોલ દેખાડીને કહ્યું, 'ધન બતાવ નહિતર આ છરાથી કરપીણ રીતે કાપી નાખશું; ને જો બૂમ મારવા ગયો છે તો આ પિસ્તોલથી ગોળીએ મારશું.'

વણિક ચાલાક છે, તરત હાથ જોડે છે, 'ભાઈસાહબ ! મારી પાસે શું છે ? આ કબાટમાં ખાવા જેટલા થોડાઘણા પૈસા છે. માફ કરો, એટલા મારે ખાવા રહેવા દો. આ તમે લઈ જશો તો કુટુંબ ભૂખે મરશે.'

ચોરો કહે, 'હરામી !' એમ કહી બનાવે છે અમને ? અમે સાંભળ્યું છે તારી પાસે ઘણું ધન છે, કાઢ કાઢ નહિતર આ કપાઈ ગયો સમજ.'

તોય વાણિયો કરગરે છે, ગરીબડાપણું દેખાડે છે. માબાપ કહે છે. લોભ શું ન કરાવે ? શું ન બોલાવે ?

પેલો વણિક ધનની બહુ મમતામાં ગરીબડો થઈ ચોરોને કહે છે, 'ભાઈસાબ ! મારી પાસે કાંઈ નથી. કબાટમાં થોડી ખાધા ખરચી છે એ તમે લઈ જશો તો મારું કુટુંબ ભૂખે મરશે. માટે મને માફ કરો. તમે જાઓ !'

પણ ચોરો છોડે ? હવે તો છરો ઉગામી કહી જ દે છે, લે ત્યારે ધન નથી બતાવવું ? આ છરો પેટમાં ઘુસ્યો સમજ ને જરા ચૂં કર્યું છે તો આ પિસ્તોલમાંથી તારા મોંઢા પરને છાતી પર ફટાફટ ગોળીઓ છૂટી જાણજે.'

ત્યાં વાણિયો ચેતી જઈ કહે છે, 'તો લ્યો ભાઈ-સાબ ! ધન દેખાડું. ચાલો મારી સાથે અંદરના ઓરડામાં. પણ જરાક મારા પર દયા કરજો ભાઈસાબ ! થોડુંક એમાંથી મારે ખાવા રહેવા દેજો.'

ચોરો કહે, 'ચાલ તો ખરો, પહેલાં કાઢ કેટલું છે ?'

'ઓરડામાં લઈ જઈ વાણિયે દાટેલી પેલી બનાવટી દાગીનાની પેટી કાઢી. બધું ખોલી બતાવ્યું. દીવાના અજવાળામાં ચકમકાટ સોનાનાં

દાગીના અને પાટો જોઈ ચોરો મલક્યા કહે છે, 'માળો જબરો. નાક દાબ્યા વિના મોં ન ઊઘડે. ચાલ મૂકી દે બધું.'

વાણિયો રોવા જેવો થઈ પગે પડી કહે છે ભાઈસાબ ! થોડું મારા માટે રહેવા દો. હું તમારી ગાય છું; તમારો બંદો છું. મારા પર એટલી દયા કરો.'

**ભગવાન આગળ શું રૂઓ :**

ભગવાન આગળ આવું કરગરેલા ખરા ? હા, પૈસા ગયા હોય, દેવાળું નીકળે એમ હોય, કે બીજી કોઈ એવી આપદા આવી હોય, તો તો કદાચ પ્રભુને કરગર્યા હશો, પરંતુ આત્મામાં એવા કોઈ ભારે કષાય કોઈ ક્રોધ, કોઈ લોભ, કે કોઈ ભારે રસરાગ કામરાગ થઈ ગયો અને ક્ષમા–નિસ્પૃહાદિ આત્મધન લૂંટાઈ ગયું, તો પ્રભુની આગળ કરગરેલા ખરા ?

વાણિયો બહુ કરગર્યો એટલે એક બે દાગીના રહેવા દઈ બાકીનું બધું ઉપાડી ચોરોએ અવાજ ન કરવાની ધમકી આપી ચાલતી પકડી.

**ચોરો સોનું વેચવા જાય છે :**

વણિક શું કામ અવાજ કરે ? એ તો મનમાં ખુશ–ખુશ થઈ ગયો કે 'હાશ ! આ પિત્તળનું બનાવી રાખ્યું દાટ્યું હતું તો એ દાવ સફળ થઈ ગયો. ચાલો લાખોનું ધન બચી ગયું. આ આનંદ હોય પછી સુકૃત શાનું સૂઝે ? મનને શાનું એમ થાય કે, 'ચાલો, ધન બચ્યું છે એ સુકૃત કમાવવા, તો હવે સુકૃત કરતો રહું ?' એને તો ધન બચ્યાનો આનંદ હતો એટલે પેલા ટાંકાવાળી ઓરડીમાં અવરનવર જઈ ઓરડી બંધ કરી અંદર શીકું લટકાવી એના પર બેસી ધન બધું ટાંકાની દીવાલની અંદરની પેટીમાં જોઈ ખુશી અનુભવે છે.

અહીં એવું બન્યું કે ચોરોએ ધન ઘરે જઈ દાબી રાખ્યું. પણ સમય જતાં જરૂર પડી તે એમાંથી પાટ લઈ બજારમાં વેચવા ગયા. ત્યાં પાટ પર ચોકસીની છીણી પડતાં જ ખાસું, પિત્તળ જ નીકળ્યું. કહે છે, 'અલ્યા ! ઠગવા હાલી નીકળ્યા છો ?'

ચોરો કહે, 'અરે ભાઈ સા'બ ! આ તો ત્યારે અમે ઠગાયા. અમે થોડું સસ્તામાં દેખી લલચાયા, તે તપાસ્યા વિના જ આ પાટ વેચાતી લઈ રાખેલી. હાય ! ત્યારે અમારે નહાઈ નાખવાનું ?' ચોકશી કહે, 'તમે જાણો, જાઓ જવા દઉં છું, નહિતર પોલીસ જ બોલાવું.'

ચોરો ત્યાંથી છૂટ્યા, પણ વહેમાયા કે ત્યારે બીજા પણ દાગીના આવા કાં ન હોય ? તે સીધા ભઠ્ઠી કરી ગાળી નાંખે છે. શું નીકળ્યું ? પિત્તળ, જે અંદરમાં હોય તે જ નીકળેને ? ઉપરથી સોનાનો ઢોળ ને સોનાનો ચળકાટ ગમે તેટલો હોય પણ અંદર જે હતું એ જ બહાર આવે ને ?

બસ, સંસારનું આવું જ છે. સંસાર ઉપરથી ગમે તેટલો રૂડોરૂપાળો દેખાતો હોય ને, પણ અંતે તો એનું અંદરનું રોવરાવનારું સ્વરૂપ જ ખુલ્લું થાય. પૈસા કહો, પરિવાર કહો, માન-પાન કહો, બધોય સંસાર એવો જ. દેખાવનો રુડો પણ પરિણામે કૂડો. જીવને ભવોભવ ભટકાવનારો.

ચોરોને જ્યાં દગો દેખાયો એટલે કલ્પી લે છે કે, 'ત્યારે તો વાણિયાએ આપણને ઠગ્યા. માળાએ સાચું ધન બીજે રાખી આ નકલી ઠગવા માટે જ દાટી રાખ્યું હશે તો લાવો હવે ફરી ધાડ પાડીએ એને ત્યાં.'

બસ, ચોરો ફરીથી લાગ સાધી રાત્રે ઘરમાં પેઠા. વાણિયાને જગાડી કહે છે, 'કેમ બચ્ચાજી ! તે દિવસે ઠગ્યા અમને ? લાવ, હવે સાચું ધન બતાવ, નહિતર માર્યા વિના નહિ છોડીએ.'

વણિકે ઘણું ઘણું સમજાવ્યા કે મારી પાસે કાંઈ નથી આ તો નકલી દાગીના એટલા માટે રાખેલા કે હું રહ્યો આમ તો ગરીબ, પણ છોકરા નાતમાં મંડાય શી રીતે ? તે પ્રસંગે ઘરવાળી આ દાગીના પહેરી બહાર નીકળે તો લોક જાણે કે આની પાસે માલ છે; એટલે કન્યા દેવા આવે. પણ તમે તો મારું એય નકલી ધન લઈ ગયા. હવે

હું શું કરીશ ? મારી પાસે હવે કાંઈ રહ્યું નહિ, હાય ! મારા છોકરા શી રીતે મંડાશે ? ઓ...'

પેલા કહે, 'ચાળા રહેવા દે, કાઢ ધન.'

આ કહે, 'લો તમારે તપાસવું હોય તો આખું ઘર બતાવી દઉં.'

કેવી સફાઈબંધ વાત કરે છે ? પૈસા કમાવવા, પૈસા બચાવવા જૂઠનો હિસાબ ખરો કે આટલું જ જૂઠ બોલાય ? અગર જૂઠ ન બોલાય ? સંસારમાં ક્યારે કેવા પ્રસંગ આવે એની શી ખબર ? એ વખતે એવા પ્રસંગે કેવાં કરેલાં જૂઠાણાં ચલાવવા પડે ?

**સંસાર માંડવાનો અને માથે લેવાનો એટલે આ સમજી જ રાખવાનું ને કે અવસરને વશ થઈ આવાં જૂઠનાં પાપ પણ આચરવા પડશે ?**

હજી આગળ જુઓ આટલાં પાપથી જાતે ય પતે એવું નથી. ચોરો વણિકની વાત શાના માને ? કેમ પેલો કરગરે કાકલુદી કરે તો ય એમને દયા શાની ? એ તો કહે છે, 'હરામી ! ચાળા કરે છે ? ધન નથી બતાવવું ? ત્યારે લે આ છરાનો ઘા' એમ કહી છરો ઉગામ્યો.

વણિક ગભરાયો કે, 'હવે તો મર્યો ! પરંતુ પાછો વિચારે છે કે હવે આ લોકો આટલા દુષ્ટ છે તો હું જ એમને પૂરા કરી દઉં.' તરત હાથ જોડી કહે છે, 'ભાઈસાબ ! મારશો નહિ. જીવન કરતાં ધન કયું કિંમતી છે તે એને સાચવી રાખવા મરું ? ચાલો બતાવું. પણ જોજો ભાઈસાબ ! બધું ન લઈ લેતા–થોડું મારા માટે રહેવા દેજો. એટલી ગરીબ પર દયા કરજો.'

પેલાય પિસ્તોલ અને છરાની અણી એની સામે ધરી રાખી એની પાછળ પાછળ જાય છે; ત્યારે આ વિચારે છે કે, 'હવે જે છેલ્લો ઉપાય કરી રાખ્યો છે તે લઈને આ લોકોને ઠેકાણે પાડી દઉં છું.

**ચોરોની દુર્દશા :**

પેલો વણિક ધનના લોભ ખાતર ચોરોનો ઘાટ ઘડી નાખવાની બુદ્ધિએ પહોંચ્યો. એ ચોરોને લઈ ચાલ્યો ટાંકા પાસે. કહે છે, 'જુઓ,

ભાઈસાબ ! આ ટાંકામાં ધન રાખ્યું છે. તે હું લઈને બહાર આવું છું; અને તમારે સાથે આવવું હોય તો આવો મારી પાછળ.'

ચોરો ગભરાયા, 'રખે અંદર ઉતારી શું કરે ?' તેથી કહે તું જ અંદરથી લઈને જલ્દી બહાર આવા. પણ જોજે હોં જરાય ઠગબાજી કરી છે તો જીવતો નહિ રહે.'

વણિકે ટાંકાના ઉપર દોરડું બાંધી દોરડાના આધારે નીચે ઊતર્યો એણે પહેલેથી એવી ગોઠવણ રાખી હતી કે ટાંકામાં નીચે બે માથોડા ઊંડી ટાંકીના ઉપરના ભાગે ટાંકાની દીવાલમાં બેસવાની જગા રાખેલી; તે ત્યાં જઈ બેસી રહ્યો.

વાર લાગી તેથી ચોર ઉપરથી પૂછે, 'કેમ કેટલી વાર ?'

આ કહે, 'પેટી બહુ ભારે છે, ઉપડતી નથી, તમે કોક નીચે આવો ને ઉપડાવો.'

લોભવશ એક ચોર દોરડે નીચે ઉતરે છે ત્યાં એના પગ પકડી વાણિયો કહે બસ આવી જાઓ. જુઓ અહીં શિલા પર પગ મૂકી દો.' પેલાએ ભરોસે દોરડું છોડી દેતાં વાણિયે એને ટાંકીમાં ઊંધો ધકેલ્યો. પછી બીજાને કહે, 'જરા તમે ય આવો ને, પથ્થરની પેટી બરાબર ઊપડે. બીજોય લોભ અને વિશ્વાસમાં ઊતર્યો એને ય પાણીમાં ધકેલ્યો. પછી પોતે બહાર આવી છૂટકારાનો દમ ખેંચે છે કે, 'હાશ ! આજ બંને લુચ્ચાઓને ઠેકાણે પાડી દીધા, હવે નિરાંત. નહિતર મારું કેટલું બધું ધન ! આ લુચ્ચાઓ લઈ જ જાત ને ? હવે માલ બરાબર સચવાઈ ગયો અને આ લુચ્ચાઓની હંમેશની બલા ટળી ! થોડું પાપ તો લાગ્યું પણ નહિતર તો હું જ મરી જાત કે મારું ધન જ લૂંટાઈ જાત ! ત્યારે આટલું કર્યા વિના થોડા જ જીવી શકીએ ?'

મહાપાપ કરવા છતાં પસ્તાવાને બદલે એ અનુમોદના કરી રહ્યો છે. આને મૂળ ક્યાં જોવું છે કે મૂળમાં આ ધન જ કેવું ગોઝારું કે મને આટલી બધી કુબુદ્ધિમાં લઈ ગયું ? કેટલું ગોઝારું કે મને આ ઘોર માનવ હત્યાના પાપમાં તાણ્યો.

ધન તો આજે નહિ ને કાલે મૂકીને જવું પડશે. પણ પાપ સાથે લાગશે, નરકાદિ ગતિમાં એના વિપાક રૂપે ભયંકર દુ:ખ ભોગવવાનાં આવશે ત્યારે મારો કોણ બેલી ? એ દુ:ખો શે વેઠાશે ? હું કેવો પાપી ? આ વિચાર એ પામર કૃપણને નહિ, તે પાપ કરીને પાછો અનુમોદી રહ્યો છે ! પણ જીવન કેટલું ચાલે ? ગમે તેટલી કુબુદ્ધિ કરે પણ થોડો જ મરતો અટકાવે ? આયુ પૂર્ણ થયે મર્યો અને ત્યાં જ સર્પ થયો. આજુબાજુનું દૃશ્ય દેખી ઉહાપોહ થતાં પૂર્વ જન્મનું સ્મરણ થયું અને ટાંકામાં ગુપ્ત રાખેલા ધનની મૂર્છા જાગી. તેની આસપાસ ચોકી કરે છે કે રખે ને કોઈ ધન લઈ ન જાય. કેવી ગોઝારી ધન મૂર્છા ! પણ એણે જે ગાઢ ધન મૂર્છા કરી હતી એના સંસ્કાર એવા જામેલા કે એ જ અહીં જાગીને પાછી ધનની મૂર્છા જ કરાવે છે. પૂર્વના કુસંસ્કારો જાતિસ્મરણ છતાં મૂઢ બનાવે છે. બસ, સાપના અવતારે મનુષ્ય જન્મની યાદ આવવા છતાં ધર્મને કશો યાદ કરવાનો નહિ, ને ધનની મમતા જ કર્યા કરવાની, આ એનું જીવન બની ગયું; તે ચોકી એવી પાકી કરે છે કે કોઈ ધન લઈ ન જાય. એમાં ય માનવ હોશિયારી યાદ આવી છે એટલે ત્યાં જો કોઈ આવ્યું ગયું તો કલ્પનામાં ચડે છે કે, 'લઈ તો નહિ જાય ?' ઝટ ફૂંફાડો દેખાડી ભગાડે છે અને તરત પોતે ગુપ્ત ભાગમાં છુપાઈ જાય છે ! બેઠો બેઠો મનમાં એના જ વિચારે ચડે છે કે 'લઈ શું જાય ? મારી જ નાખું.'

**ધનના લોભે સાપ અને નરક :**

ધનનો લોભ ધનની મૂર્છા માનવ-અવતારે ગાઢ કર્યા કરી, તો અહીં સાપના અવતારે હવે એ જ ફાલેફૂલે છે, જીવનને ઘેરી લે છે. જીવનભરની એ મૂર્છા અને કાળી લેશ્યા તથા રૌદ્રધ્યાનમાં ભવાંતરના આયુષ્ય કર્મના બંધ વખતે એ જ લેશ્યા અને રૌદ્રધ્યાન હોવાથી એણે નરકનું આયુષ્ય બાંધ્યું, ને અહીં પણ કોક માથાફરેલના સપાટામાં આવ્યો તે ડાંગથી કુટાઈ કુટાઈને ખત્મ થયો અંતે મરીને નરકમાં ચાલ્યો ગયો.

ધનનો લોભ કરતી વખતે વિચાર કરો કે, 'પરભવની ક્યાંની ટિકિટ કઢાવવી છે ? હું કેવા પરભવની તૈયારી કરી રહ્યો છું ? આવો વિચાર રહે ખરો ? આમાં મરીને સાપ વગેરે થનારનાં દૃષ્ટાંત નજર સામે રાખો...

## મળેલું ધન મારું નહિ, આદીશ્વરદાદાનું – મારવાડી યુવાનની કથા

**મારવાડી ભાઈ :**

સંભળાય છે, એક મારવાડી ભાઈ સિદ્ધગિરિની યાત્રાએ અખાત્રીજના પારણા પર આવ્યો; સાથે એની બુઢ્ઢી માને લાવ્યો હતો. ડોશી બહુ તપસ્વી હતી. વર્ષીતપ હતો, ઉપર અઠ્ઠાઈ કરેલી ! કાયા ઓગળી ગઈ હતી. એનું ગિરિરાજ પર ચઢવાનું ગજું નહોતું. ડોલીવાળા આવ્યા. મારવાડીએ ભાવ ડોળીનો પૂછ્યો. ડોળીવાળાએ દશ રૂપિયા કહ્યા. મારવાડીએ પાંચ કહ્યા. ડોળીવાળાએ નવ કહ્યા, હશે 'આઠ.' પણ મારવાડી પાંચથી આગળ ન વધ્યો એટલે એ સોદો ન થયો.

એની કાયા હતી લઠ્ઠ જેવી. ડોશીને કહ્યું, 'માડી ! આવી જા ખભા પર !' ડોશીને ખભે બેસાડી માંડ્યો ચઢવા; ચાલવાનું આવ્યું ત્યાં ડોશી ચાલી. એમ કરતાં પહોંચી ગયો ઉપર.

મારવાડી શું કૃપણ ? ના, ઉપર જઈને માને કહે છે, 'તારી જે ઇચ્છા હોય તે બોલ.' ડોશીએ ભગવાનના પહેલા પખાળની ઇચ્છા જણાવી. આજે મોટો દિવસ, મોટા મોટા શેઠ શાહુકારો આવ્યા હતા. એમાં આણે મોટી ઉછામણીનો ચઢાવો બોલી, ડોશીને પહેલો પખાલ કરાવ્યો ! ઉપર દાદાની ખૂબ ભક્તિ કરી, પૂજારીઓને ખુશ કર્યા અને નીચે ઊતરીને કહ્યું, 'આજ આપણા તરફથી નોકારશી.' રૂપિયા દશ હજાર ખરચાયા ! ડોળીવાળા જોઈ રહ્યા; પાંચ રૂપિયાથી આગળ

ન વધનારાએ દશ હજાર ખરચ્યા ! ડોળીવાળાએ પાંચ રૂપિયા ન વધવા માટે પૂછતાં એણે એમને કહ્યું : 'એ રૂપિયા મારા નહોતા. મારા આદીશ્વરદાદાના હતા, તે એમના જ ખોળે જાય ને ?' ધન મારું નહિ, મારા ભગવાનનું. જૈન એટલે ? એને મળેલું જિનનું હોય.

**તમારે ત્યાં પરમાત્માનું કાંઈ છે ? કાયા ? ધન ?**

દીકરો ? કાંઈ નહિ ? કૈંક સુખી માણસો ફરિયાદ કરે છે : 'ગામમાં દેરાસર નથી !' ઘરમાં રાખને ! જગ્યાં ક્યાં ? બંગલો છે, એમાં જગ્યા નથી ? પાંચ લાખની આસામી શું એને કોડ ન થાય કે – આખા ઘરમાં તો પરમાત્મા નહિ પણ ખૂણેય નહિ ? છતી શક્તિએ જે ઘરમાં પરમાત્માનો વાસ નહિ, એ તે ઘર છે ? એ મરીને ભૂતની યોનિમાં કેમ ન જાય ? એ જ ઘરનું ભૂત ! એ ઘર ભૂતિયું ઘર થાય ! ભૂતબૂત કાંઈ ન માનનારાને આજે એવા ભૂતોએ લમણામાં ચખાડેલ છે, તમારું ઘરનું કેસરે ય પરમાત્માનું છે ? ના ! પોતાની વાટકી કેસરની ભરાણી હોય, ડબ્બીમાં કેસર હોય, બાજુમાં કોઈ એકલું સુખડ ઘસીને જતો હોય, 'લ્યો ભાઈ ! વાપરો કેસર. એ પ્રભુનું જ છે, ચઢાવો પ્રભુને, સાથે શું બાંધી જવું છે ?' જેટલું પ્રભુચરણે ગયું એ જ તારશે. બાકી તો મારનારું છે.' આ કહેવાની જિગર છે ? કહેવાની જિગર નથી. થોડું કેસર ય પરમાત્માનું નથી. મારવાડીના પોતાના રૂા. પાંચ ! અને રૂા. દશ હજાર દાદાના હતા ! પરમાત્મા ભક્તિ, એના માર્ગની સાધનોની ભક્તિ, એના સંઘની ભક્તિ, ઉપરાંત બીજાનાં સુકૃત્યોની પેટ ભરીને અનુમોદના, આ તમામ જીવનને એવું મસ્ત બનાવે છે કે અંતપર્યંત સુવાસ આવે.

**આપણી દરેક વસ્તુ ઉપર પરમાત્માનું લેબલ :**

પણ આ ક્યારે બનવાનું છે ? આપણને મળેલું, આપણા કબજાનું એ ખરેખર આપણું નહિ પણ પરમાત્માનું માન્યું હોય, હૈયે લખી રાખ્યું હોય ત્યારે. જ્યાં આપણી ગણાતી વસ્તુ પર નજર પડે, ત્યાં

જાણે ઉપર લેબલ વંચાય 'આ પરમાત્માનું છે.' હસી કાઢવાની આ વાત નથી, બહુ મહત્ત્વની અને જૈનપણું ઉજાળવા, સફળ કરવા માટેની અતિ જરૂરી બાબત છે.

## સુકૃતના સેવનનો આનંદ યાને દાનવીર જગડુશા – જગતના તાત

કચ્છ દેશના દાનવીર જગડુશાને જાણો છો ને ? અનાજના કોઠાર પોતાના, છતાં ઉપર તકતી બીજાના નામની ચઢાવેલી ! ચૌદમી સદીની આ વાત છે. કચ્છનો એ મોટો વેપારી. કોઈ મહાત્માએ એક વાર એને કહ્યું, 'જગડુશા !... પાપની લક્ષ્મી લેખે લગાડવાનો અવસર આવી લાગ્યો છે.'

જગડુશા હાથ જોડી પૂછે છે, 'બાપુ, શી રીતે ?'

મહાત્મા કહે છે, 'બચ્ચા ! ત્રણ વરસ લાગટ દુકાળ પડવાનો છે ! ગરીબો શું, મોટા રાજાને પણ ભારે તંગી પડવાની છે.'

જગડુશા કહે છે, 'સમજી ગયો, સમજી ગયો, મહાત્માજી ! મારા પર મોટી કૃપા કરી.'

જગડુશાએ દેશાવર પોતાની પેઢીઓ ઉપર આજ્ઞાપત્ર મોકલી દીધા, 'અનાજ મળે તેટલું ખરીદી મોટા કોઠારો ભરી લો. બજાર બગાડતા નહિ.'

શું ? ખરીદી કરવામાં બજારના ભાવ બગડવા દેવાના નહિ; નહિતર અત્યારે જ બિચારા ગરીબોનો મરો થાય ! એ કાળે અનાજ બહુ પાકતું. આજે પણ પાકે તો છે જ; પરંતુ સરકારી આંકડાજાળ, અનહદ કરવેરા અને કંટ્રોલ, કાળાબજાર વગેરે કારણે બહાર પ્રકાશમાં ઓછું આવે છે. અલબત્ત વરસાદ-ઋતુની અવ્યવસ્થા, કારખાનાઓની નોકરીનાં પ્રલોભન વગેરે કારણે કદાચ પાક થોડો

ઓછો ઊતરતો હોય એ સંભવિત છે. જગડુશાએ દેશાવર અને સ્વદેશમાં અનાજના મોટમોટા કોઠાર ભરાવ્યા, સુરક્ષિત રખાવ્યા; સડે નહિ એટલા માટે.

**સાચો આનંદ ક્યાં ?**

વેપાર નથી કરવો હોં. સુકૃત કરવાં છે. વેપારથી મળેલ ધનલક્ષ્મીના ભાર તો જીવને અધોગતિમાં પટકનારા અને દુઃખની ખાણ ભેટ કરનારા છે ! **'પરિગ્રહ-ભારભર્યા પ્રાણી, પામે અધોગતિ દુઃખખાણી.'** આ ધનલક્ષ્મી ! ત્યારે સુકૃતથી કમાયેલ ધર્મલક્ષ્મી અહીં પણ મહાન નક્કર સુખશાંતિ અને ભવાંતરે સદ્ગતિ અને સુખના ભંડાર આપે છે !

એક સારું ત્યાગ, તપસ્યા, દાન, દયાનું કાર્યું કર્યું હોય તો અનુભવ છે ને કે વર્ષોના વર્ષો એની કેવી સારી અનુમોદના થઈ થઈને આનંદનો અનુભવ થયા કરે છે ! પણ સારું ધન કમાયા એમાં એ નથી થતું, કેમ કે એમાં તો એના પર કેટલીય ચિંતાઓ ખડી થાય છે ! ખરચાઈ જાય, ગુમાવવાનું થાય, ઘરમાં રગડો થાય, ધીરેલા-કરેલા જલદી પાછા ન વળે, તો સંતાપ થયા કરે છે ! કોઈની વધુ કમાઈ પર ઈર્ષ્યા થાય કે બીજા લફરાં ઊભા થાય તો ય બળાપા. આ બધામાં આનંદ ક્યાં ઊભો રહે ? સાચો આનંદ સુકૃતના સેવનમાં છે. સુકૃતના સેવનનો છે. જગડુશાને સુકૃત કરવું છે. અનાજના કોઠાર ભરાવ્યા !

હવે અહીં દુકાળી આવી. વરસાદ બિલકુલ થયો નહિ; અનાજ પાક્યું નહિ. લોકો ત્રાસ ત્રાસ પોકારવા માંડ્યા ! ભારે ભૂખમરો ! બસ, અહીં જગડુશાએ પોતાની પેઢીઓ ઉપર હુકમો મોકલી દીધા કે ગરીબોને આપવા માંડો. ચાલ્યું કામ. જાતવાન માણસ માગે નહિ, પણ આવા દુકાળમાં શું કરે ? જગડુશાની પેઢીએથી માગવું પડ્યું. એ આપ્યે રાખે છે. લોકોને રાહત મળવા લાગી. બીજી સાલ પણ વરસાદ આવ્યો નહિ. લોકોમાં ત્રાસ વધ્યો. પણ જગડુશાનું દાન ચાલુ છે. ત્રીજા ચોમાસે પણ એમ જ. હવે તો ગુજરાતનો રાજા પ્રાયઃ વીસળદેવ

પણ તંગ થઈ ગયો. એના ય અનાજના ભંડાર ખૂટવા આવ્યા. ભારે મૂંઝાયો 'શું કરવું ?'

કોઈકે સુઝાડ્યું, 'મહારાજ પાટણમાં જગડુશાના અનાજના કોઠાર છે, એમાંથી મંગાવી લો.'

રાજા એ આ સાંભળી કંઈક રાહત અનુભવી, માણસ મોકલ્યો; પણ પેલા કોઠારના સંભાળનારા કહે છે, 'માફ કરજો સાહેબ ! જગડુશા શેઠના હુકમ વિના અમારાથી કાંઈ જ આપી શકાય નહિ.'

પેલો કહે, 'પણ અમારે ફક્ત નથી જોઈતું. પૂરા પૈસા લઈને આપવાનું છે.'

આ કહે છે, 'અમને તો માત્ર ગરીબોને આપવાનો અધિકાર છે, વેચવાનો નહિ.'

હવે શું કરે ? રાજા ન્યાયી છે, ધાડપાડુ નથી. માણસે આવીને આ ખબર આપ્યા એટલે તરત એણે કચ્છમાં જગડુશા પાસે માણસ મોકલ્યા. અન્ન તો પ્રાણ જેવા છે, એના વિના કેમ ચાલે ?

માણસો જગડુશાને કહે છે, 'ગુજરાતના મહારાજને અનાજની જરૂર છે. તો પાટણના તમારા ભંડારમાંથી અનાજ અપાવો; નાણાં જે લેવાં હોય તે લો.'

જગડુશા ઉત્તરમાં શું કહે છે જાણો છો ?

અહીં આપણી એ વાત આવે છે કે –

**તમારી પાસે પરમાત્માનું શું છે ?**

**તમારા કબજાની કઈ વસ્તુ ઉપર પરમાત્માનું લેબલ છે ? અહીં પૂછો,**

**પ્ર. પણ પરમાત્માની માનીએ તો તે વસ્તુ પછી અમારાથી ભોગવાય કેમ ?**

ઉ. જુઓ સારો મુનીમ હોય, શેઠનો માનીતો હોય, તો અવસરે કોઈ હવા ખાવાના સ્થળે આવેલા એ જ શેઠના બંગલામાં જઈને હવા ખાવા માટે એને રહેવાનું મળે છે. ત્યાં શેઠનો બધો સરંજામ, યાવત્

અનાજપાણી પણ વાપરવા મળે છે. રોજ વાપરે છે, છતાં મનમાં બરાબર સમજી રાખ્યું છે કે આ બધું શેઠનું છે; એટલે વચમાં શેઠ કે શેઠના છોકરા આવી ત્યાં રહે છે તો પોતાના કરતાં વધારે સગવડથી એમને એ સાચવે છે ને ? બસ, આ રીતે બધું પરમાત્માનું સમજી, પરમાત્માની કૃપાએ મળેલું સમજીને વાપરવાનું છે. એમાંથી અવસરે અવસરે આપણા કરતાં વધારે સગવડથી પરમાત્માની ભક્તિ કરવાની છે. તે એમ સમજીને કે, 'હું કાંઈ મારું આપતો નથી, પરંતુ આ પરમાત્માનું જ છે તે એમની ભક્તિમાં જાય છે. એમનું જ છે તે એમની ભક્તિમાં જવું જ જોઈએ; સારા પ્રમાણમાં જવું જોઈએ.' મુનીમ શું વિચારે છે ? આ જ કે 'શેઠનું જ છે તે શેઠની સરભરામા સારી રીતે વપરાવું જ જોઈએ.' એમ અહીં પણ કેમ ન બને ?

મંદિરમાં ભક્તિ માટે દૂધ, કેસર, ફૂલ, ચોખા લઈ ગયા, ત્યાં બીજા ભાઈને જોયા કે ખાલી પાણીનો જ પખાલ કરે છે, યા કોરું સુખડ ઘસી રહ્યા છે, કે ફૂલ કે અક્ષતની પૂજા વિના જ ચૈત્યવંદન કરવા બેસી જાય છે, તો કહેવાય કે 'લો ભાઈ ! લો. આ ભગવાનનું જ છે, ચઢાવો ભગવાનને, વાપરો.' ક્યારે કહેવાય ? મનમાં વસી ગયું હોય કે, '**મારી પાસેનું બધું મારું નહિ પણ ભગવાનનું જ છે.** છોકરો ને પત્ની પણ ભગવાનના જ છે, એટલે એમની ભાવના ભગવાનના સંપૂર્ણ શરણે જવાની હોય, તો હું ખુશીથી એમને સોંપી દઉં.' એટલું જ શું ? ભગવાનનું જ હોવાનો દૃઢ નિર્ણય હોય તો એમને પ્રેરણા કરાય કે જુઓ, 'આપણે ભગવાનના છીએ, ભગવાનની કૃપાએ જ આ ઉત્તમ ભવ, ઉત્તમ કુળ વગેરે પામ્યા છીએ, માટે આપણે તો ભગવાનના જ ચરણ પકડવાના. એ જ એક તારણહાર છે. સુખદાતા છે, સાચું શરણ-રક્ષણ આપનારા છે. માટે દુનિયાના મોહમાં ફસાતા નહિ. મોહ સંપૂર્ણ છોડવાની તાકાત ન હોય તો પણ ભગવાનના ચીંધેલા માર્ગે જ શક્તિ હોય તે બધી ખર્ચીને, ચાલવાનું કરો.'

મૂળ વાત આ છે કે વસ્તુ ઉપર 'આ ભગવાનનું છે.' એવું લેબલ વાંચી શકો છો ? શોધી કાઢો તમારા કબજાની કઈ વસ્તુ પરમાત્માની હોવાનું મનમાં બેઠું છે ? પરદેશ બેઠેલા મિત્રના ઘરનું ફર્નિચર રીતસર વાપરે છે પણ મનમાં ચોક્કસ વસેલું છે કે, 'આ આપણું નહિ, મિત્રનું જ છે;' એમ અહીં કઈ વસ્તુ પરમાત્માની જ લાગે છે ? વિચારો.

**જગડુશા શું કહે છે ?**

જગડુશા રાજાના માણસોને કહે છે, 'મહારાજને મારા પ્રણામ સાથે કહેજો કે પાટણના કોઠારમાં મારું કશું અનાજ નથી; અને તે ત્યાં જઈને તપાસ કરી શકો છો કે એના પર કોનું લેબલ લાગેલું છે ? અલબત્ત અહીં મારી પાસેનામાંથી આપી શકું.'

આ સાંભળીને માણસો ચકિત થઈ ગયા અને રાજાને જઈને આ બધી વાત કરી એટલે રાજાને પણ આશ્ચર્ય થયું કે 'વાહ ! દુકાળમાં પ્રાણરૂપ થાય, વેચે તો મોટા પૈસા ઊભા થઈ શકે, એવા અનાજના મોટા સંગ્રહ પર કહે છે, 'મારા નથી !' લાવ જોઉં કોના નામ પર છે ? તપાસ કરાવી રાજાના માણસો જઈ જુએ છે તો જગડુશાના જંગી કોઠારમાં તકતી લાગેલી છે કે –

**'આ ગરીબોનું છે.'**

રાજા વિચારે છે, 'દુકાળના અવસરમાં જેની લાખો રૂપિયા કિંમત થાય, વેચે તો લાખોનો નફો કરી શકાય, એનું કોઈ જ મમત્વ નથી ? કોઈ લોભ નથી ? બસ બધું ગરીબોનું ? વાહ, ધન્ય જીવન ! ધન્ય હૃદય ? ધન્ય ધર્મશ્રદ્ધા ! કેવી ધન્ય માતાનો સોભાગી પુત્રરત્ન ! આ જગતમાં માટીની માયા તો કોને નથી મળતી ? રાફડો બનાવનારી જીવાતને પણ મળે છે. પરંતુ એ માટીની માયા પોતાની નહિ પણ બીજાની કરવી, તે ય કોઈ સ્વાર્થ કે બદલાની આશા વિના, પોતાની ખુશીથી, એમાં જ જીવનની વિશેષતા છે; નહિતર તો માત્ર કીડાનું જીવન જીવવા જેવું થાય. જગડુને ધન્ય છે કે આજે બહુ કિંમતી ગણાતું પોતાનું અનાજ ગરીબોનું કરી દે છે !'

રાજાએ માણસો કચ્છમાં મોકલ્યા અને જગડુશા પાસે અનાજની માગણી કરાવી. આ દાનવીર તો ગરીબોની અનુકંપાની જેમ ઔચિત્યને પણ સમજનાર હતા; તેથી પોતાના સંગ્રહમાંથી અનાજ કાઢી આપ્યું.

કેવી અદ્ભુત ઉદારતા ! કેટલું ભારે ઉમદા દિલ ! આમ તો અનાજ પોતાનું જ હતું, છતાં એના પર તકતી લગાડે કે, 'આ ગરીબોનું છે.' દુકાળમાં એકલે હાથે દુ:ખીઓનાં દુ:ખ સામે ઝઝૂમ્યો ! એણે શ્રીમંતોની કોન્ફરન્સ-મીટિંગ ન બોલાવી; ફંડફાળો ન કર્યો, 'લખો ફાળામાં મારા પાંચસો એક' એવો ધંધો ન કર્યો. મહાત્માએ પહેલેથી જરા ઇશારો કર્યો કે એકલાં પોતાનાં જ ધનના ઢગલા લેખે લગાડ્યા; જગતના દુ:ખ એકલે પંડે ફેડવા કમર કસી ! પુણ્યકમાઈ વખતે બીજા સામું શું કામ જુઓ ?

**વાત સાચી છે કે પુણ્યના ઉદયમાં જો બીજાની ભાગીદારી નથી ગમતી તો પુણ્યના ઉપાર્જનમાં ભાગીદારી શા માટે ઝંખવી ?**

દુકાનમાં તમારી મૂડી અને તમારી અક્કલ આવડત પર તમે સારું કમાવા માંડ્યા, હવે જો એમાં કોઈ બહારનો બીજો ભાગીદાર હોય તો મનને ખૂંચે છે ને ? મનને એમ થાય છે કે આ સારી કમાઈમાંથી ક્યાં ભાગ લઈ જાય છે ? તમારું ચાલે તો ભાગીદારી છોડી પણ નાખો છો. પછી કમાઈના એકલા માલિક બનવામાં કેટલી બધી હોંશ અને હર્ષ અનુભવો છો ? બસ, આ ન્યાય પુણ્યના ઉપાર્જનમાં કેમ નહિ લગાડવાનો ? પુણ્ય કમાવવામાં શા માટે એમ થાય છે કે, 'ભાઈ ! આપણે એકલા નહિ; બીજાની સાથે ઊભા રહીએ. આપણો ફાળો આપીએ.'

આવા મુફલિસ વિચાર કેમ આવે છે ? શક્તિ ન હોય તો જુદી વાત; બાકી શક્તિ તો છે, સંસારના મોટમોટા ખર્ચ કરવાનું ચાલુ છે, દીકરો-દીકરી બીમાર પડે તો જરૂર પડ્યે હજાર રૂપિયા ખરચી નાખવા તૈયાર છે, ખરચો ય છો, આત્મ-કમાઈ કરવાનો અવસર આવે ત્યાં ગલોચિયાં લો છો ? પુણ્ય-ઉપાર્જન વખતે એમ લાગે છે કે, 'મારા

એકલાનું થોડું જ કામ છે ?' કેમ આમ ? કહો, મમત્વ નથી, પોતાનું માન્યું નથી.

**ઉદારતાની ૩ ચાવી :**

માટે જ પહેલું તો આ કરવા જેવું છે કે (૧) દેવ-ગુરુ અને ધર્મસ્થાનો પર ગાઢ મમત્વ ઊભું કરો, જેથી મનને એમ થાય કે આ કામ તો મારું જ છે. જગડુશાને એ હતું.

એટલે બે વાત આવી (૨) એક તો **ધર્મવસ્તુ પર ગાઢ મમત્વ** અને બીજું એ કે **પુણ્યોપાર્જનમાં ભાગીદારી નહિ ઝંખવી.** ઉદારતાની આ બે ચાવી છે. ત્રીજી ચાવી જુઓ.

એ સમજતા હતા કે, (૩) 'અસંખ્ય જીવોના સંહાર અને થોક પાપસ્થાનકોના વેપલાથી આવેલી લક્ષ્મી એ આમ તો અવળો વેપાર, ભોગવટો, ચોરી, કોઈનો ભાગ હિસ્સો વગેરે રસ્તે ચાલી જાય છે. એના કરતાં આવા સદુપયોગને અવસર મળે છે, હજારો માણસોના કલેજાને ઠારવાનો મોકો મળ્યો છે, પછી શા માટે એ લાભ હું કેમ ન લઉં. આ ઉદારતાની ત્રીજી ચાવી.

આવાં કોઈક ભાવ જગડુશાના મનમાં હશે. ક્યાંય પોતાનું મમત્વ રાખ્યું જ નહિ. જગતનો તાત કહેવાયો.

## પૈસા કરતાં પ્રભુ વહાલા ઉપર દૃષ્ટાંત (૧) વિમળશાહ મંત્રી, (૨) પેથડશાહ

**દિ. દ. વર્ષ-૩૪ અંક ૩૮/૩૯**

**વિમળશાહ મંત્રી :**

જાણો છો ને વિમળશાહ મંત્રીને ! પુત્ર નહોતો, પત્નીના મનને જરા ઓછું આવતું હતું, તેથી શાસનદેવીની આરાધના કરી. શાસનદેવી પ્રગટ થઈ પૂછે છે, 'કેમ મને યાદ કરી ? શું જોઈએ છે ?'

વિમળશાહ કહે, 'મારે આબૂ પર જિનમંદિર બનાવવું છે. એમાં સહાયતાં જોઈએ છે ને શ્રાવિકાને પુત્ર જોઈએ છે, એ આપો.'

દેવી કહે, 'તમારા ભાગ્યમાં એ બંને નથી. બેમાંથી ગમે તે એક જોઈએ તે માગી લો.'

વિમળશાહ કહે કે, 'ઊભા રહો, હું પૂછી આવું.'

ઘરની અંદર જઈ શ્રાવિકાને કહે, 'બોલો દેવી પધાર્યા છે. એ કહે છે, 'કાં પુત્ર, કાં પ્રસાદ, બેમાંથી એક મળશે. તો દીકરો માંગુ ? કે દેરાસર ?'

શ્રાવિકા કહે, 'એમાં શું પૂછવા આવ્યા ? દેરાસર જ માગી લેવાનું.'

(૧) દીકરો થોડો જ સાથે આવવાનો છે ? કે

(૨) અહીં એ પણ કાયમ થોડો રહેવાનો છે ?

(૩) દીકરો આપણું નામ પણ કેટલું રાખી શકે ? બે પેઢી. ત્રીજી પેઢીએ આપણું નામ કેન્સલ ! તેમ એ પણ જોવાં જેવું છે કે,

(૪) દીકરો મળ્યાથી એ કેવો નીવડશે એનું પણ શું કહી શકાય ? જો ખરાબ નીવડે તો એનાથી આપણી જ આબરૂ જાય ! માટે આપણે દીકરો કાંઈ જોઈતો નથી. દેરાસર જ માંગી લો. દેરાસર સેંકડો વર્ષ ટકે એટલે નામ એટલું ટકે અને દેરાસરથી હજારો માણસ દર્શન-વંદન-પૂજન તથા વ્રતગ્રહણ વગેરે ધર્મ લેતા જ રહે, લેતા જ રહે, ને પુણ્ય કમાતા રહે.

આ બધાનાં નિમિત્ત થવાનો આપણને મહાન લાભ મળે ! ને પુણ્ય મળ્યા જ કરે. દેરાસર તો એક મૂડી થઈ, એમાંથી આપણને ભવોભવ વ્યાજ મળ્યા જ કરે. આવા સરસ લાભને જોઈ દેરાસર જ માંગી લો." પછી મંત્રીએ એજ માગી લીધું અને પછી દેરાસર બાંધવા માટે આબૂ પર જમીન જોઈએ. તો બ્રાહ્મણો ઝગડવા લાગ્યા. ત્યારે વિમળશાહ કહે –

તમારે કેટલા પૈસા જોઈએ ?

પેલા કહે, 'સોનૈયાથી જમીન માપી લો' એ રીતે સોનૈયા પાથરવા માંડ્યા.

તો પેલા કહે, 'ગોલ સોનૈયા પાથરવામાં તો વચ્ચે વચ્ચે જગ્યા રહી જાય; માટે ચોખંડા સોનૈયાથી માપો.'

તો વિમળશાહે ચોખ્ખા સોનાના નવા ચોખંડા સોનૈયા પડાવ્યા અને આજે દેખાતા વિશાળ મંદિર જેટલી અને મંદિર આસપાસની પણ જગ્યા સોનૈયાથી માપીને લઈ લીધી ! અને એના ઉપર એ કાળના ૧૮ ક્રોડ રૂપિયા ખરચીને ભવ્ય બાવન જિનાલય મંદિર બંધાવી લીધું ! એમાં થાંભલે થાંભલે તથા ઉપર સિલિંગમાં ઝીણી ઝીણી કોતરણી કરાવી ! આટલા બધા રૂપિયાનો ખર્ચ શાના માટે ? તો કહે –

**"તિમ મુજ મન પ્રભુશું રમ્યું, બીજાશું હો નવિ આવે દાય"**

આબૂ પર પ્રભુમાં મારું મન એવું રમી ગયું છે, અર્થાત્ સાથે એવી પ્રીતડી બંધાઈ ગઈ છે કે બીજા કશાની સાથે મનમાં એવો પ્રેમ જ ઊઠતો નથી.

જેને પ્રભુ સાથે પ્રેમ હોય તેને પૈસા કુછ નહિ લાગે.

પેથડશાહ :

જેમ વિમળશાહ મંત્રીએ તેમ પેથડશાહ મંત્રીએ પણ પ્રભુ સાથે પ્રેમ એવો કર્યો કે ત્યાં ધનનો પ્રેમ મન પરથી ઉતારી નાખ્યો. એનું પરિણામ એવું આવ્યું કે કોઈએ પેથડશાહને કહ્યું કે, 'તમે દેવગિરિમાં મંદિર બંધાવો તો ખરા.'

પેથડશાહ પૂછે, 'કેમ ભાઈ ! એમ બોલો છો ?' પેલો માણસ કહે, 'દેવગિરિમાં રાજાનો બ્રાહ્મણ મંત્રી હેમડ જૈન ધર્મનો એવો પાકો દ્વેષી છે કે જિનમંદિર ઊભું જ નહિ થવા દે.'

પેથડશાહના મનને થયું, 'અરેરે ! પ્રભુએ મને ઉત્તમ મનુષ્યભવથી માંડી ઢગલો પૈસા અને સમસ્ત માળવાદેશનું મંત્રીપણા સુધી આપી દીધું ! અને હું દેવગિરિમાં એ મહાઉપકારી મારા પ્રભુનું એક મંદિર ન બનાવી શકું ?'

**પેથડશાહ તરફથી હેમડના નામની દાનશાળા :**

બસ, પહેલા તો જૈન ધર્મના દ્વેષી બ્રાહ્મણ હેમડ મંત્રીને પોતાનો પ્રેમી બનાવી દેવો જોઈએ, એટલા માટે એ હેમડની રાજધાની દેવગિરિ નગરના નાકે એક ધર્મશાળા–દાનશાળા–ભોજનશાળા ચાલુ કરાવી, એના પર નામ આપ્યું, 'હેમડ ધર્મશાળા' અને એમાં પરદેશથી આવનારા પ્રવાસી માણસોની સ્નાન, નાસ્તો વગેરેથી ભક્તિ થાય. ગામના પણ ગરીબ માણસો જમી જાય ! એ રીતે કર્યું. એટલે પ્રવાસીઓ–ગરીબો વગેરેને માટે જાણે એક કલ્પવૃક્ષ બન્યું ! નગરમાં અને બહાર હેમડની કીર્તિ પ્રસરી. એ વાત કેટલાય દિવસો પછી હેમડના કાને એ રીતે પહોંચી કે લોકમાં વાયકા ચાલી – 'આપણા નગરમાં મંત્રી સાહેબ હવે તો બહુ ઉદાર થઈ ગયા છે.' એ શબ્દ હેમડના કાન સુધી પહોંચ્યા.

હેમડ મંત્રી ચમક્યો ! એના મનને થયું કે, 'આ શું ? હું મહાકંજૂસ અને મારા નામે દાનશાળા ?' ત્યાં એ તપાસ કરવા આવે છે.

મેનેજરને પૂછે, 'આ કોના તરફથી ચાલે છે ?'

પેલો કહે, 'સાહેબ ! આપના જ તરફથી.'

મંત્રી કહે, 'અરે એ ય ! મારા તરફથી આ દાનશાળા ચાલતી હોય તો શું મને ખબર ન હોય ?'

તો મેનેજર કહે, 'એ તો સાહેબ ! વાત એમ છે કે ઉદાર માણસો સુકૃત પોતે કરે છે એમ ન કહે. પછી હેમડ મંત્રીએ ઓરડીમાં લઈ જઈ ધમકાવીને પૂછ્યું, 'સાચું કહે' ત્યારે મેનેજરે પેથડશાહનું નામ આપ્યું.

બસ, લિફ્ટની સ્વિચ દબાઈ ગઈ. એટલે જેમ લિફ્ટ સરર કરતી ખેંચાઈ આવે, એમ હેમડ મંત્રી સરર ખેંચાયો–પેથડશા તરફ ! આગળથી સંદેશો મોકલી હેમડ દેવગિરિથી પહોંચ્યો માંડવગઢ ! પેથડશાહ મંત્રીએ સ્વાગત કર્યું. ભોજન વગેરે મહેમાન–ભક્તિ કર્યા પછી હેમડ મંત્રીને કહે કે –

'ફરમાવો મંત્રીશ્વર ! મારા લાયક કોઈ સેવા ?'

ત્યારે હેમડ કહે, 'સેવા હું શું ફરમાવું ? આપ મને ફરમાવો. આપે મારા નામે લાખો રૂપિયા ખર્ચ્યા ?'

પેથડશાહ કહે, 'રૂપિયા મારા શાના ? રૂપિયા તો ભગવાનના, તે મેં ભગવાનના ખોળે ધર્યા. હું ને તમે ભગવાનના જ બાળકો છીએ ને ?'

હેમડશાહને આટલો બધો ખર્ચ હૈયે ચમકાવે છે ! પણ પેથડશાહને કેમ ચમકાવતો નથી ? કહો 'તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય' પ્રેમ પ્રભુ ઉપર હતો, મન પ્રભુમાં હતું, એવું ધનમાં નહિ.

હેમડ પૂછે છે, 'મારા સાહેબ ! અહીં મૂકીને આપે મારે ત્યાં આ શું માંડ્યું ? લાખો રૂપિયાનો ખર્ચ કરી દાનશાળા તમે ચલાવો અને તમારું નામ ગુપ્ત રાખી જગતમાં પ્રસિદ્ધ મને કરો ? બોલો હું આપની શી સેવા કરું ?'

**જેથી હેમડ ખુશીથી મંદિરની જગા આપે છે...**

પેથડશાહ કહે, 'બીજું તો કાંઈ જોઈતું નથી. આપના નગરની મધ્યમાં પરમાત્માનું મંદિર બનાવવા એક નાનકડો જમીનનો ટુકડો જોઈએ છે.'

હેમડ કહે, 'અરે ! આટલા ખાતર મારા નામની દાનશાળા ?'

પેથડશાહ કહે, 'માફ કરજો સાહેબ ! એ દાનશાળા-સુકૃતનો અપાર બદલો તો મને પુણ્યરૂપે મળી જ ગયો, હવે તમે જમીનનો ટૂકડો આપો એ તમારી મહેરબાની. એ તો મારે મફતમાં લેવાનો છે અથવા કહો એટલી કિંમત ચૂકવવા તૈયાર છું.'

હેમડ મંત્રી કહે, 'હેં ? હેં ? હેં ? આ શું બોલ્યા ? ટુકડા જમીનના પૈસા લેવાના ? જગતમાં મારા નામના તમે લાખો રૂપિયા ખરચી ડંકા તો વગાડી દીધા ! દાનશાળાની પ્રતિષ્ઠાના ઉપકારનો મેરુ-ભાર તો મારા માથે ચડાવી દીધો ! એનો તો કંઈ મારે બદલો વાળવાનો કે વળતર નહિ ને હું જમીનના પૈસા લઉં ? મારા જેવો

નિમકહરામી કોણ ? પધારો, તમે પસંદ કરો, ફરમાવો એવી જગા અપાવી દઉં.'

પછી તો હેમડ મંત્રી પેથડશાહને પોતાના રાજ્યમાં લઈ ગયો, રાજાને ઓળખાણ કરાવી અને રાજા પાસેથી એને નગરની મધ્યમાં જ્યાં ચાર રસ્તા મળે એના ખૂણા પર મોટો બગીચો બનાવવા લાયક ખાલી જગા અપાવી દીધી.

કેટલા બધા પૈસા ખરચી હેમડના નામથી દાનશાળા ચલાવીને મહાદ્વેષી હેમડને પીગાળી નાંખ્યો ! ને આ જગા મેળવી શા માટે ? કહો 'તિમ પ્રભુશું મુજ મન રમ્યું, લક્ષ્મીશું હો નવિ આવે દાય (પ્રેમ)) કે ! **'ભગવાનના જ મહા ઉપકારથી મળેલા આ ઉચ્ચ મનુષ્ય અવતારે પ્રભુ ખાતર પૈસા જતા કરી પ્રભુ પરનો પ્રેમ સાર્થક થતો હોય તો એનાથી બીજું રૂડું શું ?**

પણ જોજો આટલા ખરચથી પતે એવું નથી. પેથડે તાબડતોડ જમીનનો પાયો ખોદાવવા માંડ્યો, બીજી બાજુ રાજાની રાતે પગચંપી કરનાર હજામને સાધી રાખ્યો, જેથી રાજા આગળ કોઈ એવી વાતચીત આવે તો તેના સમાચાર હજામ તરત પેથડશાહને આપે. કેમકે ઈર્ષ્યાળુ બ્રાહ્મણો કાંઈ ને કાંઈ રાજાને કાનભંભેરણી કરે એવો સંભવ.

**નગરમાં ખારાં પાણી – પાયામાં મીઠું ! :**

અને બન્યું એવું જ. પાયો ખોદાઈ મોટો ખાડો થયો એમાં જમીનમાંથી પાણી ઉભરાયું તે મીઠું ધરાખ જેવું ! આખા નગરમાં કૂવાનાં પાણી ખારા, ને આ પાણી મીઠું સાકરિયા પાણી જેવું !

બ્રાહ્મણોને ખબર પડી તે જપે ! પહોંચ્યા રાજા પાસે, ને કહે છે, 'મહારાજા સાહેબ ! આખા નગરમાં ખારા પાણી; પણ પેલી પેથડશાહને આપેલી જમીનનાખાડામાં તો મીઠા ધરાખ પાણી નીકળ્યા છે. તો ત્યાં તો વાવડી બંધાવવા જેવી છે.'

રાજા કહે, 'સવારે જોઈશું.'

એજ વખતે પગચંપી કરનારો હજામ જરા શંકા થઈ છે લોટે જઈ આવું એમ બહાનું કાઢી ઊઠ્યો, પહોંચ્યો પેથડશાહ પાસે, વાત કરી. મંત્રીએ એને મોટું ઇનામ આપી વિદાય કર્યો. પછી જરાય ગભરાયા વિના તરત ખાનગી માણસને કહ્યું, 'જાઓ, પરગામથી નિમકની ગુણીઓની ગુણીઓ લઈ આવી આ ખાડામાં નખાવી દો. જોજો હોં ? આ નગરમાંથી નિમક લેતા નહિ; નહિતર વાત બહાર પડી જતાં જમીન હાથમાંથી જાય.'

માણસ દરવાજે જઈ પાછો આવ્યો, 'સાહેબ ! પહેરેગીર કહે છે, 'ચાવીઓ રાજ્ય દરબારે પડી છે.'

મંત્રી કહે, 'અરે ! ચાવીઓ આ રહી,' એમ કહી રૂપિયાની થેલીઓ આપી. કહે, 'લ્યો આ પહેરેગીરને આપો, ચાવીઓ લઈ આવી ખોલી આપશે.'

**પાણી મીઠાનું ખારું :**

પત્યું. એ રીતે દરવાજા ખૂલ્યા. માણસ પરગામ જઈ સાંઢણીઓ પર હજારો રૂપિયા ખરચી નિમકની ગુણીઓની ગુણીઓ લઈ આવી, એને રાતમાં ને રાતમાં પાયાના ખાડામાં પધરાવી દીધી.

સવારે રાજા પેથડશાહને લઈ ત્યાં આવે છે ને પવાલામાં ખાડાનું પાણી મંગાવી પીવા જાય છે. એક ઘૂંટ પીતાં તો પાણી ખારું અગર, રાજાનું તો મોં બગડી ગયું.

રાજા પેલા ચાડીખોરોને બોલાવી કહે, 'આમ આવો, લો, આ મીઠું ધરાખ જેવું પાણી પીઓ.' શું પીએ ? એક ઘૂંટ પીતાં તો મોં ખારા ખારા થઈ ગયા. બિચારા લજવાઈ જઈ રાજાની માફી માગે છે.

બસ, પછી તો વિશાળ ગગનચૂંબી દેરાસર ઊભું થઈ ગયું ! પ્રતિષ્ઠા વખતે શિખર પર પાલખ પર ચડી પેથડશા હરખમાં હજારો રૂપિયા ઊછાળી નાચવા જાય છે. પ્રભુભક્તિના હરખમાં ભાન નથી રહેતું કે, 'હું નીચે પડીશ તો ?' આચાર્ય મહારાજે નીચેથી ખાસ

માણસને તાબડતોડ મોકલી, મંત્રીને નીચે ઉતાર્યા. આમ એક મંદિર બનાવવા પાછળ કરોડો રૂપિયા ખરચ્યા ! કેમ વારુ ?

"તિમ મુજ મન પ્રભુ શું રમ્યું, બીજા (પૈસા) શું હો નવિ આવે દાય (મ) કે..."

**ધરણશાહ પોરવાલ :**

ધરણશાહ પોરવાળે શું કર્યું ? નલિનીગુલ્મ વિમાનનું સ્વપ્નું આવ્યું. ત્રણ માળનું વિમાન ! નીચે ૮૪ ભોંયરા ! ૧૪૪૪ તો થાંભલા ! વિમાનમાં ગુઢ મંડપ, મેઘનાદ મંડપ, નૃત્ય મંડપ, રંગમંડપ વગેરે કેટલા તો મંડપો ! બીજા જોખઝરૂખા–તોરણો વગેરે કેટલું ય ! ધરણશાહને કોડ થાય કે, 'મારા ભગવાનનું આવું મંદિર બને તો કેવું સારું ?' બીજા કારીગરને પણ સ્વપ્ન આવેલું. તે આનો પ્લાન બનાવી લાવ્યો. ધરણશાહ કહે, 'આવું મંદિર બનાવવું છે.'

'શેઠ મારા ! મગજ ઠેકાણે છે ? કેટલો ખર્ચ ?'

શેઠ કહે, 'અરે મૂરખ ! તારા પેટમાં શું દુખે ? રૂપિયા મારા ને કારીગરી તારી.'

કેટલો ખરચ ! એ કાળના ૯૯ કરોડ રૂપિયા ! તે કાંઈ સંઘમાં ટીપ–ટકોરો કરીને નહિ, ધરણશાહ પોરવાળના પોતાના જ એટલા રૂપિયા ! તમને શું થાય છે ? 'હાય બાપ ! આટલા બધા રૂપિયા કેમ ખરચાય ? અને તે ય એક જ મંદિર પાછળ ?' કેમ બન્યું આ ? કહો.

"તિમ મુજ મન પ્રભુશું રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે..."

પ્રભુમાં મન એવું રમતું થઈ ગયેલું કે મન ધનમાં ન રમ્યું, પ્રભુમાં એવું રમ્યું કે પ્રભુની ખાતર રાણકપુરનું મંદિર બનાવવામાં ૯૯ કરોડ રૂપિયા જતા કર્યા ! 'આ પ્રભુ શું પ્રીત'ના કેટલા બધા ઘેરા સુસંસ્કાર પરભવ લઈ જવાના મળે !

વાત આ છે કે – પ્રભુને વહાલા કરવા છે તો બીજું બધું અળખામણું કરવું પડશે.

એમને એમ પ્રભુ વહાલા નહિ થાય.

# ધર્મ પર અતૂટ શ્રદ્ધા – ધર્મી શેઠનું દૃષ્ટાંત

**દિ. દ. વર્ષ-૧ અંક ૩૨ તા. ૧૮-૦૪-૫૩**

બાપાજી શી વાત : એક શેઠ હતા. એને ચાર દીકરા હતા. શેઠનો જીવ અચ્છો હતો. દીકરા આવી મળ્યા એટલે પોતે ધર્મધ્યાન કરવા લાગ્યા. વેપાર રોજગાર છોકરાઓને સોંપી દીધો. હાથમાં બધું આવી ગયું એટલે છોકરાઓ તો ખુશ-ખુશ થઈ ગયા. કેમ ? હાથમાં અધિકાર આવ્યો. પણ દુનિયામાં લક્ષ્મી લાડી પર અધિકાર મળ્યાનો સંતોષ એ આત્માની કેટલી અવિકસિત વ્યવસ્થા છે, નીચી અવસ્થા છે. મલીન અવસ્થા છે ! હવે એ બાપજીની અધિકાધિક સેવા કરે છે. આજે એક પુત્ર ને કાલે બીજો, એમાંય અધિકાધિક ! શેઠ શાંતિથી વિચારે છે કે આજ સુધી જગતને સુધારવા જે કર્યું તે નકામું; હવે તો આત્માનું સુધારું. આત્માને સુધારવા જે કરીશ તે કામનું, જગતનું સુધારવામાં આત્માનું બગાડે છે. એમાં છોકરાના હાથમાં વહીવટ આવ્યો તે કુદ્યા. હર્ષના આવેશમાં શી વાત ! બાપજી ! બાપજી ! સવારમાં ઊઠીને પહેલાં બાપજીને પગે લાગે ! પૂછે, 'કાંઈ સેવા ? કાંઈ હુકમ ?' બાપ કહેતા, 'દૃઢ ધર્મી થજો અને ન્યાય-નીતિ પાળજો.' એ તો કરીશું જ. દીકરા તમારા છીએ તે કેમ નહિ કરીએ ? બીજી કાંઈ સેવા ? તમે તમારે ખુશીથી બીજું જે કાંઈ ફરમાવવું હોય તે ફરમાવો, તમે તમારે ખુશીથી સુકૃત કરો. અમને પૂછવાનું નહિ.' શેઠ તો આમેય ધર્મરુચિ જીવ હતા જ. એમાં છોકરા સુકૃત કરવાનું કહે છે તે શેઠ તો સુકૃત વધુ કરવા લાગ્યા.

ચટપટી થઈ હવે છોકરાઓને : પણ આ પરમાર્થ ક્યાં સુધી નભે ? એક દિવસ, બે દિવસ, એક મહિનો, બે મહિના. પછી ? શેઠે તો ધર્મનું કામ ધમધોકાર વધારી દીધું. કોઈ ટીપ લઈને આવે તો 'લે, લઈજા ૫૦૦' કોઈ સાધર્મી આવે તો એને ખિસ્સામાં સોનાની ગચ્ચી

નાખી દે, ખબરેય ન પડે. ઘરે જાય ત્યારે ખબર પડે કે ગચ્ચી પડી છે. તમને કદાચ થશે કે આટલું બધું, પણ એ તો દિલની વાત છે. એક ગણતરી છે કે, 'પૈસા પહોંચે છે તો લાભ કાં ન લઈ લેવો ?' એમાં સાંભળ્યું કે શાસ્ત્ર કહે છે, 'ભગવાનની જે મૂર્તિ ભરાવે એને ભવિષ્યમાં બોધિ મળે અને દેરાસર કરાવે એનું તો શું કહેવું ? સામાન્યથી એ મંદિરના પથ્થરે પથ્થરે, કાષ્ટે કાષ્ટે જેટલા કણ તેના હિસાબે સ્વર્ગીય વિમાનના સુખ નક્કી થાય.' જો જો હો સ્વર્ગ માટે એ નથી કરવાનું. શ્રી જિનને પૂજું તો એનું મંદિર કેમ ન કરું ? પૂજ્યની પૂજા, આત્મકલ્યાણ, કૃતજ્ઞતા વગેરે હિસાબે એ કરવાનું છે. ભવ્ય જીવ શેઠે તો મોટું દેરાસર બંધાવવા માંડ્યું. છોકરાઓને હવે ચટપટી થઈ.

**શેઠની વાહવાહ બોલાય છે ? :** ચટપટી થઈ એટલે છોકરાઓ વારંવાર કહેવા લાગ્યા, 'બાપાજી ! બહુ ખરચ થાય છે !' 'અરે એ શું બોલ્યા ? પુણ્યે ઘણું આપ્યું છે અને આપ્યે જાય છે.' 'પણ આટલો બધો ખરચો હોય ? આમ ન ચાલે.' 'ગાંડા છો ! તમારા લગ્નમાં ઘણા ખરચ્યા ત્યારે આ રીતે કાં ન બોલ્યા ? ત્યારે તો જરા ઓછું લાગે તો સલાહ આપવા આવ્યા હતા કે, 'ઓછું કેમ કરો છો ? અમે પછી કમાશું એટલે લાવી આપશું. પણ અત્યારે તો શોભા (કુટુંબમાં–ગામમાં) લઈ લ્યોને !' છોકરા શું બોલી શકે ? છતાં ગમતું નથી. શેઠે તો એક જ ધર્મની વાત રાખી. ખરચો ચાલુ રાખ્યો. મંદિર થઈ ગયું. અંજનશલાકા પ્રાણપ્રતિષ્ઠા અને મંદિર પ્રતિષ્ઠા થઈ ગઈ. પ્રભુ પધરાવ્યા. ધામધૂમ બહુ કરી. હવે તો હોંશ છે. 'મારું મંદિર !' નિત્ય બોલે. 'શું શેઠના અવતાર ! શું પરમાત્માની ભક્તિ કરે છે !' પણ છોકરાના હૃદય તો બળીને ખાખ થઈ જાય છે.

**કકળાટ વધ્યો :** ભવાભિનંદીનો ગુણ 'ક્ષુદ્રતા.' મોક્ષરસિક આત્માનો ગુણ 'ઉદારતા.' ઉદારતા એ એવો ગુણ છે કે નાસ્તિક જેવાના હૈયામાં પરાણે ધર્મ ખોસી દે. પૂજા કરવા આવનારા માટે દૂધ,

કેસર, સુખડ, ફૂલ, અગરબત્તી તમામ તૈયાર પોતાનું ! મધુરા વાજિંત્રના સંગીતના સૂર ! એટલી અનુમોદના કે ન પૂછો વાત ! દીકરાઓના હૈયામાં તેલ રેડાય છે ! એમને થાય છે કે, 'દેરૂ તો બંધાવ્યું પણ કેસર સુખડેય આપણા ઘરનું ? પૂજા લોક કરે અને બધા માટે ઘસાવાનું આપણે ? પૈસાને એમ ફેંકી દેવાના ?' ભવાભિનંદીપણું શું ન બોલાવે ? એને અર્થકામ કામના લાગે ! ધર્મ નકામો લાગે ! પછી મંદિર વગેરે સુકૃતને મફતના-નકામા ગણે ! **જે સુકૃતની ચીજ જ ભવિષ્યમાં જવાબ દેનાર છે ત્યાં એને અણગમો છૂટે છે ! અને જે અર્થકામની વાત ભવિષ્યમાં લાત મારનારી છે, તેને છાતીએ લગાવે છે ! વહાલથી ભેટે છે !!** કકળાટ વધી ગયો ! હવે તો શેઠની બીજી ધર્મક્રિયાઓ પણ છોકરાઓને ખૂંચે છે. 'બાપાજી આમ નહિ ચાલે ! રહેવું હોય તો રીતસર રહો. પૈસા કમાવાની મહેનત પડે છે !' માકણને આંખો આવી. માકણ જો વગર આંખે આખી રાત બધાની ખબર લઈ નાખે છે, તો આંખ આવ્યા પછી શું ન કરે ? હાથમાં અધિકાર આવ્યા પછી આ દીકરા હવે બાપની ખબર લઈ નાખવા તૈયાર થયા. પુત્રને સગા બાપનો દ્રોહ કરવા સુધી પહોંચાડે એવી લક્ષ્મી ન મળે તો સારું ને ?

'પાપસાધનો ન મળો' : આ કથા શ્રાપ નથી, આશીર્વાદ છે : કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે, કે જે માણસોની ઇન્દ્રિયો ભયંકર પાપમાં પ્રવર્તે છે તે કરતાં તો બહેતર છે કે તેમને ઇન્દ્રિયો ન મળી હોત તો એમનું એટલું બધું અકલ્યાણ તો ન થાત. હે પ્રભુ ! તારા શાસનનો અપલાપ કરનારા તો મૂંગા સારા. એમને જીભ ન મળી હોત તો સારું. તે પાપ ઓછાં કરત. જેમને તારા પ્રત્યે, તારા શાસન પ્રત્યે મત્સર છે, ખાર છે, તે બહેરા સારા-બોબડા સારાં. આ શ્રાપ નથી હો ? આશીર્વાદ છે. વધારે કર્મ બાંધે, વધારે દુર્ગતિમાં ભમવાનું કરે, તે શાના યોગે ? મળેલા જીભ અને કાનના યોગે-જીભથી ઘોર પાપવચન બોલવાનું મળે તે કરતાં બોબડાપણું

શું ખોટું ? કાનથી ઘોર પાપવચન સાંભળ્યા કરાય તે કરતાં બહેરાપણું શું ખોટું ? છોકરાઓને લક્ષ્મી મળી એના પર મહા ઉપકારી બાપનો દ્રોહ કરવા તૈયાર થાય છે. આ સંસાર !!

"આમ નહિ ચાલે ? રહેવું હોય તો રીતસર રહો" છોકરાઓએ છેવટનું સંભળાવ્યું.

પણ બાપેય છેવટનું સંભળાવ્યું કે, 'લક્ષ્મી ક્યાંથી લાવ્યા ? મેં આપેલી છે ને ?' છતાં એની કોને અસર ?

છોકરા તો નોટિસ આપે છે, 'એ ખરું પણ આમ હવે નહિ ચાલે. એમ કરવું હોય તો આ ઘરમાં નહિ !'

'ઉઠાવ તારું ઘર, ધર્મ નહિ મૂકાય' કહેતા શેઠ બહાર નીકળી ગયા એકલા ! સાથે છોકરો તો નહિ, છોકરાની મા પણ નહિ, નહિ નોકર, નહિ સગુ-વહાલું ! આ સંસાર ! એ સમજી ગયા કે 'જાતને ભૂલી જગતને મેં મારું કર્યું એનું ફળ જગતે દેખાડ્યું. આ જીવ જગતને સુધારવામાં ઉત્તમોત્તમ જીવન બરબાદ કરી રહ્યો છે, એ એની મહાન મૂર્ખાઈ છે.' એથી આ વખત આવ્યો ! હું બરબાદ થયો. કોઈ મારું ન થયું, પત્ની પણ મારી નહિ. મારું તો થાય ને ? ફીકર નહિ, શ્રી જિન મારા છે ને ? જગત મારું તો શું, કોઈનું ય નથી જ થયું. નથી જ થયું અને નથી જ થવાનું. કોલુયંત્ર શેરડીનું થાય તો જગત કોઈનું થાય. એ તો રસકસ હોય ત્યાં સુધી કોલુ શેરડીને ભેટવાનું દેખાડે. જાણે પોતાની કરે, પછી ફેંકી દે ?

છોકરાઓ ફોલી ખાનારા ? : શેઠે નક્કી કર્યું, 'મીઠાં મરચાંનો થેલો કરીશ પણ ધર્મ નહિ છોડું. પૂર્વે ધર્મ ઓછો કર્યો હશે. માટે આ વખત આવ્યો. હવે ધર્મ ન છોડું.' ઘરમાંથી નીકળી ગયા. પણ વાંક જાતનો દેખે છે, કુટુંબનો નહિ. માગણોના હાથ ભરી દઈ સંતોષનારો એક વખતનો દાતા, પોતાના ધર્મ માટે પ્રસન્નતાથી મીઠાં મરચાંનો થેલો કરે છે ! ત્યાં સુધી કે પૂર્ણ પ્રસન્ન ચિત્તે ! અને પૂજા, સામાયિક,

પ્રતિક્રમણાદિ છોડવાનાં નહિ. શહેરના બીજા અજાણ્યા છેડે જઈ રહેવાનું રાખ્યું.

**તમે જૈન છો ? જૈન ગૃહસ્થને માગવા કરતાં મરવું ભલું લાગે :** જો જો હોં, સાંજ પડે માત્ર ચાર આના મળે, એવી સ્થિતિ સહર્ષ સ્વીકારી લે છે; પણ પોતે માગણવેડા નથી કરતા. કેમકે ધર્મ લાજે. તો કહેશો કે એ તો એકલા રહ્યા માટે. અમારે તો કુટુંબ સાથે રહેવાનું છે, એના ખર્ચ કેમ ઉપડે ? પરંતુ કુટુંબ આખું ય મહેનત મજૂરી કરી શકે ને ? **શું એમાં ગૌરવ છે કે ભિખારીવેડામાં ? જાત મહેનતમાં શોભા છે કે ધનવાનોના ઓશિયાળા કરવામાં ?** આજ કેમ આ વાતો ભૂલાઈ ગઈ છે ! વળી ભીખ અને દીનતાથી મેળવ્યા ઉપર ખર્ચ અને રહેણીકરણી પાછા પૂર્વવત્ ! છે કાંઈ હલકાઈની હદ ? આ શેઠે તો રેશમી અંગરખા અને લાલકસુંબી પાઘડી બાજુએ મૂક્યા. જાડી ખાદીનો વેશ પહેર્યો. સવારના કેસરિયા દૂધ, બદામ-પિસ્તા, ખારી-પુરી વગેરે વિસાર્યું; એ માત્ર બે ટંકી ભોજનમાં આવી ગયા. નીતિપૂર્વકની નિર્દોષ જાત મહેનત ગુણથી શેઠ શોભી રહ્યા છે; નિશ્ચિંત છે ! ઉચિત વ્યય-બે મહાન ગુણથી શેઠ શોભી રહ્યા છે; નિશ્ચિંત છે ! ઉચિત વ્યય એટલે શું સમજ્યા ? માત્ર 'વધારે ખર્ચ નહિ' એમ નહિ, પણ રોજનું પૈસાનું દૂધ, પૈસાના ફૂલ વગેરે પ્રભુનો ખર્ચ પણ ખરો. કેવા ધર્મને ય શોભાવી રહ્યા છે ! ડાહ્યા લોક કહે છે, 'ભોગવી જાણતાય આવડ્યું અને છોડી જાણતાય આવડ્યું. આ સ્થિતિમાંય પાછો ધર્મ વધુ કરી રહ્યા છે. ધન્ય છે આવા ધર્માત્માને !' છે હિંમત ? મૂર્ખ લોક ગમે તે બોલે એની દરકાર ન કરો. એક જ વિચારો કે **જિનનો સેવક હું, આવા પૂર્વજોનો વંશજ હું, ભૂખે મરી જાઉં તે હા, પણ માગું શા માટે ?** મારે તો માગવું ને મરવું તે બરાબર. અરે ! માગવા કરતાં મરવું સારું. ભલે જાત મહેનતમાં અને સાદા જીવનમાં અગવડ વેઠીશ, ગમે તેમ ચલાવીશ, પણ શ્રાવિકાની

કુખનું રતન હું માગવાનોય નહિ અને વગર માગે કોઈ મારું કરી સંભાળી જાય એવી પારકી આશાય કરવાનો નહિ. તેમજ કપરી સ્થિતિમાંય જિનભક્તિ અને ગુરુભક્તિનો લાભ પણ ચૂકવાનો નહિ.

પ્રતિષ્ઠા વખતે દાન તો પ્રભુસરકારે કરેલું : શેઠ તો સમતાભાવમાં મસ્ત છે. હવે તો જંજાળ બહુ રાખી જ નથી. એટલે બે પ્રતિક્રમણ, કેટલાય સામાયિક, શાસ્ત્રસ્વાધ્યાય, સાધુ સેવા, જિનભક્તિ, જાપ અને ધ્યાન વગેરેમાં ઓતપ્રોત રહે છે. માત્ર બપોરના ૩-૪ કલાક મસાલાનો થેલો ફેરવી આવવાનો. એક વખતનો પ્રસંગ છે. આમ તો શેઠ એ મોટા શહેરના છેક બીજા છેડે રહેવા ગયા છે; એટલે પ્રભુ પૂજા તે તરફના દહેરે કરે છે. પરંતુ કોઈ મોટા પર્વના દિવસે શહેરની આ તરફ પોતાના બંધાવેલા દેરાસરે પ્રભુપૂજા કરવા આવે છે. એમાં બીજા છૂટા પૈસા નથી, પણ બચાવી રાખેલી પાવલી લઈને આવેલા, તે માલણને આપી કહે છે કે, એમાંથી બે પૈસાના ફૂલ આપ.

માલણ તો શેઠને જોતાં જ હર્ષથી ઊભી થઈ જાય છે અને કહે છે, 'શેઠજી ! પૈસા રહેવા દ્યો. લો, આ મોટા ફૂલહાર !'

'પણ મફત ન લેવાય.'

'મફત શાના ? તમે તો પહેલેથી મને ઘણું આપ્યું છે ! આ સોનાના બલૈયા આપે જ દીધેલાને ?'

'એ તો પ્રભુ ગાદીએ બેઠેલા ત્યારે એ સરકારે દાન કરેલું.'

'બાપા, ગમે તેમ કહો, પણ આજ તો આ હાર આપવાની જ છું.'

'લે ત્યારે આ પાવલી આખી.'

માલણ તો એક પૈસોય લેવા તૈયાર નહોતી, પણ શેઠે પાવલી નાખી, હાર લઈને પગથિયા ચઢવા માંડ્યા. છે કાંઈ કાલની ખાવાની ચિંતા ? બચત બધી આપી દીધી. આમાં કેટલા ગુણ ? નીતિ, પ્રભુભક્તિ, પુણ્યશ્રદ્ધા, પોતે કરેલા ઉપકાર ભૂલવા.

ત્યાં ઉપરથી સાધુ ઊતરે છે. સાધુએ શેઠને ઓળખ્યા, ઓળખે જ ને ? દેવગુરુ ધર્મ ત્રણેયનું ય ખૂબ કરેલું ! પૂછ્યું, 'આમ કેમ ?' શું જોઈને ? માલણ સાથેની રકઝક અને તદ્દન સામાન્ય કપડાં જોઈને. લાલ કસુંબલ પાઘડી અને જરીઆન ખેસને બદલે મેલાંઘેલાં કપડાં જુએ એટલે વિચાર તો આવે. મીઠાં મરચાંનો થેલો કરનારાં પૂજાના કપડાં કેવાં હોય ! ભલે ચાલુ પહેરવા કરતાં સારા ચોખ્ખા, પણ સામાન્ય ને ? મુનિએ જે પૂછ્યું, 'આમ કેમ ?' તેના ઉત્તરમાં શેઠે કહ્યું, 'ભગવન્ ! ધર્મ સિવાય તો આપ પૂછો નહિ અને ધર્મની વાતમાં તો મને ઘણો આનંદ છે. પહેલાં જંજાળ હતી એટલે સુખે સામાયિક પડિક્કમણું નહોતો કરી શકતો. મેં જ ચારેકોરે ફોલી ખાનારા ઊભા કરી ગોઠવ્યા હતા, ત્યાં મને શે જપ ?' **જુઓ પૂર્વનો વૈભવ યાદ નથી આવતો પણ પૂર્વની ધર્મબાધક ઉપાધિ યાદ આવે છે.** કેળવો આત્માને એ વિચારીને કે, 'ધારીએ તો મન કેટલું મોટું કરી શકીએ ?' આ શેઠ છોકરાઓને ફોલી ખાનારા કહે છે. ઘરમાં બારણાં કે ગટરો ઉઘાડી રાખી ઉંદરો વધારી દેવાય પછી ફોલી ન ખાય ? ઘડીકમાં આ હાથે–ઘડીકમાં પેલા હાથે, જે જીવો જગતને બહુ માને છે. 'મારા દીકરા ! એની વહુઓ ! વળી એનાં દીકરા ! ઓહો ! ઘર ભર્યું ભર્યું !' પણ એને ખબર નથી કે એ બધા પ્રતિસમયે ફોલી ખાય છે. કોઈ કહે છે, 'કંઠી લાવો.' તો કોઈ કહે છે, 'કાંટો લાવો.' કોણે એમ પૂછ્યું કે, 'તમે તમારે મંદિર ઉપાશ્રયે જાઓ. તમે અમારી જંજાળ બહુ કરી હવે અમારે તમારી કરવાની. બસ ધર્મ વધારે વધારે કરો' છે કોઈ આ કહેનાર ? ના વેઠ કરાવનાર ને ફોલી ખાનારા છે.

**જાતનું સુધારો આગળ લેખે લાગશે :** શેઠ મુનિને હજુ આગળ કહે છે, 'હવે શાંતિ છે. સામાયિકમાં બેસું છું ત્યારે મને ચક્રવર્તીની નહિ પણ ઇન્દ્રની દયા આવે છે કે બિચારાને વિરતિધર્મનો કેવો અંતરાય ! ગમે તેવા સારા માનેલા ઋદ્ધિ ઠકુરાઈના સંયોગ, પણ આયુષ્યની દોરીને તો ઘસાવી જ નાખવાનાને ? જીવન

પૂરું થયા પછી શું ? એ તો જે કાંઈ સામાયિક વ્રત-પચ્ચક્ખાણ કરી લીધા હોય તો આગળ જવાબ આપે. અહો ! પ્રભુએ કેવું સામાયિક બતાવ્યું છે ! નથીને એમાં જો આયુષ્ય તૂટે, તો અવશ્ય સ્વર્ગ કે મોક્ષ મળે. હવે મારે શાંતિથી સામાયિકાદિ થાય છે. મારે તિજોરી છે નહિ કે ચોરની જંજાળ હોય. કુટુંબ છે નહિ કે એની કંઈ લાવવા મેલવાની જંજાળ હોય. ઘર પોતાનું નથી કે આગ લાગે તોય જંજાળ હોય.' સાધુ કહે, 'કેમ એમ ? કુટુંબ ક્યાં ગયું ?' શેઠ કહે, 'હયાત છે બધું. એમણે મને આ ધર્મની સગવડ કરી આપી, બહુ ઉપકાર કર્યો છે.' હૃદયનું બોલે છે આ હોં. કુટુંબને દિલથી ખરેખર ઉપકારી માને છે. સાધુ મૌન રહ્યા. શું કહે ?

**માણસ કોનું નામ ? :** શેઠ કેવા માણસ તેનું નામ જેને એક હાથે લેતાં આવડે ને બીજે હાથે ઉડાડતાં આવડે, પ્રસંગે કોઈની સેવા લે, તો અવસરે જાત મહેનત ઝિંદાબાદ પણ કરી શકતો હોય. જગતને પંપાળતાંય આવડે અને પ્રસંગે મોં ફેરવી લેતાંય આવડે. જગતમાં ચક્ર છે પુણ્યપાપના; એ સુખ દુ:ખના ચક્કરે ચડાવે. રામચંદ્રજી-નળરાજા જેવાને ચક્રે ચક્કરમાં ભમાડ્યાંને ? **જ્યાં સુધી હૃદયમાં જિન નથી વસ્યા, ત્યાં સુધી વધારામાં હર્ષશોકનાં ચક્રમાં ભમવાનું છે, શ્રી જિન વસે પછી કોઈ હરખશોક નામ ન લે. તો પછી નવાં કર્મ પણ નામ ન લે !** જગતને જીવ પોતાનું કરે છે, માટે જગત જીવને પોતાનો કરી રાખી ચોરાસી લાખ ગલીકૂંચીઓમાં ઘુમાવે છે. માટે ધૂન એ રાખો કે, 'જગતને મારું કરવા પાછળ મનુષ્યભવ ખર્ચવા કરતાં, આ ભવમાં જિનને મારા કરી લઉં !' **જગત કોઈનું થયું નથી, થતું નથી. થવાનું નથી.** જગત સુધારવાને બદલે જિનવાણીથી આત્માને સુધારું, તો એ કર્યું આગળ લેખે લાગશે.

**ભાવ આરોગ્ય એટલે મોક્ષ : તે અપાવનાર ચારિત્ર : જગતની બહુ ગુલામી કરવા છતાં જગતને કદર નથી. શ્રી**

જિનની થોડી પણ ગુલામીમાં ફળ મહાન મળે છે. હવે શેઠની કાયામાં કૌવત ન હતું, માટે ચારિત્ર વિના અટક્યા હતા. બાકી તો એવા વૈરાગી બની ગયા હતા કે તાકાત આવે તો લેવાની તૈયારીવાળા હતા. અવસરની રાહ જોતા હતા. અસાધ્ય રોગીને પણ કોઈ કીમિયાગર આવીને કહે, 'છ મહિનાં કડવાં ઔષધ લેવાં પડશે તો સાજો થઈશ.' તો એ માટે તૈયાર ન થાય ? જરૂર થાય કેમ ? આરોગ્ય ગમે છે. આરોગ્યની આશામાં જો રોગી તૈયાર, તો જે વસ્તુ પૂર્ણ આરોગ્ય લાવે તે પળે પળે યાદ આવ્યા વિના કેમ રહે ? ઘોર નિરાશામાં આશા કેમ ન રખાય ? ડૉક્ટરે નક્કી કહ્યું હોય, મરવાનું છે હવે, મટે તેમ નથી, તોય દરદી રુએ છે. 'હાય, એમ જ મરવાનું ? આ રોગ મને ક્યાંથી વળગ્યો ?' દરદીને આરોગ્ય ગમે છે. લઘુકર્મી આત્માને ભાવ આરોગ્ય એટલે મોક્ષ ગમે, ચારિત્ર મોક્ષને લાવનાર છે, માટે ચારિત્ર ગમે. એવું ગમે કે, એ વિના આત્મા રડીરડીને દિવસ કાઢે.

શેઠની આ સ્થિતિ હતી. એમાં યોગ્ય ગુરુ મળ્યા, પ્રોત્સાહન આપ્યું, તો શેઠે ચારિત્ર લીધું; સુંદર પાળ્યું; અને સમાધિમાં કાળ કરી ઉચ્ચ દેવલોકે ગયા.

## પ્રમાણિકતા આજે પણ જીવે છે

### દિ. દ. વર્ષ-૩૫ અંક ૨૦/૨૧

### જિનવાણી અમૃતધારા – રમેશભાઈ ડ્રાઇવર

'ઓ રિક્ષાવાળા ભાઈ ! આ પોટલું શાનું છે ?' પોતાનો માલ–સામાન રિક્ષામાંથી બહાર કાઢી લીધા બાદ રિક્ષામાં રહેલું મેલું–મેલું પોટલું બતાવતા ભાડાની રિક્ષામાંથી ઊતરેલી એક વ્યક્તિએ પ્રશ્ન કર્યો. 'એ તો મારી ગાડીનું કામ કરવા માટે ચીંદી લાવ્યો છું.' રિક્ષાવાળાએ ઠાવકાઈથી જવાબ તો આપી દીધો, પણ એને ખબર

પડી ગઈ કે આ તો પેલા અંધ મુસાફર જેની સાથે ૫-૬ વર્ષનો બાળક હતો એનું ભૂલાઈ ગયેલું પોટલું છે. એણે એ પોટકાને સાવધાનીથી પોતાની સીટ નીચે મૂકી દીધું. આ રિક્ષાવાળા ભાઈ રમેશભાઈ જૈન છે અને પૂના પાસે હડપસર ગામના વતની છે. પૂર્વે નાસ્તિક જેવા પરંતુ.

રાત્રે ઘેર ગયા પછી પોટકું ઉઘાડીને જોયું તો, 'આ શું ? રૂપિયા ૨૦,૦૦૦ની નોટોનું બંડલ ?' રિક્ષાવાળાની આંખો પહોળી થઈ ગઈ. 'મારે હાલમાં ભાડાથી રાખેલું મકાન કોર્ટે માત્ર થોડા દિવસોમાં ખાલી કરી આપવાનો હુકમ કર્યો છે. નવું મકાન ભાડે રાખવા માટે રૂા. ૬,૦૦૦ જોઈએ છે. પાઘડીના હજારો રૂા. જોઈએ છે, તો એ માટે આનો ઉપયોગ કરી શકાશે.' એમ ભયંકર ગરીબીથી કંટાળી ગયેલું મન પૈસાને રાખી લેવા દોરાતું હતું પણ જૈન ધર્મથી વાસિત, ગરીબીમાં પણ અમીરી દિલ ધરાવતા એમના પત્ની અને છોકરીઓને આ મંજૂર નહોતું. એમણે સુણાવી દીધું, 'રસ્તા ઉપર રહીશું પણ પારકું હરામનું ધન તો ઘરમાં રહેવા નહિ જ દઈએ. ધન માલિકને પાછું આપી દેવાનું.' એમને માત્ર બોલવું જ છે મજૂરી મારે કરવાની છે. કાળી મજૂરી કરતાં પણ ૨૫ વર્ષમાં પેટ ભરીને જમ્યો નથી, અંગ ઉપર સરખા કપડાં પહેર્યાં નથી, આંધળા ભાઈ મને કોઈ રીતે પકડી શકે તેમ નથી.' ડ્રાઇવરનું રાવણ મન વિચારતું હતું એમાં ઊંઘ આવી ગઈ. ઊંઘમાં બીડાયેલી આંખ સામે પોતાના ભાડાના ઘરમાં પધરાવાયેલી શ્રી જિનેશ્વર ભગવંતની મૂર્તિ સાક્ષાત્ હાજર થઈ. પછીથી ગુરુ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને મુનિઓએ સ્વપ્નમાં દર્શન દીધા. પૂર્વે સાંભળેલી જિનવાણી સ્મરણપટ્ટ ઉપર અથડાઈને જાણે કહેતી હતી, '**માનવ ! ન્યાય એ જ ધર્મ મેળવવાનો રહસ્યભૂત ઉપાય છે.** અનીતિનું ધન એ તન અને મન બંનેને બગાડે છે, એના દશે પ્રાણો હરી લેવા જેવું છે.' અને આ દિવ્ય જિનવાણીની જીત થઈ. આચાર્ય મહારાજશ્રીના ફોટા ઉપર

હાથ મૂકી એ રડી પડ્યો. રૂદન અઢી કલાક ચાલ્યું. તરત જ ત્રણ નવકાર ગણી એણે પૈસા પરત કરવાની પ્રતિજ્ઞા લઈ લીધી. પૈસા લઈ એ તુરત જ ઘર બહાર નીકળ્યો. પોલીસને વચ્ચે રાખી એણે પૈસા સહિત પોટલું આંધળા મુસ્લિમ ભાઈને પરત કર્યું. પૈસા પરત કરનાર આ ખુદાના ફિરસ્તાના પગ પકડી એ અંધભાઈ રડી પડતાં બોલ્યા, 'અલ્લાહ પર આસ્થા રાખનાર કોઈ મુસ્લિમ ડ્રાઇવર પણ આમ ઘેર આવીને આટલી મોટી રકમ પાછા આપવા ન જ આવ્યો હોત. લો ભાઈ ! આ ૫૦૦/- રૂા. તમને ભેટ આપું છું અને આ ૫૧/- રૂપિયા તમારા ભગવાનના ભંડારમાં નાખવા આપું છું. રિક્ષાવાળા રમેશભાઈએ જવાબ વાળ્યો, 'મારે મારા સત્કાર્યના બદલામાં કાંઈ જ જોઈતું નથી અને આ ભગવાનના ભંડારની રકમ પણ જો તમે કાયમ માટે દારૂ બંધ કરો તો તમે ચાલો મારી સાથે ભંડારમાં નાખવા. તમને મારા ભગવાને પૈસા પરત અપાવ્યા તો તમો ભગવાનને દારૂ ત્યાગની પ્રતિજ્ઞા આપો.' અંધ મુસલમાન ભાઈએ સહર્ષ જિંદગીભર દારૂનો ત્યાગ કર્યો, પછી જ ભંડારમાં રૂા. ૫૧/- નંખાયા.

૨૨ વર્ષથી એક પણ ઍક્સિડન્ટ કે પોલીસ ફરિયાદ વગરના એ રિક્ષા ડ્રાઇવરનું પૂના રોટરી ક્લબે સન્માન કર્યું, પૂનાના એ પ્રામાણિક ડ્રાઇવરનું નામ છે રમેશભાઈ. એમણે આચાર્યદેવશ્રીના પૂનાના ચાતુર્માસ દરમિયાન પૂજ્યશ્રીની નિશ્રામાં માસક્ષમણનો ઉગ્ર તપ કરેલ. છઠ્ઠના પારણે આંબેલથી વર્ષીતપ કરેલ. મઢુલી જેવા ભાડાના ઘરમાં પણ એ શ્રી જિનેશ્વરદેવના પ્રતિમાજીનું પૂજન મજેથી કરી રહ્યાં છે.

## કાલે કદાચ કતલખાને જવું પડશે તો ?

ડ્રોઇંગ રૂમમાંથી અતુલભાઈ બોલ્યા... એ સાંભળે છે, જો આ જીવદયા પ્રેમીઓ સો રૂપિયાની રસિદ ફડાવા આવ્યા છે શું જવાબ આપવો છે ? કિચન રૂમમાંથી અવાજ આવ્યો આવતી કાલે મર્યા પછી

તમારે પણ કદાચ પશુ થવાનું અને કતલખાને જવાનું થાય, એ વિચારીને જે કરવું હોય તે કરો ! એટલે શું કહેવા માગે છે ? કશું જ નહિ જિંદગીમાં એવા નઠારા પાપો કર્યા છે કે દુર્ગતિ તો નક્કી જ થઈ ચૂકી છે. આજ નહિ તો કાલ ઘોડા–ગધેડા–ઊંટ–બકરા કે બળદિયા થવું જ પડશે. ભૂખે તરસે રીબાવું પડશે અને કતલખાને કપાઈ મરવું પડશે. એ બધામાંથી જો છૂટકારો જોઈતો હોય તો હમણાં કાંઈક કરી છૂટો. કોકનો જાન બચાવો તો તમારો જાન કોક બચાવશે ! અને શેઠે... રૂા.નું દાન જાહેર કર્યું. (ધર્મપત્નીના સદુપદેશથી)

## પશુઓ મરે તો મરવા દો

શેઠ ! ગુજરાતની પાંજરાપોળેથી આવ્યા છીએ. દુકાળ ભારે વર્તાઈ રહ્યો છે. પશુઓ મરી રહ્યા છે. આપ ફૂલ નહિ તો ફૂલની પાંખડી પણ દાનમાં આપો. અરે ! નાલાયકો ! તમને કાંઈ શરમ છે કે નહિ ? શું ભીખ માગવા નીકળી પડ્યા છો ! પશુઓ મરે તો મરવા દો મારે કશું જ દેવું નથી. રોજ દહાડો ઉગે ને તમારા જેવા કોક ને કોક હાલી નીકળે છે. આ તમારા બળદિયાઓને જીવાડવા અમારે મરી જવાનો દાડો આવશે, હાલતા થઈ જાવ હાલતા ! ફરી ખબરદાર જો કોઈ દિ' અહીં ફરક્યા છો તો ! પેલા કાર્યકર્તાઓ ઊભી પૂંછડીએ રવાના થઈ ગયા અને શેઠ પાટલે જમવા બેઠા. થાળીમાં ભોજન પીરસાય તેની રાહ જોતા રહ્યા પણ શ્રીમતીએ કશું પીરસ્યું જ નહિ ત્યારે શેઠ એકદમ અકળાયા અને બોલી ઊઠ્યા કેમ ! મને ભૂખે મારવાનો છે ! શ્રીમતી કહે, ગઈકાલે તો ભાણું ભરીને ખવડાવ્યું છે. હવે આજે શું છે ? રોજ ને રોજ તે આ વળી શી પંચાત ! છાનામાના ઊભા થઈ જાવ. ખબરદાર હવે પછી કોઈ દિ' ખાવાનું માગ્યું છે તો. એકાએક ફાટેલા આ એટમબોમ્બથી શેઠ તો પરસેવે રેબઝેબ થઈ ગયા અને નરમઘેંસ બનીને ઘરવાળીને પૂછવા લાગ્યા. રે ! મારી શું ભૂલ થઈ છે તે તું આમ તાડુકી રહી છે. ત્યારે પત્નીએ જવાબ આપ્યો,

તમને જો મારી પાસેથી રોજ ખાવાનું માંગતા શરમ નથી આવતી તો જે પશુઓ માનવના આધારે જીવે છે એ પશુઓ માટે ઘાસચારાની જરૂર પડે તો કોની પાસે માંગે ? જો તમારે ખાવા રોજ જોઈએ તો પશુને પણ ખાવા રોજેરોજ જોઈએ કે નહિ ? ડાહ્યા થાવ અને રોજ આટલા રૂપિયાનું દાન દેવાનું નક્કી કરો પછી જ રોટલા મળશે અને શેઠે પત્નીની વાત ન છૂટકે પણ વધાવી લીધી.

## સત્ત્વની કમાણી ઉપર મેનેજરનું દૃષ્ટાંત

**સાધનામાં સત્ત્વ-જોમ-વીર્યોલ્લાસ અતિ આવશ્યક છે.**

**કંપની-મેનેજરનો સત્ત્વ-વિકાસ :**

લૌકિક વ્યવહારનો એક દાખલો જુઓ-પરદેશમાં એક નવી કંપનીના મેનેજરને ૮૦૦ ડૉલરનો પગાર; કિન્તુ એની કુનેહથી કંપની આગળ આગળ વધતી જોઈ બીજી કંપની વાળાએ ૧૨૦૦ ડૉલરના પગારથી પોતાને ત્યાં મેનેજર તરીકે આવી જવા ઓફર કરી. આ મેનેજરે પોતાના ડાયરેક્ટરોને વાત કરી.

ડાયરેક્ટરોએ કહ્યું, "અમે તમને સારો ચાન્સ મળતો હોય તો ના પાડી શકીએ નહિ; તમે જુઓ છો કે તમારી જ હોશિયારીથી કંપની કેટલી આગળ વધી રહી છે ! તે તમારા જતાં એનો વિકાસ અટકી પડશે ને હમણા કંપનીની સ્થિતિ જોતાં તમે ઊંચા પગારને લાયક હોવા છતાં કંપનીને હાલ એટલો ઊંચો પગાર આપવો પોષાય એમ નથી. હવે આના ઉપર તમે યોગ્ય વિચારી લો."

ડાયરેક્ટરોના સૌમ્ય અને સહાનુભૂતિભર્યા શબ્દોથી મેનેજરને કંપની પ્રત્યે લાગણી થઈ આવી, તે કહે છે, "ભલે એ બીજી કંપનીની ઓફર જતી કરી હું અહીં જ રોકાઈ જઈશ." ડાયરેક્ટરોએ ખૂબ આભાર માન્યો.

પરંતુ પછીથી ૮-૧૦ મહિના બાદ એવું બન્યું કે કોઈ બાબતમાં મેનેજર સાથે ડાયરેક્ટરોને એવો વાંધો પડી ગયો, કે મેનેજરને રાજીનામું આપી દેવું પડ્યું ! અલબત્ત ડિસમિસ થવાની નાલેશીથી બચી જવાયું, પણ નોકરી છૂટી ગઈ. હવે પેલી મોટી ઓફર કરનારી કંપનીમાં તે મેનેજરની જગા પૂરાઈ ગઈ હતી, એટલે હાલ આને ઘેર બેસવું પડ્યું.

એમાં એક માનસશાસ્ત્રી મળ્યો. એને આ નિવૃત્ત મેનેજર કહે છે, 'જુઓ, ઈશ્વરને ત્યાં કોઈ ન્યાય છે ? ઈશ્વરને દયા છે ? મેં કંપનીના ભલા ખાતર દોઢા પગારની નોકરીની ઓફર જતી કરી, ત્યારે અત્યારે ઈશ્વર મને બેકાર બનવાની સ્થિતિમાં મૂકે છે.'

**માનસશાસ્ત્રીની સલાહ : ઈશ્વરની દયા શેમાં ? :**

ત્યારે માનસશાસ્ત્રી કહે, 'તમે ઈશ્વરની દયાને શું સમજો છો ? માત્ર રૂપિયા પૈસાની ફૂટપટ્ટીથી જ ઈશ્વરની દયા મપાય ? શું ઈશ્વર રૂપિયા આપે તો જ દયાળુ ? નહિતર દયા વિનાનો ? ઈશ્વરની દયા માત્ર રૂપિયા જ આપવામાં છે ?'

મેનેજર કહે, 'તો પછી બીજી શી રીતે ઈશ્વરની દયા ?'

આ કહે, **'ઈશ્વરની દયા તો સદ્ગુણો, શક્તિ, સત્ત્વ વગેરે ઘણુંઘણું આપવામાં છે.**

એટલે આમાં ઈશ્વરે તમને અંદરનું સત્ત્વ વિકસાવવા તક આપી છે, તે કાં ભૂલો ?

**જીવનમાં પૈસા કરતા સત્ત્વની મોટી કિંમત છે.** ગમે તેવા સંયોગ-પરિસ્થિતિમાં પણ જો તમે સત્ત્વ ધરાવો છો, તો તમે ખરેખર સુખી છો; અને તમારો આત્મા બીજા માનવો કરતા ઊંચા સ્તરમાં છે. માટે ઈશ્વરનો આભાર માનો કે રૂપિયા કરતા બહુ ઊંચી કિંમતી વસ્તુ સત્ત્વ કમાવાની તમને તક આપી ! બાકી પૈસા ગમે તેટલા હોય, પણ સત્ત્વ ન હોય, તો તે ડગલે ને પગલે દુ:ખી થાય છે.'

મેનેજરને વાત મગજમાં બેઠી. એ કહે છે, 'બરાબર, તમારી

વાત સાવ સાચી છે. તમારો આભાર માનું છું કે તમે ઈશ્વરની દયાની ઓળખ કરાવી.'

માનસશાસ્ત્રીએ મેનેજરને સત્ત્વ કમાવાની કેટલી સુંદર સલાહ આપી ! કાંઈક વાકું પડ્યું તો કેટલાય માણસ ભગવાનને દોષ દેવાનું કરે છે ! પણ એને ખબર નથી હોતી કે કદાચ ત્યાં અનિષ્ટ થયું દેખાવામાં કદાચ કુદરતના કોઈ ગેબી સંકેત હોય. જો એ સત્ત્વથી સહન કરવાનું કરે, તો સંભવ છે કે પછીથી કંઈક ન ધાર્યું સારું બની આવે ! પરંતુ આ સહી લેવા માટે સત્ત્વ કેળવવું પડે.

મેનેજરે રોજ સવાર-સાંજ ઈશ્વરને પ્રાર્થનામાં ઈશ્વરનો ઉપકાર માનવા માંડ્યો કે, 'પ્રભુ ! તારી કેવી દયા, કે આ જગતની મહાકિંમતી વસ્તુ 'સત્ત્વ'ની કમાઈની તેં મને તક આપી ! તારો આભાર માનું છું. આમ જગત પર અને મારા જીવન પર તારી કેટલી બધી દયા ! સાથે સાથે, પેલી કંપનીવાળા ડાયરેક્ટરો પણ કેવા ભલા કે અત્યાર સુધી આ જીવનમાં હું રૂપિયા જ કમાવા લાયક ચીજ સમજતો હતો. તે એના બદલે ખરેખર કમાવા લાયક તો સત્ત્વ છે, સત્ત્વ વિકાસ છે, એ સમજવા તક આપી.'

બસ, મેનેજરની રોજની બે વારની આ શુદ્ધ દિલની પ્રાર્થનાથી એને ઈશ્વર પ્રત્યે સદ્ભાવ તો વધ્યો, ઉપરાંત થોડા જ વખતમાં એને સારી કમાઈ પણ મળી ગઈ !

જીવનમાં સત્ત્વની કમાઈ એ મોટી કમાઈ.

આવા સત્ત્વનો વિકાસ મનુષ્ય કરી શકે; કારણ કે -

What is human being ?

A human being is not a belly but a brain.

અર્થાત્; મનુષ્ય પ્રાણી શું છે ? તો કે મનુષ્ય પ્રાણી એ પેટ નથી, પણ મગજ છે. એટલે કે ઢોરના-પશુના જીવનમાં માત્ર પેટનો વિચાર-એટલે પેટ મુખ્ય, પરંતુ મનુષ્યના જીવનમાં પેટ મુખ્ય નહિ, પરંતુ મન

મુખ્ય છે, કે જે મનથી ઉત્તમ શુભ વિચાર કરી શકે છે. તો જૈન મનુષ્ય જીવનમાં એવા ઉત્તમ સારા ભાવ એ જિનદર્શન-જૈનશાસનની મહાન બક્ષિસ છે.

## સત્ત્વ વિકસાવવા ઉપર દૃષ્ટાંતો

**દિ. દ. ૫-૧૦-૯૧ પા. નં. ૨૮/૨૯/૪૨**

સાત્ત્વિક પ્રકૃતિ બહાર બજારમાં વેચાતી નથી મળતી હોં, તો પછી ક્યાંથી લાવવાની ? જંગલમાંથી ? ગુફામાંથી ? ખાણમાંથી ? ના, બહાર એ ક્યાંય ન મળે; સિદ્ધગિરિ પરથી કે મહાવિદેહમાં ભગવાનના સમવસરણમાંથી મળે કે નહિ ? ના, પ્રકૃતિ એ બહારની વસ્તુ જ નથી, આત્માની અંદરની વસ્તુ છે. અંદરમાંથી જેવી બહાર કાઢીએ તેવી દેખવા મળે. અલબત્ત, સાત્ત્વિક પ્રકૃતિ બહાર કાઢવામાં શ્રી સિદ્ધગિરિ, ભગવાનનું સમવસરણ અને શાસ્ત્ર તથા સંત પુરુષનું આલંબન કામ કરે છે. એ જોઈને, સાંભળીને મહાપુરુષોનાં ચરિત્ર સાંભળીને અંદરમાંથી સત્ત્વ બહાર સ્ફુરી આવે. પણ એ તો સહાયક થયા, બાકી મૂળમાં તો અંદરમાં જ ભર્યું પડેલું સત્ત્વ છે, તે બહાર કાઢવાનું છે, વિચાર-વાણી-વર્તાવમાં એનો ઉપયોગ કરવાનો છે.

**દશાર્ણભદ્રે સત્ત્વ પ્રગટાવ્યું :**

રાજા દશાર્ણભદ્ર મહા ઋદ્ધિ-ઠઠારા સાથે મહાવીર પ્રભુને વંદન કરવા ચાલ્યા, ને મનમાં સંતોષ માને છે કે, 'આવી રીતે વંદન કરવા જવાનો લાભ તો મને જ મળ્યો હશે; કોઈએ આવા ઠાઠથી વંદન કરવા જવાનું નહિ કર્યું હોય.' પરંતુ ત્યાં તો નગર બહાર નીકળતાં ઊંચે આકાશમાં જુએ છે તો પોતાના કરતાં લાખો ગુણ ઊંચા ઠાઠથી ઇન્દ્રને વંદનાર્થે આવતો જુએ છે. થયું, જોતાં જ મોતિયાં મરી ગયાં. ક્યાં ૫૦૦ હાથી અને ક્યાં ૬૪,૦૦૦ હાથી ? ક્યાં પોતાના એક હાથીને એક જ સૂંઢ, ને એના પર બે ખાલી ખમ દંતશૂળ ! ત્યારે ક્યાં

ઇન્દ્રના હાથીએ હાથીએ ૮-૮ સૂંઢ, ને એકેકી સૂંઢ પર ૮-૮ દંતશૂળ, તે એકેકો દંતશૂળ ખાલી કોરોધાકોર નહિ, પણ ૮-૮ વાવડીવાળો, જે એકેક વાવડીમાં લાખ-લાખ પાંખડીના આઠ-આઠ કમળ ને દરેક પાંખડી પર નૃત્ય કરતા દેવ-દેવી !

હવે આ જોઈને દશાર્ણભદ્રનો પોતાના ઠાઠનો સંતોષ, મદ ગર્વ ક્યાં ઊભો રહે ? તો પછી શું એ નિરાશ થઈ દબાઈ ગયા ? ભાન તો થઈ ગયું કે 'મારો શો ઠાઠ છે ? વાહ ! કેવો ઇન્દ્રનો ઠાઠ ! મારા પ્રભુના કેવા ઊંચા ભક્ત ! અનુમોદના તો થઈ પણ પછી શું માંડવાળ કરી કે 'ભાઈ ! પ્રભુને ઊંચા ઠાઠથી વંદન કરવાના આપણા શા ગજા ? ના, જોયું કે ઇન્દ્રનો આ ઠાઠ ઊંચો. તો શું મારી પાસે કોઈ ઊંચો ઠાઠ છે ? હા છે, સર્વ પાપત્યાગપૂર્વક ચારિત્ર લઈને પ્રભુનાં ચરણે કરાતું જીવન સમર્પણ એ ઊંચો ઠાઠ, ઊંચી ભક્તિ છે.'

પણ આ કરવા તો એકાએક જ બધું મૂકવું પડે. મોટું રાજ્યસુખ, ૫૦૦ રાણીઓનાં સુખ, ઊંચા વૈભવ વિલાસનાં સુખ, આ બધું એકદમ જ મૂકવું પડે; તે ય એમાંના કોઈની ય સાથે વાતવિચાર કે કશાની ય ગોઠવણ-વ્યવસ્થા કર્યા વિના જ. આ કેમ બને ? બને, સત્ત્વથી બને.

સત્ત્વ આત્માની અંદર ભર્યું પડ્યું છે. જ્યારે એ બહારમાં વિકસાવવાનું હોય છે અને જેણે જેણે સત્ત્વ બહારમાં વિકસાવવાનું કર્યું છે, એ કંઈ કોઈ બહારની ચીજમાંથી ઉધાર ઉછીનું માગી લાવીને નહિ, કિન્તુ પોતાની અંદરમાંથી જ બહાર કાઢીને... ભ્રમણામાં રહેવા જેવું નથી કે 'શું કરીએ ભાઈ ? આપણામાં એવું સત્ત્વ નથી, આપણે શું કરી શકીએ ? આ ભ્રમ છે. સત્ત્વ આપણી અંદરમાં જ છે. **સત્ત્વ ઉપર આવરણ ચડ્યું છે. મિથ્યા જ્ઞાનનું, મોહનું અને વીર્યાંતરાયનું.** એ ફગાવી દઈએ એટલી જ વાર.

**મેઘકુમારમાં સત્ત્વ હતું,** ત્યારે તો રાજશાહી સુખવિલાસ સમજીને જ ફગાવી દઈ ત્રિલોકનાથ મહાવીરપ્રભુ પાસે ચારિત્ર લીધેલું. પણ

પછી સત્ત્વ પર મિથ્યાજ્ઞાનનું આવરણ ચડી ગયું કે, 'આ સંથારામાં મુનિઓના પગની ધૂળ સહન કરવાનું આપણું ગજુ નહિ. આપણે તો ઘરે જઈ આરામથી પલંગમાં પોઢીશું.' આ નિર્ધાર કરી પ્રભુને જણાવવા આવ્યા.

દયાળુ પ્રભુએ એને જીવે આના કરતાં અનંતગુણાં વેઠેલાં નરકનાં દુ:ખ સમજાવ્યાં. મેઘકુમારે પોતે પૂર્વના જ તિર્યંચ હાથીના ભવે નાના સસલાને બચાવવા અઢી દિવસ એક પગ ઊંચો રાખેલ, તેમજ કારમા ભૂખ-તરસ અને અકળામણ સાથેના મૃત્યુ સુધીનાં દુ:ખ વેઠેલ એ બધું યાદ કરાવ્યું, જેના ફળરૂપે આ ઉચ્ચ ભવ મળ્યો, ઊંચા સુખ મળ્યાં, ઉપરાંત સર્વત્યાગની પુણ્યવૃત્તિ મળી તો હવે આટલા મામુલી કષ્ટમાં શું કામ કાયર બનવું ? શું કામ મહાત્માની તારણહાર પવિત્ર ચરણરજને સ્પર્શનેન્દ્રિયના પાપે કષ્ટરૂપ માનવી ?' એ સમજાવ્યું.

**પ્રભુએ શું કર્યું ? સત્ત્વ આપ્યું ? ના, સમજુતી આપી.**

**પ્ર. પણ સમજુતી એ જ સત્ત્વ ને ?**

**ઉ.** ના, તો તો લ્યો આ જ સમજુતી તમને ન મળી ? મળી, તો પછી સત્ત્વ મળી ગયું, હવે ઊઠો છોડો સંસાર. કેમ નથી છૂટતો ? કહો, સમજુતી મળી. પણ સત્ત્વ નથી પ્રગટ્યું. તો સમજી રાખો, સત્ત્વ બહારથી ક્યાંયથી નથી મળવાનું. અંદરમાં ભંડારી મૂકેલું પડ્યું છે, મોખ હોય, ને આ સમજ હોય, તો એને બહાર પ્રગટ કરો . મેઘકુમારે એ કર્યું, જોયું.

**સત્ત્વ વિકસાવવા વિચારણા :**

'હેં ? જનાવરના અવતારે આટલા બધા ડહાપણવાળો અને સાત્ત્વિક, તે અહીં હવે ઊંચા માનવ અવતારે અને પ્રભુને પામીને મૂઢ થાઉં ? કાયર બનું ? ના, જરાય નહિ ?' એ વિચારે છે, કે તોડી નાખું આ ઇન્દ્રિયોની વિષયાસક્તિનાં પાપને. હાથીના અવતારે દયા ખાતર સ્વેચ્છાએ મરણાંત કષ્ટ ઉઠાવી લેનાર હું એનો એ જ છું. હવે તો ભગવાન મળી ગયા છે. ભગવાન મળી ગયા પછી ભવના ફેરા

નહિ ઊભા રહેવા દઉં. ભવના ફેરામાં ફસાવી રાખનાર આ શરીર અને ઇન્દ્રિયોના સુખવિલાસને લાતે ફગાવીશ ! શરીર ઇન્દ્રિયો તો બીજે પણ મળેલ, કિંતુ ત્યાં ભગવાન નહોતા મળ્યા, ત્યારે અહીં જો ભગવાન મળી ગયા છે તો વિશેષતા શી, જો ભટકાવનારા એ શરીર-ઇન્દ્રિયોના સુખવિલાસ ઊભા જ રાખવાના હોય તો ? ના, પ્રભુ મળ્યાને સફળ કરીશ. કષ્ટ-તપથી શરીરની અને ત્યાગથી ઇન્દ્રિયોના સુખો અને મોજને તોડી નાખીશ. મારા પ્રભુએ પણ એ જ કર્યું છે. તો જ પ્રભુ બન્યા છે. 'ત્યારે એનો સેવક હું પાછો પડું ?'

બસ, અંદરમાં સત્ત્વ હતું જ, એને બહાર કાઢ્યું. મહા તપસ્વી મહા યોગી ધ્યાની બની ગયા. રાજા દશાર્ણભદ્રે એ જ કર્યું. અંદરના સત્ત્વને બહાર કાઢ્યું. પ્રભુ પાસે હજી ગયા નથી, પ્રભુની વાણી સાંભળી નથી, પણ પ્રભુને ઊંચા ઠાઠથી વંદન કરવાનો કરેલો નિર્ધાર ઊભો રાખ્યો, એને અમલમાં મૂકવા સર્વત્યાગ કરવો જોઈએ. એ કરવા આડે શું નડે છે ? કમ તાકાત ? સંયોગો ? રાજવીપણું ? ત્યાગનો કષ્ટનો બિન-અભ્યાસ ? સંસારનો રાગ ? શું નડે છે ? કશું નડતું નથી. આ બધા તો બહાનાં છે. સર્વત્યાગની કમ-તાકાત ક્યાં છે ? કોઈ પાકિસ્તાની જેવો જુલ્મગાર જીવતાં જ મૃત્યુનો ભય પમાડતાં જ સર્વત્યાગ કરાવી દે છે તો જીવને એ અપનાવી જ લેવો પડે છે. કમ-તાકાતનું બહાનું ક્યાં કામ લાગે છે ? એમ સંયોગો, રાજવીપણું, બિન-અભ્યાસ વગેરેને ય એ ભૂલાવી દે છે. કોઈ એવા રોગ, અકસ્માત જુલ્મ કે પરલોકયાત્રા વખતે, પૂર્વે કષ્ટ સહાવાનો કશો અભ્યાસ નહિ છતાં, મહા કષ્ટ સહાય જ છે ને ? સંયોગવાળાના સંયોગ ઊડ્યા, રાજાઓના રાજ્ય-રાજવીપણાં ગયા, સુખશીલની સુખશીલતા ઝુંટવાઈ ગઈ, છતાં જીવતા રહીને એ બધું સહી લીધું ને ?

બહાનાં કોની સામે ? પોતાના આત્માનાં જ કલ્યાણ સાધવાની વાત આવે ત્યાં બહાનાં ? ખરી વાત એ છે કે અંદરનું સત્ત્વ બહાર

કાઢવું નથી. તામસભાવમાં ને સત્ત્વહીન દશામાં જીવવું છે, જીવવું ગમે છે. ઉદ્ધાર શે થાય ?

**જુઓ, તામસભાવથી કેવાં કર્તવ્ય ભૂલાયાં ?**

પાંચ તિથિએ એક એકાસણું ય કરવું નથી. રોજ કે ૧૦ તિથિ એક પ્રતિક્રમણ કરવું નથી, તિથિએ લીલોતરી છોડવી નથી. ખાવાનો દિવસભર મોકળો છતાં શ્રાવક થઈને ટેસથી રાત્રે ય ચગરવું છે. માસિક ઘર-ખર્ચનો દસમો ભાગ પણ પ્રભુભક્તિમાં લગાવવો નથી. મહિનામાં પશુક્રિયાના ૨૦ દિવસ ખુલ્લા છતાં ૧૦ તિથિય બ્રહ્મચર્ય પાળવું નથી. આ બધામાં શું નડે છે ? કમતાકાત ? સંયોગો ? ખોટા બહાનાં છે. અંદરનું સત્ત્વ બહાર કાઢવું નથી એ નડે છે.

સત્ત્વ-રજસ-તમસ ત્રણે પ્રકૃતિઓ આત્માની જ છે. બહારથી ભાડુતી લાવેલી નહિ. એમાં તમોભાવ અને તમોભાવ-મિશ્રિત રજોભાવને ખંખેરી નાખવાના અને સત્ત્વ-સાત્ત્વિકભાવને બહાર પ્રગટ રાખવાનો છે. સત્ત્વ વિકસાવો તો કઠિન પણ સાધના સહેલી બની જશે. દશાર્ણભદ્રે પોતે જ પોતાના અંદરના સૂતેલા સત્ત્વને જાગ્રત કર્યું, સળસળાવ્યું, જુસ્સો પ્રગટ થઈ ગયો અને સવારી પ્રભુની પાસે પહોંચતાં જ ઇન્દ્ર જોતો રહી ગયો અને રાજાએ સર્વત્યાગ કરી ચારિત્ર લઈ લીધું, લઈને ઉત્કૃષ્ટ ઠાઠથી પ્રભુને વંદન કરવાનો સંતોષ માણ્યો માટે સત્ત્વ વિકસાવો તો બધું સહેલું થઈ જાય.

સત્ત્વ વિકસાવવામાં આવે તો ખોટાં નિમિત્તો મળતાં રાગ-દ્વેષ-આસક્તિ-ઈર્ષ્યા વગેરે દુષ્ટ ભાવો પણ ઊઠતાં અટકાવી શકાશે.

**સત્ત્વ વિકસાવવા શું કરવું ?**

**પ્ર. પણ આટલું સાંભળવા છતાં સત્ત્વ વિકસે જ નહિ ત્યાં શું થાય ?**

ઉ. તો કહ્યું ને કે ચાર શરણાં વારંવાર સ્વીકારો. શાસ્ત્રે આ પ્રારંભિક ઉપાયો બતાવ્યો છે. રોજ ત્રિકાળ તો એ કરો જ, પણ વધારામાં જ્યારે જ્યારે રાગાદિ દુષ્ટ ભાવો જોર મારે ત્યારે ત્યારે એ

વારંવાર કરો. મનમાં લાવો, 'પ્રભુ ! હું નિઃસત્ત્વ છું કે આ રાગાદિને વશ થાઉં છું. હું મૂઢ છું. શું કરવું એ સમજાતું નથી. મારે તમારું શરણ છે. સિદ્ધ ભગવાન ! મારે તમારું શરણ છે. સાધુ ભગવંતો ! મારે તમારું શરણ છે. સર્વજ્ઞકથિત ક્ષમા નિસ્પૃહતાદિ ધર્મ મારે તારું શરણ છે. અરિહંતાદિ ચારે ય ! મને તમે જ બચાવનાર છો. જગતના કર્મપીડિત જીવોને તમે જ બચાવો છો, તો હું તમારે શરણે છું.'

આ શરણ સ્વીકાર સાથે જન્મ-જન્માંતરના દુષ્કૃત્યોની ગર્હા-નિંદા-પશ્ચાત્તાપ તથા મહાપુરુષોનાં સુકૃતોની અનુમોદના કરતા રહેવાનું.

વારંવાર આ શરણ-સ્વીકાર, દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદન તથાભવ્યત્વાદિ ભાવોનો પરિપાક કરે છે, એને પકાવે છે, એટલે એ કાર્યોન્મુખ બને છે, મહામિથ્યાત્વાદિ પાપનો નાશ કરવા પૂર્વના પાપાનુબંધો અશુભ અનુબંધોને તોડી નાખવા સમર્થ બને છે. આત્માઓ એમ જ મહાત્મા બન્યા છે.

**મરુદેવા** માતા દીકરા ઋષભદેવને જોવા આવ્યા, પ્રભુએ ન સામે માતાને લેવા જવાનું કર્યું કે ન કોઈ દેવને યા માણસને સામે લેવાને મોકલ્યો. માતાને ખોટું લાગ્યું, 'હું હજાર વરસ જેની ખાતર રોતી બેઠી, એ હવે હું સામે મળવા આવું છું તો મને એ બોલાવતો નથી ?' રીસ ચડી પણ એ પછીથી ત્યાં જ હાથીના હોદ્દે કેવળજ્ઞાન પામ્યા, તે શું એ રીસ રાખીને પામ્યા ? ના, રીસ રાખીને વીતરાગ ન બનાય, ને વીતરાગ બન્યા વિના કેવળજ્ઞાન ન પમાય. ત્યારે

**માતાને રીસ ચડી હતી ને કેવળજ્ઞાન શી રીતે પામ્યા ? કહો, ચતુઃશરણ-સ્વીકાર આદિ ત્રણ ઉપાયથી.**

આ રીતે પામ્યા કે મરુદેવા માતાને મનમાં તરત આવ્યું કે, 'હું શાની મમતા કરું છું કે દીકરો મારો ને મને બોલાવતો નથી ? જગતમાં કોણ કોનું છે ? કોઈ પોતાનું નથી. સૌ જુદા છે, મરી મરીને દરેક જણ ચાલતું થાય છે, નથી કોઈ બીજાને સાથે લઈ જતું, કે નથી બીજો સાથે

જતો. બધા સંબંધ ફોક. નવા જન્મે નવા સંબંધ. મેં ખોટી મમતા રાખી, ને એથી જ ખોટી રીસ કરી.' આમ દુષ્કૃતગર્હા કરી.

વળી ચિંતવ્યું કે 'ઋષભદેવ તો વીતરાગ છે, નિઃસ્નેહી છે. એ મને બોલાવવાનો રાગ શું કામ કરે ? સ્નેહ શું કામ દાખવે ? રાગ-સ્નેહનો કચરો રાખ્યો હોત તો ઘરમાંથી નીકળીને ચારિત્રમાર્ગે જાત જ શું કામ ? ધન્ય છે એની વીતરાગતાને ! ત્યારે તો ત્રણે ભુવનના દેવો એને આવીને પગે પડે છે, સેવે છે.' આમ પ્રભુનાં સુકૃતની અનુમોદના કરી.

વળી એ અન્યત્વભાવનાથી મમતા રીસ વગેરેને ખોટા માન્યા એ સર્વજ્ઞકથિત 'નિર્મમત્વ' ધર્મનું શરણું લીધું, વીતરાગ અરિહંતના 'નિર્મમત્વ' સદ્‌ગુણ-સુકૃતને સારું માન્યું, સુકૃતની અનુમોદના કરી, પોતે એના આ સેવનને નક્કી કર્યું, એ અરિહંતનું શરણ લીધું.

આમ અરિહંતાદિ ચારના શરણ સ્વીકારે, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદનાએ મરુદેવા માતાના તથાભવ્યત્વને પકવી નાખ્યું. મોક્ષની યોગ્યતા ને પકાવી અને વીતરાગ બન્યા. જબરજસ્ત સત્ત્વ પ્રગટાવી પરમપદને પામી ગયા.

## શુભ ભાવનાના ખપી – ભરૂચના અનોપચંદભાઈ

**દિ. દ. તા. ૫-૧૦-૯૧ પા નં. ૨૧/૨૨**

'બીજા વિના ચાલે, પણ આના વિના ન ચાલે. આ શુભ ભાવો, શુભ વિચારો તો મનમાં વારે વારે લાવવા જ જોઈએ.' ક્યાંક મનમાં ભાવ ખરાબ આવ્યા યા વિચાર પાપના ચાલ્યા તો ઝટ ખટકો થાય કે 'અરે ? આ હું ક્યાં ચાલ્યો ? કેમ શુભ ભાવ રાખવા રહી ગયા ? કેમ શુભ વિચાર ભૂલ્યો ? લાવ લાવ, એને ઊભા કરવા દે.' મારા વિદ્યાર્થીને

ભણેલાની વારે વારે રટણાની જેમ શુંભ ભાવો ને શુભ વિચારોની રટણા રહ્યા કરે, તો મનાય કે મનને એ જરૂરી લાગ્યા છે.

**અનોપભાઈ શ્રાવક :**

ભરૂચમાં અનોપભાઈ શ્રાવક આવા એક આગેવાન શ્રાવક હતા, શુભ ભાવના ખપી એમને ત્યાં લગ્નનો પ્રસંગ આવ્યો એમાં નાત જમાડવાનું નક્કી કર્યું હતું. પછી નાતના એક બીજા ભાઈને ત્યાં લગ્ન પ્રસંગના હિસાબે એ ભાઈને નાત જમાડવાનો વિચાર થયો. પરંતુ એને નાત અનોપભાઈના કરતાં પહેલી જમાડવી હતી, પણ પેલી નાત તો નક્કી થઈ ગયેલી તે હવે કેમ ફરે ? ન્યાયસર કાંઈ બને એવું નહોતું, એટલે એ ભાઈએ અનોપભાઈની વિરુદ્ધ ગમે તેમ વાતો કરવા માંડી, બખાળા કાઢવા માંડ્યાં, 'અનોપભાઈ મોટા શેઠ એટલે શું થઈ ગયું ? શું અમે નાતમાં નથી ? અમારો શું હક નથી ? નાત મારી પહેલી જમશે...'

**અનોપભાઈ શ્રાવક :**

ડાહ્યા માણસો સમજે છે કે આનો ખોટો ધમધમાટ છે. પરંતુ એની સાથે કોણ લડવા જાય ? એમાં થોડું એમ ચાલ્યા પછી અનોપભાઈના કાન પર આ વાત આવી. આ તો શુભ ભાવના ખપી, ને શુભ વિચારની જરૂરવાળા શ્રાવક; અને જરૂર એટલે તો સમજો જ છો ને કે જેની ર એ પ્રસંગ પર તો ખાસ સાધી લેવાય ? અનોપભાઈ અહીં શુભ ભાવ શુભ વિચારને શું કામ ચૂકે ? 'મારે આની જરૂર છે, તો આમાંથી એ જ મેળવી લઉં, આ જ હિસાબવાળા એ શ્રાવક એટલે એમણે દિલમાં પેલા આડા માણસ માટે જરાય ક્રોધ કે દ્વેષનો મિલન ભાવ ઘાલ્યો નહિ. એમણે તો મૈત્રીભાવ ઉદારતાનો જ ભાવ ચમકાવ્યો. મનને એમ થયું કે, 'હોય, એ પણ આપણો ભાઈ જ છે, તો એને નાત જમાડવાની હોંશ હોય તો ભલે એને પહેલો ચાન્સ મળે. સ્થિતિએ મોટો શ્રીમંત નથી, છતાં એને નાત જમાડવાના કોડ થાય છે, તો એના

કોડ પહેલાં પૂરા થવા જોઈએ.' એમણે કેઈ અભિમાનના ઘરના તુચ્છ વિચાર કર્યા નહિ કે, 'જમાડ્યું જમાડ્યું ? એ શું જમાડવાનો હતો ? જાગવું મોડું છે, ને જમાડવું પહેલાં છે ! ભલેને મારી વિરુદ્ધ લવારા કરતો, એનું જરાય ચાલવા ન દઉં. બહુ ગરબડ કરશે તો ઉખડી જશે.' ના, આવો કોઈ વિચાર નહિ.

એ અભિમાનના વિચાર છે, તુચ્છતાના અશુભ વિચાર છે, ને અનોપભાઈને એની જરૂર નથી. એમને તો જરૂર છે શુભ વિચારની તેથી સામાની આડાઈ કે પોતાની વિરુદ્ધ બખાળાને મહત્ત્વ જ ન આપ્યું, કશી સ્વમાનહાનિ માની નહિ; પણ સામાએ એક કોડિલા જીવ તરીકે ન્યાય આપ્યો, 'હોય એ પણ જીવ છે, એને ય કોડ થાય. આપણે એના કોડ પૂરા કરવાના.'

મૈત્રી ક્ષમા આદિ શુભ ભાવની અને સ્વાર્થના નહિ પણ પરાર્થના શુભ વિચારની જ એમને જરૂર લાગેલી છે, તેથી પ્રસંગ મળતાં એ શું કામ ચૂકે ? અનોપભાઈ તરત બીજી સવારે ઉઠીને દેવદર્શન કરવા નીકળ્યા ત્યારે પેલા ભાઈના ઘરે પહોંચ્યા. પેલો ક્ષણભર તો હેબતાઈ જ ગયો કે, 'હું જેની વિરુદ્ધ બોલું છું એ મોટા શેઠ મારા ઘરે ચાલીને આવે છે ?' એ સફાળો ઊભો થઈ ગયો, શેઠને આવકાર્યા, 'પધારો શેઠ પધારો.' ઘરમાં લાવીને બેસાડ્યા ગાદી પર.

પૂછે છે, 'મને આપને ત્યાં બોલાવી લેવાને બદલે આપ આટલે પધાર્યા ?'

'હા, કામ મારે હોય એટલે તો મારે જ આવવું જોઈએ ને ?'

'તો ય શું ? આપ મોટા માણસ આપના કામ માટે પણ અમને નાનાને ઘરે બોલાવી શકો છો. ફરમાવો મારા લાયક સેવા ?'

અનોપભાઈ કહે, 'કાલે મારા સાંભળવામાં આવ્યું કે આપને ત્યાં લગ્નપ્રસંગ આવે છે, ને આપને નાત જમાડવાની છે.'

આ ભાઈ કહે, 'હાજી શેઠ ! વાત સાચી છે.'

અનોપભાઈ કહે છે, 'તો જુઓ, અમારે ત્યાં પણ પ્રસંગ નક્કી થઈ ગયેલો છે. છતાં તમારી નાત પહેલી જમશે, ને અમારી પછી, આટલું નક્કી કરાવવા આવ્યો છું. તમારો બાબો-બેબી એ મારા જ છે, એટલે એની શોભા એ મારી જ શોભા છે. એમાં કશો સંકોચ રાખશો નહિ કે અનોપચંદનું પહેલું નક્કી થયેલું કેમ ફરે ? અનોપચંદ પોતે જ આ બચ્ચાને પણ પોતાના જ માનીને જમણ ફેરવે છે. એટલે ફરે. માટે જુઓ હોં તમારે ત્યાં નાત પહેલી જમશે.'

આ સાંભળીને એ ભાઈ ક્યાં ઊભા રહે ? અનોપચંદ શેઠની આ ઉદારતા અને તે પણ પોતાના ઘરે સામેથી ચાલી આવી કરાતી જોઈને એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં, પોતે આવા ઉદાર શેઠની વિરુદ્ધ કાઢેલા બખાળા માટે ભારે પસ્તાવો થયો, આંખમાં પાણી સાથે હાથ જોડીને કહે છે –

'શેઠ ! માફ કરજો મને. આપને મેં પહેલાં ઓળખ્યા નહિ; ને બહાર ગમે તેમ બોલ્યે રાખ્યું. જમણ આપનું જ પહેલું રહે. આપે પહેલું નોંધાવેલું, એટલે આપ હકદાર છો, ને એમાં હું ખુશ છું.'

દુર્જનનાં હૃદય પરિવર્તન થાય ? થાય,

**સજ્જનના બોલ અને વર્તાવ એ એવી મૈત્રી એવા સ્નેહભાવ અને એવી ઉદારતાભર્યા હોય છે કે સામાનાં દિલનો પીગાળી નાખે.**

એવા સજ્જન બનવું હોય તો શુભ ભાવો અને શુભ ભાવનાઓનો બહુ ખપ રાખવો જોઈએ, એની બહુ જરૂર રહેવી જોઈએ. એનો બહુ ખપ અને જરૂર એટલે શું, એ સમજો છો ને ? જીવનમાં સારી મનમાની સુખ-સગવડો, પૈસાટકા, માન-સન્માન ઊંચા ખાનપાન વગેરેની જેટલી જરૂર નહિ, એટલી શુભ ભાવ અને શુભ ભાવનાની ખાસ જરૂર લાગે. જીવનમાં ઓછું વધતું તો મળ્યા કરે, અનુકૂળ-પ્રતિકૂળ તો આવ્યા જ કરે, પરંતુ મુખ્ય લક્ષ આ હોય કે, 'મારે ખાસ ખપ શાનો

છે ? દુષ્ટ રાગ-દ્વેષાદિ ભાવો ટાળીને વૈરાગ્ય-જિનભક્તિ-ક્ષમા-મૈત્રી વગેરે શુભ ભાવ રાખ્યા કરવાનો એ માટે શુભ ભાવનાઓમાં રમતા રહેવાનો. તો પછી જો આનો ખાસ ખપ હોય, આ જો ખાસ જરૂરી લાગતો હોય, તો એનું મુખ્ય ધ્યાન રાખું. બહારનું તો ભાગ્યાધીન છે. ત્યાં દિલના ભાવ બગાડવાથી બહારનું સુધરી જવાનું નથી, કે સારું મળી જવાનું નથી. એ તો ભાગ્યને અનુસારે બનવાનું છે. માટે ભાવ શા સારું બગાડું ?'

## દુઃખિત પર અત્યંત દયા ઉપર દૃષ્ટાંતો

**દિ. દ. તા. ૪-૫-૮૫ પા. નં. ૨૪૧/૨૪૨**

શરીર કે મનથી દુઃખિત જીવો પર આપણા દિલમાં અત્યંત દયા; અર્થાત્ દુઃખિતને જોઈને દિલ દયાળુ હોય, દયાર્દ્ર બને. (૧) શરીરથી દુઃખિત હોય, રોગની પીડાવાળા હોય, યા ગુલામીના ત્રાસ-અપમાન-તિરસ્કાર-મારપીટ વગેરેથી દુઃખિત હોય, ત્યારે (૨) મનના દુઃખિત યાને કોઈ ચિંતા-શોક-સંતાપ-ભય-શંકા-રોગ વગેરેથી પીડિત હોય; એમને જોતાં દિલ દયાથી દ્રવી જાય. 'બિચારાને કેવીક પીડા છે !' ત્યાં દિલ કઠોર ન રહે, પછી ભલે એ દુઃખિત પીડાઈ રહેલો માણસ શત્રુ હોય યા દુષ્ટ કે ચોર વગેરે ગુનેગાર હોય. દા.ત. એક શ્રાવકનો પ્રસંગ આવે છે.

**દુઃખિત ઉપર દયા – શ્રાવકનો પ્રસંગ**

**શ્રાવકની ચોર પર દયા :**

રાજાએ કોઈને ચોર તરીકે શૂળીયે ચડાવ્યો છે. ત્યાં જઈને જતાં એક શ્રાવક પાસે ચોર તરસ્યો થયેલો પાણી માગે છે. શ્રાવકને દયા આવી જાય છે, એટલે દયાથી એને કહે છે,

"ભાઈ ! તું 'નમો અરિહંતાણં' રટ, હું પાણી લાવી આપું છું."

પાણી લઈને આવતા પહેલાં પેલો મરે છે, પણ નવકારની રટણામાં ! તે મરીને દેવ થાય છે ! અહીં શ્રાવક ચોરને પાણી લઈને આપવા આવે છે, એટલે એને ચોરનો સાગ્રીત માની રાજા એને મારવા લે છે, ત્યાં પેલા દેવતાએ નગર પર મોટી શિલા વિકૂર્વી ને નીચે ઉતારવા માંડી ! દેવે ચમત્કાર બતાવતાં રાજા શ્રાવકની ક્ષમા માગે છે. ચોર પણ જો પીડાતો છે તો એના પર દયાનું આ ફળ.

**શ્રાવિકાની સાપ પર દયા :**

સાપ ઝેરી પ્રાણી છે, પરંતુ એને કોઈ મારી નાખવા જતું હોય, તો એના પર પણ દયા આવે. રાધનપુરમાં નગર બહાર મુસ્લિમો એક સાપ જતો જોઈ લાકડીઓ ઉગામી મારી નાખવા તૈયાર થયેલા. એવામાં એક શ્રાવિકા બેન ત્યાં જઈને જતા હતા. એમણે કહ્યું, 'બિચારા આ જીવને શું કામ મારી નાખો છો ?'

પેલા કહે, 'સાપને શું મારી ન નાખે તો પૂજા કરે ? તારે જોઈએ તો લઈ જા, નહિતર અમે તો મારી નાખવાના !'

શ્રાવિકાને ખાતરી કે, 'આપ ભલા તો જગ ભલા.'

શ્રાવિકા બેને જમીન પર સાડલાનો પાલવ પાથરી સાપને કહ્યું, 'આવો નાગમામા ! આમાં આવી જાઓ. તમને જંગલમાં મૂકી દઉં.'

સાપને સંજ્ઞા કેવી કે વાતાવરણ સમજી જઈ સીધો પાલવમાં આવી ગુંચળું વળી બેઠો. શ્રાવિકા બેને પાલવ સંકોરી પોટલીની જેમ ઉપાડી જંગલમાં લઈ જઈ એને છોડી દીધો.

**શ્રીપાલની દુશ્મન કાકા પર દયા :**

બાળ શ્રીપાલકુમારના પિતાનું ખૂન કરાવી કાકો અજિતસેન ચંપાનગરીનો રાજા બની બેઠેલો. માતા રાણી બાળને લઈને ભાગેલી. ક્રમશઃ શ્રીપાળ મોટો થઈ મયાણસુંદરી અને બીજી આઠ રાજકન્યાઓને પરણ્યો. દશ રાજાઓ એની આજ્ઞામાં આવી ગયા છે. પિતાનું રાજ્ય લેવા એ લશ્કર સાથે આવે છે. કાકા અજિતસેન રાજાને કહેડાવ્યું,

'તમે અત્યાર સુધી રાજ્ય સંભાળ્યું-સાચવ્યું એ તમારો ઉપકાર. હવે હું મોટો થઈ ગયો છું, રાજ્યભાર સંભાળી શકીશ. તમે મને રાજ્યભાર મારા માથે મૂકી નિવૃત્તિ લઈ લો.'

કાકો એમ શાનો માને ? લડવા આવ્યો, પણ હાર્યો; એ ત્યાં જ યુદ્ધભૂમિ પર સંસારના કર્મની વિટંબણા દેખી. વૈરાગ્ય પામીને મનથી ચારિત્ર લઈ કાર્યોત્સર્ગ ધ્યાને ઊભા રહી જાય છે. શ્રીપાળ સમજ્યા કે, 'કાકાને અપમાન લાગ્યું, તેથી રીસમાં આમ ઊભા છે.' બસ, જો કે કાકા ભયંકર દુશ્મન છે, છતાં એમને અપમાનથી દુઃખિત જોઈ શ્રીપાળનું દિલ દયાથી દ્રવિત થઈ ગયું ! તે કહે છે –

'કાકા ! ક્ષમા કરો મારો અપરાધ. જાઓ ચોર-સાપ-શત્રુ-પરમાધામી પર દયા કરી સુખેથી રાજ્ય ભોગવો. મારે તમારું રાજ્ય નથી જોઈતું. પૃથ્વી ઘણી મોટી છે, હું બીજે રાજ્ય સ્થાપી લઈશ !'

દુઃખિત જીવો પર દિલમાં અત્યંત દયા આવે, તો આપણને ભાવમલ બહુ ક્ષીણ થવાનો સિક્કો લાગી જાય.

**અત્યંત દયા એટલે 'સાનુક્રોશત્વ' અર્થાત્ દયાર્દ્રતા.** એમાં (૧) દયા કરીને કોઈ સ્વાર્થ સાધી લેવાની લેશ પણ ઇચ્છા ન હોય, પણ સામાનું દુઃખ જોઈને સહજ ભાવે દિલ દયાથી પીગળી જાય. એમ (૨) દયાના ભાવની અખંડ ધારા-પરંપરા ચાલે; પરંતુ એમ નહિ કે હમણાં તો દિલમાં દયા ઊભરાઈ, પરંતુ પછી સામો કાંઈ અજુગતું બોલ્યો-ચાલ્યો. એટલે એના પર દયા મટીને કઠોરતા આવે યા દ્વેષ થાય. ના, દયાની ધારા ચાલી તે ચાલી, અખંડ ચાલે, પણ તૂટી ન જાય. આ ત્યારે જ બને કે દયા અંતરમાં ગુણરૂપે પ્રગટ થઈ હોય કે અત્યંત દયા એટલે બસ દયા જ, દ્વેષ કે કઠોરતા નહિ. નરકના જીવો પોતાના પાપે પીડાઈ રહ્યા છે, છતાં એના પર પણ દયા ઊભરાય કે, 'બિચારા કેવી ઘોર યાતનાઓ વેઠે છે !' એમ એને મારનારા પરમાધામી પર પણ દ્વેષ નહિ, કિન્તુ દયા આવે કે, 'બિચારા કેવા

તીવ્ર મોહનીય કર્મથી અને પાપબુદ્ધિથી પીડાઈ રહ્યા છે ને આવા ઘોર કૃત્ય કરે છે !' પૂછો –

**પરમાધામી પર દયા કેમ આવે ?**

**પ્ર. આવા ઘોર ઘાતકી પરમાધામી પર દયા શી રીતે આવે ?**

**ઉ.** એ સમજીને આવે કે, (૧) એક તો અહીં બેઠા આપણે મારનાર પરમાધામી વગેરે પર દ્વેષ કરીએ એથી કાંઈ એ સુધરી જવાના નથી, ને દ્વેષથી આપણું બગડે છે. એ પોતાનાં ક્રૂર કાળાં કામ મૂકવા નથી, ને આપણા દ્વેષથી આપણી પરિણતિ કઠોર થાય છે.

(૨) બીજું એ, કે આપણે જો મોક્ષના અર્થી છીએ એ માટે આપણા આત્માને ઊંચા ગુણસ્થાનકે ચડાવવો જોઈએ; અને એ તો જ બને, કે જો આપણે કૂણા મુલાયમ દિલવાળા બન્યા રહીએ, પણ નહિ કે દ્વેષિલા કઠોર દિલવાળા બનીને. એકવાર પણ દિલ દ્વેષિલું કરીએ એટલે એ કઠોર બની જાય. પછી એને કોમળ કરવા માટે નવેસરથી ઘણી જહેમત ઉઠાવવી પડે; કેમકે એકવાર પણ દ્વેષિલા બનવામાં અનાદિના દ્વેષના કઠોરતાના સંસ્કાર દઢ થઈ જાય છે.

**દઢ થયેલા દ્વેષ-સંસ્કાર કોમળતા જલદી ન આવવા દે**

એટલા જ માટે, કુમારપાળ મહારાજાએ નવરાત્રિમાં એક બોકડાનો પણ ભોગ આપવાનું ન કર્યું, ને જાત પર કંટકેશ્વરી દેવીનો ગુસ્સોભર્યો ત્રિશૂળ-પ્રહાર વધાવી લીધો ! યાવત્... જીવંત બળી મરવા સુધીની તૈયારી કરી ! સમજતા હતા કે, 'એકવારની પણ એવી હિંસામાં અનાદિના કઠોરતાના કુસંસ્કાર દઢ થાય. એને ભૂંસવાનું અને પુનઃ કોમળતાની પરિણતિ ઊભી કરવાનું ઘણું મુશ્કેલ.' માટે એમણે દયા પકડી રાખી, ધ્યાનમાં રહે

**ક્રૂરતા-કઠોરતા-દ્વેષ એ આત્માનો ભાવરોગ છે.**

એ મિટાવવા હજારોવાર દયારૂપે દયાનો પ્રયોગ કરતા રહેવાનું છે, તો એ રોગ મટીને દયા આત્મસાત્ થાય, સહજરૂપે સ્ફુરનારી

બને, આત્મસ્વભાવ દયાનો બની જાય ત્યારે આત્માને કંઈક આરોગ્ય પ્રાપ્ત થયું ગણાય. માંદા શરીર પર, આરોગ્ય લાવવા કેટકેટલીવાર દવાદિના પ્રયોગો કરવા પડે છે ? સ્વાર્થ હોય ત્યાં એ સાધવા કેટલીય વાર પ્રયોગો કરીએ છીએ ? તો પછી –

આ ઊંચા જનમમાં દુ:ખિત પર દયાના પ્રયોગ કરતા રહેવામાં બાકી રાખીએ ?

## જીવની ઉત્તમતા – દાનાદિ ધર્મ ઉપર દૃષ્ટાંતો

**દિ. દ. તા. ૫-૪-૮૦ પા. નં. ૧૫૨ થી ૧૫૬**

**(૧) દાનેશ્વરી માઘ કવિ :**

માઘ કવિએ પોતાના દાની આત્માનું મહત્ત્વ આંકી પોતાના મહાસંપત્તિમાન આત્માનું અને સંપત્તિનું મહત્ત્વ નહિ આંકેલું; તો છેલ્લા સમયે ભૂખમરાની સ્થિતિમાં પણ એક અદ્ભુત શ્લોકના લાખો રૂપિયાનું રાજાભોજ તરફથી ઇનામ મળવા પર એ ઇનામની મોટી સંપત્તિનું મૂલ્ય નહિ આંક્યું અને રાજ્યદરબારેથી ઘરે પહોંચતા સુધીમાં યાચકો આવતા ગયા ને દાન માગતા ગયા, તો માઘ કવિએ પોતાનો આત્મા કૃપણ ન બને પણ દાની બન્યો રહે એ માટે રાજા તરફથી મળેલ મહાન ઇનામમાંથી દાનમાં લૂંટાવ્યે ગયો, દાનમાં દેતો જ ગયો, તે ઘરે પહોંચતાં બધું જ દઈ દીધું !

હજી પણ એક યાચક માગવા આવ્યો છે ને પોતાની પાસે હવે દેવાનું કાંઈ છે નહિ, તો યાચક પર અભાવ નથી થતો કે, 'આટઆટલું દઈ દીધું એ વખતે ક્યાં ટળ્યો હતો તે અત્યારે આવવાનું સૂઝે છે ?' ના, કવિને એમ થાય છે કે, 'હાય ! યાચક મળે છે ને કાંઈ દઈ શકતો નથી ? મારે યાચકને દીધા વિના પાછો કાઢવો પડે એના કરતાં હાય,

હે પ્રાણ ! તમે મને છોડીને કેમ જતા નથી. જાઓ છોડો મને, त्यजत त्यजत प्राणः એટલું બોલતાં જ માઘ કવિના પ્રાણ છૂટી ગયા, આંગણામાં જ એ ઢળી પડ્યો.

આવા દાની કેટલા નીકળે ? ભલે થોડા પણ આવા જ પૂર્વ પુરુષો એ ઉત્તમ આદર્શ તરીકે ગણાય અને ઉત્તમ બનવા ઇચ્છનારે આવાને જ જીવનમાં આદર્શ તરીકે રખાય.

**(૨) આભડ મંત્રીની અદ્‌ભુત દાનવીરતા :**

**જુઓ અદ્‌ભુત આદર્શ દાનવીર આભડ મંત્રીની ઉત્તમતા.**

આભડ મંત્રી કુમારપાળના મોટાં દુશ્મન રાજાને જીતીને આવ્યા અને કરોડોની સંપત્તિ લાવીને કુમારપાળ મહારાજા પાસે રજૂ કરી અને અદ્‌ભુત જીતનું બ્યાન આપી કહ્યું, 'મહારાજા ! આપનો પ્રભાવ અને આપણી પુણ્યાઈ જયજ્યવંતી છે. એટલે જ કઠિન પણ વિજય સરળ બની ગયો.'

મહારાજા કુમારપાળે આભડને ઇનામમાં લાખો રૂપિયાની સંપત્તિ આપી. પછી હાથી, ઘોડા, સોનૈયા વગેરેની સંપત્તિ લઈને આભડ મંત્રી રાજદરબારથી જેવા બહાર નીકળ્યા કે તરત યાચકો આભડ મંત્રીની વિજયગાથા અને દાનવીરતાના ગુણ ગાતાં ગાતાં દાન માંગવા લાગ્યા તો આભડ મંત્રી એક મિનિટ થોભ્યા વિના મોટા મોટા દાન દેતા ચાલ્યા. હાથી માંગ્યો તો હાથી આપી દીધો, ઘોડો માંગ્યો તો ઘોડો આપી દીધો અને સોનૈયા માગ્યા તો સોનૈયા આપી દીધા, એમ કરતાં કરતાં ઘરે પહોંચતા સુધીમાં ઇનામની સમગ્ર સંપત્તિ દાનમાં દઈ દીધી.

એકી કલમે કેટલું બધું દાન ! મનને જરાય વિચાર ના આવ્યા કે, 'આટલી મોટી જાનના જોખમે લડાઈ કરી વિજય મેળવ્યે એનું મળેલ આટલું મોટું ઇનામ તે એમ જ દાનમાં બધું જ કેમ દઈ દેવાય ? જંગી યુદ્ધની ભગીરથ મહેનતનું ફળ તો આપણે લહેર કરવા માટે સંગ્રહી રાખવું જોઈએ ને ? ના રે ના.

**જીવનમાં સ્વાર્થ અને ભોગ વિલાસને કશું જ મહત્ત્વ ન આપતાં દાનને જ મહત્ત્વ આપેલું.**

**જીવનનું મંગળ ધન પરિગ્રહ નહીં, કે વિષયભોગ નહીં; કિંતુ દાન છે.**

આવું દાન રૂપી જીવન મંગળ સાધી લેવાનું મળે ત્યાં સેંકડો હજારો શું પરંતુ લાખોની સંપત્તિનો પણ ત્યાગ કરી દેતા આંચકો નહીં. મહત્ત્વ દાન અને ત્યાગ રૂપી જીવન મંગળનું જ છે. માટે તો જુઓ કે ત્યાગ માટે શાલિભદ્ર રોજની દેવતાઈ ૯૯ પેટીનો માલ બીજે દિવસે કૂવામાં નખાવી દેતા અને અવસર આવ્યો ત્યારે હંમેશ માટે ૯૯ પેટી છોડી.

અલબત્ત આવા ત્યાગી દાનેશ્વરી વિરલ મળે પરંતુ જગતને માટે એ આદર્શ રૂપ છે. ઉત્તમ બનવું હોય એણે નજર સામે આવા ઉત્તમ પુરુષોને આદર્શ તરીકે રાખવા જોઈએ.

**(૩) મહાસતી રતિસુંદરી ઉત્તમ આત્મા છે. એટલે ઉત્તમ** આદર્શને ધરનારી છે. એ કાંઈ અવસર આવ્યે પોતાના તુચ્છ જડ સ્વાર્થને મહત્ત્વ ન આપે કિન્તુ આત્માના ઊંચા કલ્યાણને જ મહત્ત્વ આપે, આ હિસાબે એણે પોતાની આંખ ગઈ એને કશું જ મહત્ત્વ ન આપતાં રાજાની દુર્બુદ્ધિ નષ્ટ થઈ અને સદ્‌બુદ્ધિ આવી ગઈ તેમજ પોતાના શીલની રક્ષા થઈ, એને જ મહત્ત્વ આપ્યું. એણે આ હિસાબ રાખ્યો કે –

**આંખ એ જીવન મંગળ નહિ. પોતાનું શીલ ને સામાને સદ્‌બુદ્ધિ એ જીવન મંગળ.**

રતિસુંદરીએ પૂર્વની મહાસતીઓને આદર્શ તરીકે સામે રાખીને આ સાચા જીવન મંગળને મહત્ત્વ આપી ઉત્તમતા રાખી; એમ આપણા માટે પણ આ મહાસતી રતિસુંદરી આદર્શ તરીકે સામે રખાય અને નક્કી કરાય કે, 'મારે તો ઉત્તમ બનવું છે, અધમ નહીં.' તો એ આદર્શને

અનુસરીને (૧) આપણામાં શીલ બ્રહ્મચર્ય સચવાય તથા (૨) આપણા પ્રસંગમાં આવનાર સામાને સદ્‌બુદ્ધિ રહે, એને જ મહત્ત્વ અપાય, પછી ભલે મહાસતીની જેમ મોટો ભોગ આપવો પડતો હોય.

**ઉત્તમ બનવાની ચાવી : આત્મહિતોને જ જીવન મંગળ માની મહત્ત્વ આપવું.**

ઉત્તમ બનવું છે ? તો જેમ દાન સુકૃત એમ શીલ સુકૃત, સેવા પરોપકાર સુકૃત વગેરે સુકૃતો. તેમજ ક્ષમા, સત્ય, નીતિ, બ્રહ્મચર્ય, ગંભીરતા, સહિષ્ણુતા વગેરે સદ્‌ગુણો તથા ત્યાગ, વ્રત, નિયમ, તપસ્યા, અહિંસા, સંયમ, જિનભક્તિ, ગુરુભક્તિ વગેરે સાધનાઓ, આ સુકૃતો સદ્‌ગુણો અને સાધનાઓને જીવન મંગળ માનીને મહત્ત્વ અપાય તથા મહત્ત્વ એને જ આપી એની કમાઈ તથા એની રક્ષા-વૃદ્ધિ અને પરાકાષ્ઠાની પ્રાપ્તિ કરવાને મહત્ત્વ આપીને દુન્યવી વસ્તુઓને જરાય મહત્ત્વ ન આપતાં અવસરે એનો ભોગ અપાય, એ ઉત્તમતા છે. એથી ઉલટું, ધન-માલ-વિષયોને મહત્ત્વ આપી એની ખાતર સુકૃત-સદ્‌ગુણ કે સાધનાને બાજુએ મૂકી દેવાય, એનો ભોગ અપાય, અર્થાત્ એ સુકૃત વગેરેને જતા કરાય, એ અધમતા છે.

દાન સુકૃતથી ઉત્તમતાનાં સુકૃત જોયા ! માઘ કવિ અને આભડમંત્રીએ દાન-સુકૃતને મહત્ત્વ આપી વિપુલ સંપત્તિ જતી કરી. એમ શીલ સુકૃતમાં આદર્શ તરીકે સુદર્શન શેઠ, સ્થુલભદ્રમુનિ વગેરેને નજર સામે રાખીને વર્તાય તો ઉત્તમતા આવે.

**(૪) શીલને મહત્ત્વ, પ્રાણને નહિ; સુદર્શનશેઠ – 'પ્રાણ જાઓ, શીલ નહિ.' :**

જાણીએ છીએ કે સુદર્શનશેઠ પોષધ-ધ્યાનમાં ગામ બહાર ઊભેલા. એમને મહારાણીના પ્રપંચથી આખાને આખા મહેલમાં ઉંચકી લવાયા. રાણી તો એમને જોતા જ ખૂબ આકર્ષાઈ અને અત્યંત કામ-પરવશ બનીને શેઠને ભોગની પ્રાર્થના કરે છે, શેઠ કાંઈ બોલતા

નથી. એટલે એમની આગળ ઘણા હાવ–ભાવ–કુચેષ્ટા વગેરે કરે છે, પછી ભય દેખાડે છે કે, "મારું માની જાઓ, નહિતર હોહા કરી સિપાઈઓ પાસે પકડાવીશ અને એમ થતાં રાજા તરફથી તમારી ભારે ફજેતી થવા સાથે તમને કદાચ ફાંસી સુધીનો ભયંકર દંડ મળશે. માટે માની જાઓ." આટલું બધું છતાં શેઠ પોતાના ધ્યાનમાં નિશ્ચલ રહ્યા; કેમકે એ ઉત્તમ દિલવાળા હતા. એટલે પ્રાણને પ્રતિષ્ઠાના ભોગે શીલને સાચવવાની તૈયારીવાળા હતા. ઉત્તમ દિલ આ જ માને કે કદાચ મારું "બહારનું સર્વસ્વ ફના થાઓ, પરંતુ મારું દાન–શીલ વગેરનું સુકૃત અખંડિત રહો, પ્રાણ જાઓ, શીલ ન જાઓ."

રાણીએ હોહા કરી કે, 'દોડો, દોડો, આ કોઈ લુચ્ચો મારા પર બળાત્કાર કરવા આવ્યો છે.' સિપાઈઓ આવ્યા, શેઠને પકડી ગયા, સવારે રાજા આગળ રજૂ કરી હકીકત કહી. રાજા કહે, 'શેઠ તમે તો મારા રાજ્યના મોટા વેપારી. તેથી એકલું રાણીનું કહેલું એમ સાચું માની ન લઉં, બોલો તમારે શું કહેવું છે ?'

**સુદર્શન શેઠનું અહિંસાને મહત્ત્વ :**

અહીં શેઠની અહિંસાની સાધના આગળ આવી. શેઠ જુએ છે કે, 'જો હું સત્ય હકીકત કહું, અરે ! એ બધું ન કહેતા એટલું જ કહું મને શું પૂછો છો ? તમારા સન્ટ્રી પોલીસને પૂછો કે રાતના શું બનેલું.' તો પણ આ મારા બોલ ઉપર રાણીનો ભાંડો ફૂટી જાય અને રાજા તરફથી એને બિચારીને ભયંકર સજા થાય. આ રાણીની હિંસા થવામાં મારા બોલ દ્વારા હું નિમિત્ત થાઉં અને એમાં મારી અહિંસા ઘવાય.' તેથી શેઠ મૌન રહ્યા.

રાજા કહે, 'તમે બોલતા નથી એ ગુનાહિતપણું સૂચવે છે, એટલે મારે તમને શૂળીએ ચડવાની સજા ફરમાવવી પડે છે. હજી પણ જો તમારી નિર્દોષતાનો ખુલાસો કરો તો શૂળીની સજા પાછી ખેંચી લઉં.'

શેઠનો આત્મા ઉત્તમ છે. એટલે અહિંસાના ભોગે અર્થાત્ અહિંસાને મહત્ત્વ ન દઈ એને જતી કરીને પ્રાણ અને પ્રતિષ્ઠા બચાવવા ઇચ્છતા

નથી. તેથી બરાબર મૌન જ પકડી રાખ્યું. "ભલે ફજેત થાઉં ને શૂળીની ભલે ભયંકર વેદના મળો, પરંતુ મારી અહિંસાની સાધના આડકતરી રીતે પણ ખંડિત ન થાઓ, અર્થાત્ ભલે હું રાણીને જાતે દંડવાનું કરું નહિ, છતાં મારો ખુલાસો એ જ પરિણામ લાવે. હું રાણીની હિંસામાં નિમિત્ત બની જાઉં. એટલે સાક્ષાત્ નહિ પણ આડકતરી રીતે મને હિંસાનું પાપ લાગે." કેવી ઉત્તમતા !

**(૫) સ્થુલભદ્રની ઉત્તમતા : મહત્ત્વ અનંત સુખને દીધું**

એમ, સ્થુલભદ્રજીને રાજાએ મંત્રી-મુદ્રિકા સ્વીકારી લેવા કહ્યું. ત્યાં એમના મનને થયું કે, 'જો આ સ્વીકારી લઉં, તો અહીં મંત્રીપણાની કાર્યવાહીમાં તો મારે કલાકો આપવા પડે અને એમાં તો મારે રૂપસુંદરી કોશાવેશ્યાના ચોવીસે કલાકના નિરાંતના દિવ્ય આનંદ જાય, તેથી મંત્રી-મુદ્રિકા મારે જોઈતી નથી.' માણસ માનનો ભૂખ્યો છે. પણ સ્થુલભદ્રે મંત્રીપણાના માનની લાલચ ન કરી. કેમકે નિરાંતનું સુખ ગમતું હતું.

પરંતુ સ્થુલભદ્રનો આત્મા ઉત્તમ હતો એટલે આટલું વિચારીને થોભ્યો નહીં. એ આગળ વિચારે છે કે, 'મંત્રીપણાનાં માન કરતાં વેશ્યાના નિરાંતના સુખ પસંદ કરું છું, પરંતુ એ સુખ કેટલો કાળ ? બહુ તો આ જીવનભર એમાંય એકને મહારોગ આવ્યો તો ?

**ખરેખર નિરાંતના સુખ તો મોક્ષના છે કે જ્યાં સુખ અનંત અને અપેક્ષા કોઈનીય નહિ.**

એ સુખનો ઉપાય ચારિત્ર, એમાં ય સમાધિથી મહા નિરાંતના સુખ. એ ચારિત્ર અહીં આર્ય મનુષ્યભવે જ સુલભ છે. પરંતુ જો કોશા વેશ્યાના એ સંસાર વાસના સંગમાં રહું તો મારે અનંતા મોક્ષસુખની સાધક ચારિત્રસાધના સંયમસાધના કરવાની રહી જાય. હું વેશ્યાના શીઘ્ર વિનાશી સુખ તરફ જોઉં છું. પણ મોક્ષના અવિનાશી અનંત સુખ તરફ કેમ જોતો નથી કેમ એ પ્રાપ્ત કરાવનાર ચારિત્ર સામે જોતો

નથી, કે જે આવા મનુષ્ય ભવમાં જ લક્ષ્ય છે ? માટે મારે હવે કોશા વેશ્યા અને સંસારવાસ પણ જોઈએ નહીં.' એમ વિચારી ત્યાં જ મસ્તકના કેશનો લોચ કરી સાધુવેશ ધરીને ગુરુ તરફ ચાલી નીકળ્યા.

સ્થુલભદ્રની કેવી ઉત્તમતા ! અહીં એ જોવા જેવું છે કે કોશા વેશ્યાનું આકર્ષણ ભારે હતું. એટલે તો મંત્રી-મુદ્રિકા સ્વીકારી લેવા મન ન થયું, ત્યારે વેશ્યા પર અને એની સાથેના વિલાસ પર કેટલો બધો રાગ હશે કે મોટી મંત્રીપણાની ભારે માનવંતી પદવી હોદ્દો જોઈતા નથી. આ પરથી વેશ્યાનો વેશ્યાસુખનો અનહદ રાગ સૂચિત થાય છે, ત્યારે પ્રશ્ન થાય.

**પ્ર. 'આવા વેશ્યા સુખના ભારે રાગવાળાને શું ચારિત્રની ભાવના થાય ? મંત્રીપણું લે તોય એમાં તો વેશ્યાના સુખ સર્વથા ઊડી જતા નથી; ભલે ૨૪ કલાક ન સહી, તો પણ અવકાશના કલાકમાં તો એ સુખ મળે એમ છે. જ્યારે ચારિત્રમાં તો વેશ્યાસુખનું નામ નિશાન નથી રહેવાનું. એટલે જો વેશ્યાને વેશ્યાના સુખ પર અનહદ રાગવાળા એમને જો અધૂરા વેશ્યા સુખવાળું મંત્રીપણું નથી ગમતું, તો પછી તદ્દન વેશ્યાસુખ વિનાનું ચારિત્ર શે ગમી જાય ? એ તરત જ ચારિત્ર શાના લઈ લે ?**

ઉ. પરંતુ સ્થુલભદ્રનો આત્મા ઉત્તમ હતો, તેથી એમણે દુન્યવી પ્રસંગમાંથી ગણતરી આત્માના હિતની ચિંતામાં ઉતારી, 'મંત્રીપણાની ખટપટમાં વેશ્યાના નિશ્ચિંતપણાનાને ૨૪ કલાકના સુખ ઉડે.' આ ગણતરી હવે એમણે આત્મહિતની વસ્તુમાં ઉતારી કે વેશ્યાના સંગમાં અવિનાશી અનંતસુખની સાધના ઉડે.

**ઉત્તમ હેતુ સિદ્ધ કરી આપનાર માનવભવ ભોગોમાં વેડફી ન નાખાય.**

સ્થુલભદ્રમાં પણ ઉત્તમતા હતી કે, "મનગમતા વેશ્યા સુખ જો મંત્રીપણાની જવાબદારી ઉપાડવામાં ઘવાય છે, તો એની જવાબદારી

મંત્રીપણાનો માનવંતો મોભો મળવા છતાં શું કામની ? આ ગણતરી હવે આત્મહિતની વસ્તુમાં ઉતારી; 'મનગમતા અનંતા મોક્ષસુખ માનવભવને ક્ષણિક વિષયસુખમાં રગદોળી નાખવામાં દૂર જાય છે. મોક્ષસુખની સાધના જે અહીં જ સુલભ છે એ ગુમાવવી પડે છે; તો એવા વિષયસુખ ગમે તેટલો આનંદ આપે તો પણ શું કામના. માટે જેમ ઈષ્ટ વેશ્યાસુખ ખાતર માનવંતી મંત્રીપણાની પદવી નથી જોઈતી, એમ ઈષ્ટ અનંત મોક્ષસુખની સાધના ખાતર આનંદદાયી પણ નાશવંત વેશ્યાસુખ ન ખપે. અરે ! સંસારવાસ જ ન ખપે. તો જ મોક્ષ સુખની સાધનારૂપ સર્વ પાપ-ત્યાગની ચારિત્રની સાધના થઈ શકશે." એમ કરી ત્યાંથી ચારિત્ર સ્વીકારી નીકળી પડ્યા.

સ્થુલભદ્રજી સાધુ બન્યા પછી પણ કેવી ઉત્તમતાવાળા કે એ જ વેશ્યાને ત્યાં ચોમાસું રહી પોતાના બ્રહ્મચર્યના ભાવ અણીશુદ્ધ સુરક્ષિત રાખ્યા.

**સ્વીકારેલી પ્રતિજ્ઞાને કપરાં સંયોગમાં પણ અભગ્ન અખંડિત સુરક્ષિત રાખવી એ ઉત્તમતા છે.**

ઉત્તમતા આ, કે દુન્યવી પ્રસંગ પરની ગણતરી આત્મહિતના પ્રસંગમાં ઉતારાય.

**(૬) વિશ્વભૂતિની ઉત્તમતા :**

જુઓ, ભગવાન મહાવીર પ્રભુનો જીવ સોળમાં ભવે વિશ્વભૂતિ રાજકુમાર, તે એને પોતાની પ્રત્યે મોટા કાકા રાજા તરફથી એક નાનકડો માયા-પ્રસંગ કરાતો દેખાયો, એના પર એને થયું કે, 'અરે ! હું કાકાનો પૂરો વિશ્વાસુ તરીકે વિનય-આમન્યાભાવ રાખું છું, છતાં એમને મારા પ્રત્યે આ માયાચાર રમવો પડે છે ? હું એમને મારા આત્મીય તરીકે માની બેઠો, ને એ મને પારકા જેવો ગણે છે ? તો મારે પણ હવે એમને આત્મીય તરીકે શા સારુ ગણવાના ?' આમ ગણતરી માંડી કે, 'કાકા જો આપણી સાથે રમત રમે આપણને આત્મીય ન

માને, તો એમના પર આપણે શા સારુ વિશ્વાસ મૂકી એમને પોતાના ગણવા ? પરંતુ પછી તરત આ ગણતરી આત્મહિતના પ્રસંગમાં ઉતારી કે એકલા કાકાને શું રોઉં ? જો કાકા આત્મીય નથી તો પિતા વગેરે પણ ક્યાં આત્મીય છે ? એ એક દિવસ મને પરાયાંની જેમ છોડનારા છે. માત્ર ચેતન જીવો જ નહિ, પરંતુ દુનિયાના જડ પદાર્થ પણ મને પારકાની જેમ છોડનારા છે. કોઈ આત્મીય નથી, કશું આત્મીય નથી. આખો સંસાર એવો છે. સંસારની એકેક ચીજ એવી છે જે આપણી સાથે રમત કરે, દગો રમે યા નુકસાનકારી નીવડે; અને જે ખરેખર આપણી પોતાની નહિ કેમકે ક્યારે છૂટી પડે, બગડી જાય, ચાલી જાય એનો પતો નહિ અથવા અંતે આપણે તો એને છોડીને જવું જ પડે. આપણી પોતાની ચીજ હોય તો એ આપણી સાથે રહે. સાથે જ ચાલે, હંમેશા આપણા લાભમાં જ ઊતરે આમ જ્યારે સંસારમાં કશું આત્મીય નથી, ને દેવાધિદેવ અને એમનો સંયમમાર્ગ ખરેખર આત્મીય છે અને એ અહીં જો મળી શકે છે, તો મારે શું કામ અનાત્મીયને પકડી બેસી રહેવું ? માટે સંયમમાર્ગ જ પકડી લેવો વ્યાજબી છે." એમ કરી એમણે તરત ચારિત્ર લઈ લીધું. આ એમની ઉત્તમતા કે દુન્યવી હિસાબ આત્મહિતની ચિંતામાં ઉતર્યો.

**(૭) શ્રેણિક કૃષ્ણની ઉત્તમતા : અખંડિત વ્રત-નિયમથી ઉત્તમતા આવે :**

આત્માને ઉત્તમ બનાવવો છે ? તો જીવનમાં મોટા નહિ સહી; કો નાના પણ વ્રત નિયમ સંકલ્પ કરતાં ચાલો અને ગમે તે સંયોગમાં અખંડ સુરક્ષિત પાળ્યે રાખો, તો ઉત્તમતા કેળવાતી જશે.

જીવનમાં કોઈ જ સારા વ્રત-નિયમ-સંકલ્પ નથી એ ઉત્તમતા શી રીતે કેળવી શકે ? રાજા શ્રેણિક અને કૃષ્ણ મહારાજાને બીજા વ્રત-નિયમ ન સહી તોપણ સમ્યક્ત્વનો સંકલ્પ એટલો જોરદાર પળાતો કે એનાથી એમનામાં સામાને ઉત્તમતા નહિ પણ મહાઉત્તમતા પ્રગટી ગયેલી ! જેના આધાર પર એમણે તીર્થંકર બનવાની યોગ્યતા ઊભી

કરેલી, વાત આ છે કે વ્રત-નિયમ-સંકલ્પને કપરા સંજોગમાં પણ સુરક્ષિત રાખવા જોઈએ, પછી ભલે ભારે ભોગ આપવો પડે તોય એમ કરીને વ્રતનું જતન કરવું જોઈએ. તો ઉત્તમતા કેળવાય.

## મોત માટે ઝેર આપનાર ઉપકારી – બે ભાઈની કથા

**દિ. દ. વર્ષ-૨૫ અંક ૩૮**

**મોત માટે ઝેર આપનાર ઉપકારી – બે ભાઈની કથા :**

મુંબઈમાં બે ભાઈ રહેતા હતા. એમાં એકને વાળાનું અસહ્ય દરદ ઉપડ્યું. બીજો ભાઈ બિચારો નોકરી ય કરે અને એની સેવા પણ કરે, દવાદારૂ લાવી વપરાવે, પરેજી પથ્ય સચવાવે. પરંતુ દરદ ઓછું થવાને બદલે વધતું ચાલ્યું તે રાતના ઊંઘ પણ ન આવે ને વેદનાથી ચીસોચીસ પાડે. ભાઈ શાંતિ આપવા જાય ત્યારે એ કહે, 'મોટા ભાઈ ! સહન થતું નથી શું કરું ! તમને ય હું કેટલા હેરાન કરી રહ્યો છું ! હવે મને ઝેર આપી દો, મરું તો મને શાંતિ થાય.'

**જાલિમ કર્મ જ્યારે રૂઠે છે ત્યારે ચમરબંધીની ય શરમ કે દયા રાખતા નથી, હદ બહાર પીડે છે.**

**કર્મે આપ્યા દુઃખ પર જાતે મનથી દુઃખ વૃદ્ધિ :**

સનતકુમાર ચક્રવર્તી જેવાને એકી સાથે એકાએક સોળ રોગ ઉત્પન્ન થઈ ગયા. ભગવાન મહાવીરસ્વામીને ગોશાળાની તેજોલેશ્યાએ છ મહિના લોહીના ઝાડાની પીડા આપી. આ ઉપરથી બે વાત શીખવા મળે છે :

(૧) કર્મ બાંધતા પહેલાં જ ચેતતા રહો, કર્મો-બંધના કારણભૂત કષાયો અને હિંસાદિ પાપોને અટકાવો.

(૨) બીજું એ, કે કોઈ પણ દુઃખ આપત્તિ આવી પડે ત્યારે જરાય

હાય વોય ન કરતાં 'આ મારાં જ કર્મનું ફળ છે, ને ફળ ભોગવતાં કર્મકચરો દૂર થઈ રહ્યો છે' એ વિચારી શાંતિ સમાધિ રાખો.

જીવન જીવતાં આ બે વસ્તુ ધ્યાનમાં રહે, અમલમાં રહે, તો મજાલ કોની છે કે જીવને દુ:ખી કરી શકે ? દુ:ખ આવે પણ મન દુ:ખી ન બને. નહિતર તો કર્મે આપ્યા દુ:ખ ઉપર મન દુ:ખી કરવામાં આપણી જાતે જ દુ:ખમાં વધારો કરીએ છીએ તે ભલું હોય તો મનનું દુ:ખ વધતાં ઠેઠ મરવા સુધીના વિચાર આવી જાય છે.

પેલો વાળાના રોગવાળો ભાઈ રોગથી ત્રાસી રહ્યો છે, તે મોટાભાઈને કહી રહ્યો છે, 'ભાઈ ! સહન થતું નથી. આના કરતાં તો તમે મને ઝેર આપી દો.' ભાઈને પણ લાગી રહ્યું છે કે, 'આને ત્રાસ ઘણો છે. એનાથી એ સહ્યો જતો નથી અને મારાથી એ જોયો જતો નથી. માટે હવે તો આને ઝેર આપીને આ દરદથી છુટકારો અપાવું. આખી રાત બિચારો જ્યારે ત્રાસ ભોગવે છે, તો દહાડે હું તો નોકરીએ જાઉં એટલે મને જોવા ન મળે, બાકી આને આખો દિવસ પણ ત્રાસ કેટલો હશે ? હવે તો આ બિચારો મરે તો ત્રાસથી છૂટી સુખી થાય.'

શું મોટા ભાઈનો આ વિચાર બરાબર છે ? ના, કેમકે એ જોવું ભૂલી જાય છે કે હાયવોયમાં મર્યા પછી એ કદાચ કોઈ એવા તિર્યંચના અવતારમાં જઈ પડ્યો કે જ્યાં જનમથી ત્રાસ હોય તો ક્યાં એનો ત્રાસથી છુટકારો થયો ? ક્યાં ત્યાં સુખી થયો ?

ત્યારે મરવા ઇચ્છનારને પણ જ્યારે ઝેર શરીરની નસેનસમાં વ્યાપ્ત થયા પછી ભયંકર વેદના કરે ત્યારે હાયવોય વધી જાય, મનને એમ થાય કે, 'અરેરે ! આના કરતાં તો પેલું દરદ સારું હતું કે આ લ્હાયો નહોતી, આ નસોની તંગ ખેંચામણ નહોતી, હાય હાય ! ક્યાં મેં ઝેર ખાધું ?...' આ દરદની પીડા કરતાં ઝેરથી મરણાંત કષ્ટની પીડા અસમાધિ ભયંકર વધી જાય એમ બનવાનો પૂરો સંભવ છે. તેથી એ રોગી ભલે ઝેર માગે, પણ ઝેર કેમ દેવાય ?

પરંતુ મોટો ભાઈ એની રાતોના ત્રાસ જોઈ કકળી ઊઠ્યો છે, તેથી હવે દરદથી છૂટકારો કરાવવા જીવનથી છૂટકારો કરાવવાનું ધારી બજારમાંથી અફીણ લાવીને ભાઈને આપતાં કહે છે, 'આજે વૈદે દવા બદલી છે. કદાચ વધારે કડવી લાગશે. પણ શાંતિ થઈ જવા સંભવ છે.'

**અફીણથી વાળાનો રોગ ગયો.**

એમ અફીણ આપીને મોટો ભાઈ નોકરીએ ગયો, મનમાં ધારણા છે કે સાંજે આવીશ ત્યારે આના રામ રમી ગયા હશે. પરંતુ બન્યું ઊંધું. રોગીએ અફીણને દવા માની ખાઈ લીધી જ્યાં એ પેટમાં જઈ પજળ્યું કે એણે વાળાના દરદનો સામનો કર્યો. વાળો એક પ્રકારનું ઝેર છે; તેથી શરીરને એણે બીજો અપાય ન કર્યો. બીજું નુકસાન કર્યું નહિ, ને દિવસો પછી દરદ મટવાથી એને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ.

બોલો, આ જાણ્યા પછી વાળાનો રોગ હોય તો અફીણ ખાવાની હિંમત ચાલે ? 'ના, ભાઈ સાબ ! પેલાને ભલે રોગ મટ્યો હોય પણ અમે તો અફીણથી મોત પામીએ તો ?' આવો ડર રહે છે, કારણ ? મનમાં અંકિત થઈ ગયું તે કે અફીણ મોત લાવે, અફીણ મારનારું. બસ, આ રીતે સમજી રાખવાનું છે કે વૈરાગી થયેલા ગુણસાગરને સાધુના સમાગમમાં નહિ, પણ ભલે ચોરીમાં હસ્તમેળાપ કરતાં કરતાં કેવળજ્ઞાન થયું ! પરંતુ આપણાથી આવો અખતરો ન કરાય. કેમકે 'પાણિગ્રહણ તો ડૂબાડનારું છે, તારનારું નહિ' એવું આપણા મનમાં વસેલું જોઈએ.

**જીવન માટે ઝેરનો અખતરો નહિ એમ ધર્મ માટે પાપક્રિયાનો અખતરો ન કરાય.**

ભરત ચક્રવર્તીને આરિસાભવનમાં ભલે કેવળજ્ઞાન થયું, પણ આપણને ભય રહેવો જોઈએ કે ભોગ ભૂમિ મને ભવમાં ડૂબાડે તો ?' અસ્તુ.

પેલો મોટો ભાઈ સાંજના આવીને જુએ છે તો ભાઈ સૂતેલો છે. પહેલાં તો એ સમજે છે કે મરી ગયો હશે. પરંતુ પાસે જઈ જોયું તો નસકોરાં બોલે છે. એને થયું કે, 'આ શું ?' ભાઈને એ જગાડે છે ત્યાં ભાઈ આળસ મરડી બેઠો થાય છે, ને મોટાભાઈને ખુશ થતો પૂછે છે, 'ભાઈ ! આજે વૈદે કેવી સરસ દવા આપી કે મારો વ્યાધિ તદ્દન મટી ગયો લાગે છે ! મને હવે કશી વેદના નથી. કેટલીય રાતો ઊંઘ વિના ગયેલી, તે આજે મને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ !' મોટો ભાઈ કહે, 'ભાઈ ! ખરેખર તું દવા બધી ખાઈ ગયેલો !'

આ કહે, 'હા હા હા, એમાં પૂછવાનું શું ? ત્યારે તો આ દરદ ગયું લાગે છે.'

'જો ભઈલા ! આ દવા વગેરે નહોતી આપી; હું જ બજારમાંથી લઈ આવેલો.'

'ઓહો ! તો તો મોટાભાઈ ! આટલા દિવસ કેમ મને રિબાતો રાખ્યો ? પહેલાં જ લાવવી હતી ને ? શું પહેલાં ખબર નહોતી ?'

મોટો ભાઈ હસે છે. પેલો પૂછે છે, 'કેમ હસો છો ? શું હું અજુગતું બોલ્યો ?'

મોટાએ ખુલાસો કર્યો, 'ભાઈ રે ! તને પહેલાં શું લાવી આપું ? આ તો મેં તારી ભયંકર અસહ્ય પીડા જોઈ તને એમાંથી છૂટકારો મળે એટલા માટે બજારમાંથી અફીણ લાવીને તને આપેલું, તારું મૃત્યુ થાય તો સારું જેથી પીડાથી બચે. પણ ભગવાનની કૃપા કે અફીણે તારા રોગનું ઝેર જ સાફ કરી નાખ્યું, ઝેર ઝેરને મારે એવું થયું.'

નાનો ભાઈ કહે છે, 'ઓહો ભાઈ ! તમે કેટલા બધા ઉપકારી કે મારો રોગ મટાડી મને નવું જીવન આપ્યું ! બોલો,

**'મોત માટે ઝેર આપનારો ઉપકારી ? કે ભયંકર અપકારી ?'**

આવો સવાલ એમ જ પૂછો તો શો જવાબ આપો ? અપકારી જ ને ? પણ અહીં આ પ્રસંગે વિશેષને લઈને નાનો ભાઈ મોટાને મહાઉપકારી

માનતો કહેતો હોય તો ખોટું નથી ને ? ત્યાં શું એ એમ જોવા જાય કે 'ઝેરથી ભલે મને આરોગ્ય મળ્યું, પણ મોટાનો આશય તો મને મારી જ નાખવાનો હતો ને ? માટે એને કાંઈ હિતૈષી ન કહેવાય. 'આવું એ ન જુએ ને ? કહો, એને ઝેરથી જે ભયંકર દરદ અને વેદનાથી છૂટકારો મળ્યો એની એના મનને મોટી કિંમત છે.

# મૂર્ખ મિત્ર કરતાં દાનો દુશ્મન સારો – વેપારીની કથા

### દિ. દ. વર્ષ -૧૨ અંક ૧૧

**દાનો દુશ્મન સારો : મૂર્ખ મિત્ર ખોટો**

આપણા સારા જીવનની તો દાના દુશ્મન ઉપર પણ અસર પડે છે. દુર્જન પર અસર ન પડે એ જુદી વાત, પણ સજ્જન ઉપર તો અસર પડે ને ? એ તો મનમાં સમજે ને ? ભલે કદાચ આપણે ને કોઈ સજ્જનને કોઈ વાત અંગે વિરોધ પડી ગયો હોય, તેથી એ આપણો દુશ્મન બન્યો હોય; પરંતુ જો એ દાનો હોય, ઉદાર સમજદાર સજ્જન હોય તો આપણી લાયકી મનમાં તો સમજતો હોય. માટે તો કહે છે ને કે **દાનો દુશ્મન સારો પણ મૂરખ મિત્ર ખોટો. મૂર્ખ મિત્ર** પર એવો વિશ્વાસ ન રખાય કે એના તરફથી કોઈ વાર આપણે આપત્તિમાં નહિ મૂકાઈએ. કારણ એ છે કે પ્રસંગ આવ્યે એ મૂર્ખતા એવી કરી બેસે કે, આમ તો આપણા ભલાને જોનારો હોય છતાં તેઓની મૂર્ખતામાં આપણને નુકસાનમાં ઉતારે.

**મૂર્ખ મિત્રનો દાખલો :**

એક વેપારી સાંજ પડ્યે દુકાનેથી નોકરને સાથે લઈ મોડેથી ઘરે જઈ રહ્યો હતો. રસ્તામાં ગલીની અંદર એક હલકી જાતનો દેવાદાર મળ્યો.

વેપારી એને ઊભો રાખી કહે છે, 'કેમ ભાઈ ! આપણા પૈસા ?'

પેલાએ મનમાં શું આવ્યું તે વેપારીની પાઘડી જ ઉછાળી કહે છે, 'બેસો બેસો હવે પૈસા જ પૈસા કરો છો તે ?' કહી ચાલતો થયો.

વેપારી અવસર જોઈ ગમ ખાઈ ગયો. નોકર પેલાને મારવા જતો હતો પણ શેઠે એને રોક્યો; કહે છે, 'જવા દે એને; અવસરે વાત.' ઝઘડો કર્યા વિના પાઘડી પહેરી લઈ ઘરે આવ્યા. નોકર એના ઘરે ગયો.

બીજે દિવસે આ નોકર, સમજદાર નહિ, તે બીજાને કહે છે કે, 'ફલાણા માણસે અમારા શેઠની પાઘડી ઉછાળી...' લોકો હસવા લાગ્યા, 'આ વેપારી કેવો માલ વિનાનો તે પાઘડી ઉછાળનારને જતો કર્યો !' લોકમાં નમાલા તરીકેની ખ્યાતિ થઈ.

કહો, મૂર્ખ નોકરે શું કર્યું ? ડહાપણ કે મૂર્ખતા ? પાઘડી ઉછાળ્યાનું બહાર કહેવાય ? પણ નોકર જાણે કે, 'હું પેલાને હલકો પાડી શેઠ પ્રત્યે લોકમાં લાગણી ઊભી કરું.' એમ લાભની બુદ્ધિથી પણ કામ મૂર્ખતાનું કર્યું, શેઠના નુકસાનમાં ઉતાર્યું. આવા મૂર્ખ મિત્ર હોય એ ખોટા. વેપારીએ તો દીર્ઘદૃષ્ટિથી ગમ ખાધી હતી, એટલે જ અવસર આવ્યે પેલા પાઘડી ઉછાળનારને એવો ભીંસમાં લીધો કે બિચારો, 'બાપ રે બાપ ! પોકારે. શેઠના નમાલાપણા પર હસનારા હવે સમજ્યા કે ગમ કેમ ખાધેલી, હવે શેઠની બુદ્ધિના વખાણ કરવા લાગ્યા; પણ પેલા નોકરે તો એક વાર નુકસાન પહોંચાડ્યું; કેમકે મૂર્ખ મિત્ર હતો.

**ઘરની વાત બહાર કરનારા મૂર્ખ મિત્ર :**

ઘરની વાત બહાર ગાનારા પણ આવી જ મૂર્ખતા કરે છે. સાસુ બહાર વાત કરે કે, 'મારો છોકરો તો સારો છે પણ બિચારાને આ વહુ બહુ હેરાન કરે છે !' જુઓ એ જાણે 'આમ કહીને લોકોમાં છોકરા માટે સારી લાગણી ઊભી કરું.' પરંતુ લોક માનશે કે 'છોકરો નમાલો લાગે છે તે બાઈડીથી દબાઈ જાય છે...' બીજી બાજુ પેલી વહુની નિંદા કરશે અને કર્ણોપકર્ણ એ સાંભળીને વહુ ગુસ્સે ભરાશે ! તે પછી રોષ

ક્યાં કાઢવાનો ? ધણી પર ! એટલે ધણીને જ બિચારાને વધુ હેરાનગતિ. કહો માએ બહાર ગાયું એથી છોકરાનું શું સુધાર્યું ? ઊલટું છોકરાને નુકસાનમાં ઊતરવું પડ્યું. મૂર્ખ મિત્ર ખોટો.

**દાના દુશ્મનની કથા :** ત્યારે દુશ્મન દાનો સમજદાર હોય તો સારો. આના પર એક દૃષ્ટાંત છે.

એક ગામમાં ખીમચંદ અને દયાચંદ નામના બે ભાગીદાર વેપારી રહેતા હતા. બંનેને ભાગમાં દુકાન ચાલી. પણ વખત એવો આવી લાગ્યો કે વેપારમાં આવક ઘટવા લાગી. ત્યારે દયાચંદ ખીમચંદને કહે છે, 'આપણે આ વેપાર બંધ કરી દઈએ. બીજો વેપાર કરીશું.'

ખીમચંદ કહે, 'એમ એકદમ બંધ કરવામાં તો ચાલુ માલ નીચા ભાવે ફટકારી દેવાનું થાય, તો ખોટ આવે.'

પેલો કહે, 'એ ચિંતા કરવા કરતાં ભવિષ્યનો વિચાર કરો. ભાવ ઊતરતા જાય છે તેથી ભવિષ્યમાં મોટી ખોટ વેઠવી પડે, એના કરતાં આ ખોટ ઓછી રહેશે.'

**ખીમચંદની મમતા :**

પણ દયાચંદનું સમજાવવું વ્યર્થ હતું. ખીમચંદ પોતાના નિર્ણયમાં મક્કમ હતો. છેવટે દયાચંદે પોતાનો ભાગ બંધ કર્યો. ધીમે ધીમે પોતાની રકમ કાઢી લેવા માંડી. થોડી બાકી રહી એનું નક્કી કર્યું કે મહિને મહિને અમુક અમુક હપ્તે ખીમચંદે આપી દેવી. પરંતુ તો માલ ઓછો રહેતો એટલે ઘરાકી બહુ મંદ પડી ગઈ, બીજી બાજુ ભાવ બેસતા ગયા ખરચા ઊભા રહી ગયા. પેલો ઉઘરાણી કર્યા કરે છે, આ વાયદા કર્યે જાય પરંતુ રકમ આપી શકતો નથી. દયાચંદ કહેતો, 'લાવ તારા છોકરાને બીજે લગાડી આપું, પરંતુ આ એના મમતમાં માનતો નહિ, છેવટે દુકાન કાઢી નાખવી પડી. દયાચંદની રકમ પાછી વાળી નહિ, છોકરાને બહારગામે મોકલી દીધો.

દયાચંદનું મન બહુ ખાટું થઈ ગયું. એને લાગ્યું કે આ કેવો

માણસ ! મારું માન્યું નહિ ને દુકાન કાઢી નાખી. છોકરાને બહારગામ મોકલી દીધો, તે જરૂર મૂડી લઈને જ મોકલ્યો હશે. મારી રકમ પાછી વાળી નહિ. કેવો આપમતિ ! કેવો પ્રપંચી !' હવે એ ખીમચંદને દુશ્મન દેખે છે. સંબંધ બંધ થઈ ગયા. વચમાં વચમાં ઉઘરાણી કરે છે, ત્યારે ખીમચંદ ઊલટો તીખાં લે છે. એ ય દયાચંદને દુશ્મન દેખે છે.

**પૈસાનો સંબંધ ભૂંડો :** દુનિયામાં પૈસાનો સંબંધ મિત્રતા અને સ્નેહને તોડાવે છે, વહાલામાં વહાલા લાગતાને વૈરી બનાવે છે, અનેક પ્રપંચ-વિશ્વાસઘાત અને પાપોની હારમાળા સર્જે છે. માટે નીતિ કહે છે કે **જેની સાથે સ્નેહ રાખવો હોય એની સાથે પૈસાનો સંબંધ બાંધતા નહિ.** નહિતર પ્રપંચ અને વિશ્વાસનો ઘાત કરવાનું બનશે, સામાના ભૂતકાળના ઉપકાર ભૂલી દુશ્મનનું માનવાનું દિલ બનશે, એવાં અનિષ્ટ પરિણામ આવે એનાં કરતાં સીધું સરળભાવે કહેવું સારું કે, 'જો ભાઈ આપણી વચ્ચે પૈસાનો સંબંધ રહેવા દે, નહિતર એનું છેવટ દુશ્મનાવટમાં આવશે.

ખીમચંદે આપમતિ, ઊંધી ગણતરા અને મમતમાં બરબાદી સર્જી. લોક પણ સમજતું થઈ ગયું કે આ બિચારા દયાચંદ જેવા સારા માણસ સાથે હવે એ દુશ્મનાવટ કરે છે તે સારું નથી.

નાદાન પર અંકુશ ન હોય તો :

હવે બન્યું એવું કે ખીમચંદના છોકરાને બહારગામ ગયે બાર મહિના થઈ ગયા હશે ત્યાં છોકરાની વહુ કોઈ જુવાનિયાના સંબંધમાં આવી. જુવાન વય, બાપના ઘરમાં લાડકોડમાં ઉછરેલી, આજુબાજુવાળા સાથે બોલવા કરવામાં છૂટ વાળી, એનું પરિણામ આ ન આવે તો બીજું શું આવે ?

નાની વયમાં ઘણા લાડકોડ મનને સ્વચ્છંદ બનાવે છે. વય નાદાન છે, પોતાના હિતાહિતની ગમ પડતી નથી, પછી માથે વડીલનો ભય, લાજ કે અંકુશ હોય નહિ, તે આપ મેળે શી રીતે સીધી લાઈને ચાલે ?

પ્ર. પણ પછી સમજની વયમાં આવે ત્યારે તો સમજીને સીધું જીવન જીવે ને ?

ઉ. આ કેવી ઊંધી ગણતરી છે ? ખબર નથી કે નાદાન વયમાં વર્ષો સુધી યથેચ્છ ઊંધા જીવનની કુટેવ પડેલી તે હવે શે મીટે ? સમજ આવે એ જુદી છે અને ટેવ જુદી વસ્તુ છે. અરે ! ઊંધી ટેવોમાં તો પછી ઊંધા આચરણ પર સમજે ય અવળી બની બેસે છે; કેમકે માણસને અહંત્વ બહુ પીડતું હોય છે. તે એને 'હું ખોટું કરી રહ્યો છું' એવું માનવા દેતું નથી. એટલે કુટેવ અને અહંત્વ બે ભાગ થઈ દાટ વાળે છે, માણસને સત્યાનાશના પંથે લઈ જાય છે.

**નાનપણની કુટેવના અનર્થ :** ઉંમર મોટી થઈ, બુદ્ધિ હોશિયારી આવી, ચારમાં જમાવટ પણ કરી, હવે પેલી સ્વચ્છંદતા અને કુટેવોથી છૂપાં પાપો તો ખેલશે, પણ ઉપરથી અહંત્વનો માર્યો પોતે સારો હોવાનો ડોળ જમાવશે ! હિતૈષીઓનું સાંભળશે તો નહિ, પણ ઉપરથી એમને હલકા પાડશે; અને સાથે મીઠા મીઠા બોલ અને પોતાની હોશિયારીથી લાગતાવળગતાને એવા આંજી દેશે કે એ ભોળા આને શાણો સજ્જન સમજશે ! અને એના હિતૈષીઓને ઈર્ષ્યાળુ, અભિમાની, તેજોદ્વેષી... એવા એવા સમજશે ! નાની વયની કુટેવો અને નિરંકુશ સ્થિતિનું આ ફળ છે. માટે ખબર રાખવાની તે બચ્ચાની નાની વયથી જ, વિદ્યાર્થીની શરૂઆતથી જ અને શિષ્યની દીક્ષાથી જ. પ્રારંભથી જ એના પર ઓજસ પડી ગયું તે પડી ગયું; પહેલાં લાડ કે ભાઈ-ભાઈ, તો પછી એનાથી છૂટો થઈ ગયેલ તે ઓજસ, છાયા શાની ઝીલે ?

**પતિ પરદેશે વહુને ગર્ભ :**

ખીમચંદની પુત્રવધૂ લાડમાં ઉછરેલી અને અહીં ધણી પરદેશ છે એટલે છૂટ લે છે. એમાં એ ફસાણી એને ગર્ભ રહી ગયો ! મહિના થતાં સાસુ, સસરો ચોંક્યા, 'આ શું ?' અને લોકમાં પણ વાતો થવા માંડી. હવે તો પોતે ય ઘણી પસ્તાય છે, પણ શું કરે ? ઘરની બહાર નીકળવું ભારે છે. સાસુએ પૂછ્યું એટલે કહેવું પડ્યું; છૂપાવે ક્યાં છૂપું

રહે એમ હતું ? સ્ત્રીઓના માથે કુદરતનો આ ભાર પણ એને સદાચારના બંધનમાં રાખે છે. આજની વાત ન્યારી છે. એક બાજુ વિલાસવાદ વધ્યો, બીજી બાજુ ગર્ભ જ ન રહે એવા પેંતરા યોજાયા ! પછી સદાચારનાં બંધન શે પળે ? આવા કાળમાં શ્રાવકનાં આચાર-વિચાર અને ધાર્મિક અનુષ્ઠાનો નિયમનો વધારે પળાવા જોઈએ કે ઓછા ? છોકરા-છોકરીને ભણાવવાના મેનિયા પાછળ બહાનું થયું કે 'ધર્મક્રિયા અને ધર્મ-આચારોનો સમય ક્યાંથી મળે ?' પણ પરિણામ સમજો છો ? 'બનવાનું હશે તે બનશે' એવી ધિટ્ઠી વિચારણા રાખી હોય તો કાંઈ કહેવાનું નથી. **શ્રાવક-શ્રાવિકા તરીકે દેવાધિદેવ અને એમના શાસનનો ભાર પહેલો માથે ધર્યો હોય તો ચેતવણી-સુર છે કે સંતાનોમાં ધાર્મિકતા પહેલી જળવાવો.**

**દુશ્મનની સલાહ લેવા જાય છે :** ખીમચંદ લોકવાયકા વધુ ચાલવાથી વધારે મૂંઝાઈ ગયો. કોની સલાહ લેવી ? દયાચંદને તો દુશ્મન બનાવ્યો છે, પણ હવે બીજો રસ્તો નહિ જડતાં ગયો દયાચંદને ઘેર.

આપણી વાત દાના દુશ્મનની છે. દયાચંદ દાનો છે. ઘણા વખતે ખીમચંદ ઘરે આવ્યો, એને આવકાર આપે છે અને સમજી જાય કંઈક ખાસ કામે આવ્યો હશે; એટલે અંદર લઈ જાય છે. બેસાડીને પૂછે છે, 'કેમ આવવું થયું ?'

ખીમચંદ કહે છે, 'તમારી એક સલાહ લેવી છે.'

'બોલો, સંકોચ વિના બોલો, શી બાબત છે ?'

'બાબત તો આ તમે સાંભળી હશે ને છોકરાની વહુની લોથ ?'

'હા સાંભળવામાં આવ્યું છે.'

'તો મારે શું કરવું ? આ તો આબરૂના કાંકરા થશે !'

**દયાચંદનું દાતાપણું :** દયાચંદ દાનો છે, વિચાર કરીને કહે છે, 'એક કામ કરો, છોકરાને ઘરે બોલાવી લો.'

'પણ હવે બોલાવ્યે શું વળે ? એને ગયે બાર મહિના ઉપર થઈ ગયા અને વહુને ચોથો મહિનો જાય છે.'

'એની તમે ફિકર કરો નહિ, એ ઘાટ હું ઉતારી દઈશ. માત્ર તમારે એક ધ્યાન રાખવાનું કે છોકરો ગુપ્ત રીતે રાતના આવે અને પછી ઘરમાં ભોંયરામાં જ ખાનગી રાખવાનો. કહો આટલું બનશે ?'

ખીમચંદ કંઈક ખુશીમાં આવીને કહે છે, 'એ તો બનાવીશ પણ આબરૂ રહેશે ?'

'જરૂર, તમે તમારે એટલું કરો, છોકરો આવ્યો છે કે ઘરમાં છે, એ કોઈને જરા ય ખબર ન પડવી જોઈએ.'

'ઠીક, ઠીક, તમારો બહુ ઉપકાર.' કહીને ખીમચંદ ગયો ઘરે. ઘરમાં વાત કરીને છોકરાને એ મુજબની ચિઠ્ઠી મોકલી ગુપ્તપણે બોલાવી લીધો અને ભોંયરામાં રાખ્યો. દયાચંદને જણાવી પણ દીધું.

દયાચંદ હવે બુદ્ધિ લડાવે છે. પણ જો જો બુદ્ધિ એવી કે ઉપરથી જોતા દુશ્મનની પ્રવૃત્તિ કરાવે એવી લીગે, પરંતુ ગર્ભિત રીતે સામાની આબરૂ સાચવવાની કરામતવાળી છે.

**દાના દયાચંદનો બુદ્ધિ પ્રયોગ :**

દયાચંદે બુદ્ધિ એવી લડાવી કે એણે બહાર ચાર જણની વચમાં ગળગળો થઈને એવી વાત મૂકી, 'જુઓને આ ખીમચંદ મારા હજાર રૂપિયા નથી આપતો. એનો છોકરો સારું કમાઈને લાવ્યો છે છતાં એને હજી રૂપિયા આપી દેવાનું સૂઝતું નથી.'

બીજાઓ કહે, 'અરે ! એનો છોકરો તો પરદેશ ગયો છે, આવ્યો જ ક્યાં છે ?'

આ કહે, 'તમને ક્યાં ખબર છે ? મને ચોક્કસ બાતમી મળી છે કે એ છ મહિનાથી ઘરે આવી ગયો છે, પરંતુ રૂપિયા આપવા પડે છે એટલે એને છુપાવી રાખ્યો છે.'

'શું કહો છો ?'

'ખરેખર જ કહું છું. આ તો મને એકલાને દાદ દે નહિ એટલે શું કરું ? નહિતર હમણાં જઈને જડતી લઉં. જાણો છો ને દુકાનમાંથી ભાગ કાઢી નાખ્યા પછી જાણે ઓળખે છે જ કોણ ?'

લોકોને ખીમચંદના છોકરાની વહુના બનાવથી એના પ્રત્યે ઇતરાજી તો હતી જ, એમાં વળી દયાચંદ ગળગળો થઈને રૂપિયાની વાત કરે છે એટલે તો એના પર વિશેષ લાગણી ઊભરાઈ આવી અને ખીમચંદ પ્રત્યે રોષ વધ્યો, તેથી દયાચંદને કહે છે.

'અરે ! એમ હોય તો ચાલો અમે સાથે આવીએ છીએ. એ કેમ જવાબ ન આપે ?'

**ખીમચંદને ત્યાં તવાઈ :** બસ, નક્કી થયું, ચાર જણા દયાચંદની સાથે ગયા ખીમચંદના ઘરે ; એને કહે છે.

'કેમ ભાઈ ! છોકરો કમાઈ આવ્યો છે, તો પછી આના રૂપિયા આપી દો ને.'

ખીમચંદ કહે છે, 'છોકરો ક્યાં આવ્યો જ છે ?'

'વાહ ખીમચંદ શેઠ ! આ ધંધો ઠીક રાખ્યો છે કે છોકરો છુપાવી રાખી, ઘરે આવ્યો જ નથી એવો દેખાવ રાખવો ! કેમ દયાચંદભાઈ ! છોકરો આવ્યો છે ને ?'

દયાચંદ કહે, 'મને એવી માહિતી મળી છે કે છ મહિનાથી ઘરે આવી ગયો છે. ખીમચંદને વાંધો ન હોય તો આપણે તપાસ કરો ઘરમાં ક્યાંક હશે !'

દયાચંદ કહે, 'અરે ! ભાઈસાબ ! તમે ક્યાં પારકા છો, મારા સ્નેહી જ છો, જોઈ લો ઘરમાં.' બસ, ખીમચંદ અને બીજાઓ ઘર ફેંદી વળ્યા, મેડી, માળિયાં જોઈ લીધાં, પત્તો ન લાગ્યો. છેવટે નીચે અંદરના ઓરડામાં જોતાં ભોંયરા જેવું દેખાયું. અંદર ઊતર્યા અને ત્યાં છોકરાને નિરાંતે પુસ્તક વાંચતો જોયો ! ખીમચંદે ખસિયાણો પડ્યાનો દેખાવ કર્યો. પેલા જોઈને ચીંકી ઊઠ્યા. ખીમચંદને કહે, 'કેમ ભાઈ ! આ શું ? છોકરાને ક્યારનો અહીં ઘાલ્યો છે ?'

**ખીમચંદનો વિવેક :** ખીમચંદ કહે, 'માફ કરજો શેઠિયાઓ ! હવે તમારાથી છાનું શું રાખવું ? પાંચ–છ મહિના થયા એ કમાઈને પરદેશથી આવ્યો છે, પરંતુ આ દયાચંદભાઈ ઝટ રકમ માગે એ બીકે એને ખાનગી રાખ્યો છે. જરા અહીં વેપારની સગવડ થઈ જાય એટલે આપી દઈશ. તો ભાઈસાબ ! દયાચંદ શેઠ એટલી મહેરબાની વધારે કરે એમ તમે બધા એમને જરા ન સમજાવો ? તમને પગે પડીને આ મારી ગરીબની વિનંતી છે.'

**લોકવાયકા બંધ પડી :** ખીમચંદના લાગણીભર્યા બોલ ઉપર આવનારા પીગળી ગયા; વાત સાચી લાગી અને હવે દયાચંદને રકમની થોડી ધીરજ ધરવા આગ્રહ કર્યો. દયાચંદ મનમાં તો સમજતો જ હતો, તેથી એણે કહ્યું, 'ઠીક ભાઈ ! જેવો તમારા બધાનો આદેશ. પણ હવે જરા વેળાસર રકમ આવી જાય તો સારું.'

પત્યું, લોકમાં વાત ફેલાઈ ગઈ કે છોકરો તો છ મહિનાથી ઘરે છે. એટલે એની ગર્ભવતી બનેલી વહુની લોકવાયકા બંધ થઈ ગઈ, ફરી ગઈ.

દાના દુશ્મનની આ સ્થિતિ છે, કે અવસરે મહાન મિત્ર જેવું કામ આપે. મિત્ર જેવી સલાહ આપે પણ વિશ્વાસઘાત ન કરે.

## સ્વોપદેશ પ્રથમ પછી પરોપદેશ – સંન્યાસીની કથા

**જીવન એ મૂંગો નક્કર ઉપદેશ છે :**

એક ધર્માત્માના ધર્મથી એને પોતાને તો લાભ છે જ, પરંતુ બીજાઓને પણ કેવો સુંદર ધર્મનો લાભ મળે છે ! ગૃહસ્થના ઉપદેશ કરતાં સાધુના ઉપદેશની કેમ વધારે અસર પડે છે ? પરોપદેશે પાંડિત્યં હોય તો એવી અસર ન પડે. સાધુ ય પ્રખર ત્યાગી વિરાગી

હશે તો એની વધુ અસર પડશે. જીવન એ તો મૂંગો ઉપદેશ છે, મૂંગો પણ નક્કર ! મહાત્માઓના સંસર્ગથી વંકચૂલ વગેરે ચોર-ડાકુ જેવા પણ સુધરી ગયાના દાખલા બને છે. સારા વર્તનવાળા માબાપની છોકરા પર જબ્બર અસર પડે છે. આપણું ય સુધરે અને બીજાનું ય સુધરે. જો આપણે કાંઈ સુધરવું છે નહિ, ને બીજાને શિખામણ આપ્યા કરીએ, તો એમાં શું વળે ?

**સંન્યાસીનું દૃષ્ટાંત : એક સંન્યાસી** એક ગામમાં ચોમાસું રહી ઉપદેશ કરે છે. ત્યાં બન્યું એવું કે એક શ્રોતા રોજ સાંભળવા આવતો, તે એકવાર સંન્યાસી પાસે જઈ બેઠો, કહે છે –

'મહાત્માજી ! તમારો રસના ત્યાગનો ઉપદેશ તો સચોટ લાગે છે, અમારે કાનની બૂટ પકડવી પડે છે. પરંતુ ભાઈસાબ ! આપણાને મીઠાઈ ખાવાની બહુ આદત છે તે કેમ હજી છૂટતી નથી ?'

સંન્યાસી મનમાં વિચારે છે કે આનો શો જવાબ દેવો ? પેલો ફરી પૂછે છે, એટલામાં વિચાર કરી લઈ કહે છે, 'તમે પંદર દિવસ પછી મને પૂછજો.'

'પણ મહારાજ ! હમણાં જ કહી દો ને.'

'ઉતાવળ ન કરો, પંદર દિ' બાદ પૂછજો.'

દરમિયાન સંન્યાસીએ ઉપદેશનો વિષય બદલ્યો. પંદરમે દિવસે પાછો રસના-ઇન્દ્રિયના સંયમનો ઉપદેશ છેડ્યો. પેલો શ્રોતા સાંભળતા ઊભો થઈ કહે છે, 'મહારાજ ! મને જીવનભર મીઠાઈ-ત્યાગની પ્રતિજ્ઞા કરાવી દો.'

સંન્યાસી કહે, 'પછી મળજો.'

કથા પૂરી થઈ. લોક વેરાઈ ગયા. પેલો આવીને બેઠો સંન્યાસી પાસે; પ્રતિજ્ઞા માગે છે, 'કરાવી દો વ્રત.'

'પણ તમે મન પાકું કર્યું છે ?'

'હા મહારાજ ! આજ તો નિર્ધાર થઈ ગયો છે; કે આ ઘોર પાપ ન જોઈએ.'

'પણ જીવન છે, કેઈ પ્રસંગો આવે. ત્યાં ટકશો ?'

'અરે ! એમાં શું ટકવું છે ? થોડું જ કાંઈ મીઠાઈ વિના મરી જવાય છે ?'

'પણ લાલચ તો લાગે ને ?'

'આજનું તમારું સાંભળ્યા પછી હવે મનને એના પ્રત્યે એવી ઘૃણા થઈ ગઈ છે કે કદી લલચાઉં નહિ. કહો ના કહો, પણ ઉપદેશ તો આપે પંદર દિવસ પહેલા ય ખૂબ વરસાવેલો, પરંતુ આજે કોણ જાણે કેમ, પણ ઉપદેશથી હૈયું ભરાઈ ગયું છે. શું કારણ મહારાજ ?'

સંન્યાસી કહે છે, 'કારણ કહું ?'

'કહો જરૂર કહો, ગંભીર રાખવા જેવું હશે તો ગંભીર રાખીશ.'

**સંન્યાસીનો ઉપદેશ :** 'જુઓ ભાઈ ! વાત એમ છે કે તે દિવસે જ્યારે તમે પૂછ્યું કે ઉપદેશ સચોટ યુક્તિસર છતાં અસર કેમ થતી નથી ? ત્યારે મેં તમારી દૃષ્ટિ પડતી મૂકી મારી દૃષ્ટિથી વિચાર કર્યો કે મારામાં કોઈ કસૂર છે ? ઉપદેશમાં તો કસૂર હતો જ નહિ, પૂર્વ મહર્ષિઓનું કહેલું કહેવાનું હતું, એમાં શી ખામી કહેવાય ? પરંતુ મેં મારા જીવન પર દૃષ્ટિ નાખી. મેં જોયું કે મહર્ષિઓ પહેલાં તો મને જ કહી રહ્યા છે કે,

**અસ્થિરમાં ઠરે એ સ્થિરમાં ન ઠરી શકે.**

'હે જીવ ! વિચાર તો એ કર કે જીવન એટલે શું ?

જીવવું અર્થાત્ ખાલી શ્વાસોશ્વાસ લેવા, શું એનું નામ જીવન છે ? એટલું જ હોય તો ધમણમાં ને તારા જીવનમાં શો ફરક છે ?

અથવા ખાવું-પીવું એ શું જીવન છે ? એમ હોય તો તો કીડા-મકોડાના જીવવા અને તારા જીવવામાં શો ફરક ?

**મીઠાઈ ત્યાગ માટે વિચારવા ૯ મુદ્દા**

ત્યારે જો માનવજીવન એ કોઈ ઉચ્ચ ક્રિયામાં જીવવાનું છે, તો પછી ખાવાપીવાની ક્રિયાને એવું મહત્ત્વ શા માટે આપે છે કે જેથી

ખાવાપીવાનું અમુક તો સામાન્ય, ને અમુક તો ઠીક; અમુક સારું, પણ અમુક વધારે સારું-આવા હિસાબમાં હરહંમેશ અટવાય છે ?

જે વસ્તુ મોંમાં પડ્યા બરાબર પરિવર્તન પામે છે, ગળે ઊતરતાં વિકૃત થઈ જાય છે, એવી મહા અસ્થિર રૂપવાળી ખાનપાનની ચીજ પર તું કાં મોહી પડે ?

(૧) તારે તો સ્થિર જ્ઞાનાદિગુણમાં, સ્થિર પરમાત્મ-વસ્તુમાં અને ત્રિકાળસત્ય શાસ્ત્રપદાર્થોમાં મહાલવાનું ? કે અસ્થિર, વિનશ્વર અને તુચ્છ ખાનપાનાદિમાં ?

(૨) કિંમત કોની આંકવાની ? કિંમત વિનાનાની કે કિંમતવાળાની ?

(૩) ક્યાં ઠરવાનું ? ઠર્યા રહેવા દે ત્યાં ? કે તું ઠરવા જાય, ને એ અલોપ થઈ જાય ત્યાં ?

(૪) ધ્યાન રાખજે મહા અસ્થિર અને તુચ્છમાં મહાલવા જઈશ તો એ મહાલવાનું અસ્થિર જ રહેશે; તથા સ્થિર અને ઉમદા ચીજમાં મહાલવાનું ગજું જ નહિ રહે. ચીજમાં ઠરવા જતાં જ ચીજ ઊપડી જાય એમાં જો ઠરવાનું ગમશે, તો એ ઠરવાનું ચંચળ હશે, પછી ઠરવા દેનારી શાશ્વત ચીજમાં ઠરવાની આવડત જ નહિ રહે. કિંમત વિનાનાની કિંમત આંકવાનું કરવું હશે તો કિંમતવાળી ચીજ કિંમતી લાગી રહી !

અનુભવ કહી રહ્યો છે કે સ્થિર એવી તપોલક્ષ્મીમાં ચિત્ત ક્યારે ઠરે છે ? અસ્થિર એવી ખાનપાનની વસ્તુ કે ક્રિયામાં હૈયું ન ઠરતું હોય, જીવ ઊંચો રહેતો હોય ત્યારે.

(૫) વિષયોમાં રસ માણ્યા કરવો છે પછી વૈરાગ્યનો રસ ક્યાંથી આવે ? મીઠા મીઠા પદાર્થ સારા માની જીભડીના આનંદને જીવંત રાખ્યા કરવાનો હોય, પછી ત્યાગના સ્વાદનો અનુભવ ક્યાંથી થાય ?

(૬) એ પણ વસ્તુ છે કે કોઠામાં નાખેલા એ મીઠા પદાર્થ શરીરની ધાતુઓ સાથે એકમેક થઈને આત્માની સાથે એકમેક થાય છે. એ

એને એવો નિઃસત્ત્વ કરી મૂકે છે કે પછી જો ફિક્કું સાદું ભોજન મળે તો આકુળવ્યાકુળ થાય છે. પાછું જરા મીઠું મળે કે તેજી અનુભવે છે. આ સ્થિતિમાં ત્યાગનું સત્ત્વ ક્યાંથી રહે ?

(૭) વિષયોના આનંદ પડતા મૂક્યા વિના ભગવાન સાથે મેળ નહિ ખાય; કેમકે ભગવાન રહ્યા નિરંજન-નિરાકાર, ત્યાં કોઈ ઇન્દ્રિયને વિષય મળે એવો નથી, ત્યાં તો મનને મસ્તી મળે, પણ મીઠાં મીઠાં વિષયોના ભોગવટાના આનંદમાં ઇન્દ્રિયો દ્વારા તણાઈ ગયેલું મન વિષયરહિત ભગવાનમાં મસ્તી શે અનુભવે ? શ્રદ્ધા હોય એટલે ભગવાનનું ભજન તો થાય, પરંતુ ત્યાં સંગીત વગેરેના આનંદને જો લૂંટવો છે, ઇન્દ્રિયોની ખુશીમાં મનને ત્યાં બેસાડવું છે, તો ઇન્દ્રિય-વિષયોના પેલે પારના ભગવાનના નિરાકાર રૂપનો અનુભવ નહિ થઈ શકે.

(૮) વળી મીઠા વિષયની ગુલામી તો એવી ખતરનાક છે કે કદાચ જીવે કોઈ તપસ્યા કરી અને એમાં કંઈક ત્યાગ પણ રાખ્યો, પરંતુ તે પછી મીઠા પદાર્થનો સંયોગ મળતાં જાણે પેલા ત્યાગ-તપનો કોઈ જ સ્વાદ અનુભવમાં નથી એવી સ્થિતિ દેખાય છે. એટલે પાછો ત્યાગ કે તપ કરવાની વાત આવે ત્યાં મનને કચવાટ થાય છે. તો પછી શા સારુ આવી વિષયગુલામી, રસનાની ગુલામી ઉપાડે છે કે જે તારા આત્મહિતને રૂંધે ? જે તને નાટકિયો ઉપદેશક બનાવે ?

આ વિચારતાં તરત મને દેખાયું કે તને ઉપદેશ ન લાગે એમાં ભૂલ તો મારી જ મોટી છે. હું ચોંકી ઊઠ્યો કે, 'અરે ! આ શું ? લોકોને હું ઉપદેશ આપું છું કે રસના ઇન્દ્રિય જેવી દુષ્ટ ડાકણ બીજી કોઈ નથી, ને બીજી બાજુ મારે મીઠું-મીઠું ખપે છે ! પછી એવા બોગસ ઉપદેશની શ્રોતા ઉપર શી રીતે અસર પડે ? ભલે બુદ્ધિચાતુર્ય અને શાસ્ત્રબોધ હોય એટલે તમને યુક્તિસર ગોઠવેલું કહીને હાજી ભણાવીએ, કાનપટ્ટી પકડાવીએ, પણ તેથી એ તમારા દિલ વીંધીને અંતરના ઊંડાણમાં થોડું જ જાય ?

(૯) અને તમને અસર થાઓ યા ન થાઓ પણ જો અમારે એવો મહાન ત્યાગ–વૈરાગ્યનો ઉપદેશ આપવા છતાં અમારા જ વર્તનમાં મોટી પોલ ચલાવ્યે રાખવાની હોય તો તો તમારા કરતાં અમારું હૃદય વધારે ધિટ્ઠું, કઠોર અને નઠોર થઈ જાય. આ જિંદગીમાં સંસાર ત્યાગવા ઉપર પણ જો એવી ધિટ્ઠાઈ કેળવી કેળવીને જ મરવાનું હોય તો તો નાહી નાખ્યું ! ચોરાશીના ચક્કરમાં એ ધિટ્ઠા હૃદયથી ચલાવેલી પોલના પ્રતાપે કૂતરા–બિલાડીના જ અવતાર કરી કરી મરવાનું !

પાપ ધરાસર છોડવું નથી ને બોલવાની સફાઈ છે, તો પાપની ઘૃણા ક્યાં રહી ? સાચી ઘૃણા હોય, હૈયું પાપ સેવતાં બળીને ખાખ થતું હોય તો એ પાપ કેટલું ચાલે ? ખુશમિશાલ શાનું સેવાય ? ભાગ્યવાન ! એ જ વખતે મેં સંકલ્પ કર્યો કે ગોળ કે ગોળની ચીજ જ ન ખાવી. પછી એનો પંદર દિવસ અભ્યાસ પાડ્યો. એથી અંતરમાં પરિણમ્યું. એના પર બોલતાં મને જ લાગ્યું કે બોલવામાં મને કોઈ રસ જ ઓર આવ્યો ! પછી તમારા પર અસર હૃદયવેધી થાય એમાં નવાઈ શી ?'

સંન્યાસીની ઈકરારે પેલા પર ભારે અસર કરી ! એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં, કહે છે,

'મહારાજ ! શું કહો છો આ ? અમારા જેવા સંસારની ગટરમાં બેઠેલા પાપાત્મા આગળ આપ મહાન ધર્માત્માએ આવું ખુલ્લું શાનું કહેવાનું હોય ? મોહ–માયા બધાને તિલાંજલિ આપી ત્યાગના કપરા માર્ગે ચાલનારા આપને વળી ગોળ તે શી મોટી દોષની વસ્તુ ગણાય તે આટલું બધું જેવા એક અધમાત્મા આગળ કહી રહ્યા છો ?'

**નાનો દોષ ભયંકર ક્યારે સમજાય ? :**

સંન્યાસી કહે છે, 'જો ભાઈ ! આ નાના દેખાતા પણ દોષ કેવા ભયંકર છે તે તને એમ નહિ સમજાય. એ તો જેમ જેમ દોષોનો ત્યાગ કરતા ચાલીએ તેમ તેમ ઝીણા દોષની દોષરૂપતા નજરે ચઢે. નહિતર તો એ દોષ દોષરૂપજ ન દેખાય. મોટા દોષોના સેવનમાં નાના દોષ તો

બિચારા જાણે ગુણરૂપ દેખાય છે ! બીજું એ છે કે ભીતરકી કૌન જાને ? ભગવાન. અમારા દિલની દોષગુલામી તને ક્યાંથી સમજાય ?

પેલો મુગ્ધ થઈ ગયો, મીઠાઈના ત્યાગની વાતમાં વધારે મક્કમ બની પ્રતિજ્ઞા લઈને ગયો. પછી તો ઊલટું સાદા ભોજનમાં વધારે સ્વસ્થતા અનુભવવા લાગ્યો. હવે એને ને એને પોતાની મૂર્ખાઈ પર ઘૃણા થવા લાગી, 'આ તે હું કેવો મૂર્ખ ! સાદા ભોજનની આટલી બધી મજા પૂર્વે મેં જોઈ નહિ, ને મીઠાઈથી ખોટે ખોટી મજાની ભ્રમણામાં કુટાયો.'

**સારા ઉપદેશની અસરનાં બે કારણ :**

**(૧) ઉપદેશકનું તેવું જીવન :**

વાત એ હતી કે પહેલાં તો આપણે જાતે સુધરીએ, સુધરવા મથીએ અને પછી ઉપદેશ શિખામણ કોઈને દઈએ તો એ અસર કરે છે. સંન્યાસીના ત્યાગની અસર પડી.

**(૨) એક ધર્મના સ્વાદથી બીજા ધર્મનો રસ :**

બીજું પણ એનું કારણ એ હતું કે એણે એક રસત્યાગનું વ્રત લીધું એનાં પાલનના સ્વાદની પણ એના પર સારી અસર પડી, એટલે હવે સામી વ્યક્તિને પણ ત્યાગની ભાવના જોરદાર થઈ.

એક સારા ધર્મપાલનની આ અસર પડે છે કે એ બીજા ધર્મપાલનને પ્રેરે છે.

## વિજય ચોરનું દૃષ્ટાંત

**શરીર સંયમનું ખૂની શી રીતે ?**

વિજય ચોરે એક શેઠના બાળકને ઘરેણાં સહિત ઉપાડી ગામ બહાર જઈ ઘરેણાં ઉતારી લઈ, બાળકને કૂવામાં ફેંકી દીધેલું. પછી એ પકડાયો, રાજાએ એને જેલમાં નાખ્યો. બીજા અવસરે શેઠ જ કોઈ રાજગુનામાં આવ્યાથી રાજાએ એજ ચોરના પગની એક જ

હેડમાં શેઠના પગ ઘલાવી કેદખાનામાં એક માસ માટે રાખ્યા. શેઠના ઘરેથી ભાણું આવ્યું. શેઠ જમે છે.

ચોર કહે, 'મને ખાવા દો.'

શેઠ તડૂક્યા, 'મારા દીકરાના ખૂની ! તને ખાવા દઉં ?'

પેલો કહે, 'શેઠ દો, નહિતર સાર નહિ નીકળે.'

શેઠ કહે, 'જા તારાથી થાય તે કરી લેજે.'

શેઠે જમી તો લીધું, ને વધેલું નોકર ઘરે લઈ ગયો, પણ પછી શેઠને સંડાસની હાજત લાગી, ચોરને કહે, 'ચાલ સંડાસમાં.'

ચોર કહે, 'મને ખાવા નથી આપ્યું માટે હરગીજ નહિ આવું.'

હવે શેઠ શું કરે ? બંનેના પગની એક જ હેડ છે એટલે એકલા જવાય એમ નથી. તો શું ધોતિયું બગાડે ? કબૂલવું પડ્યું, 'કાલથી ખાવા આપીશ.' ત્યારે ચોર સાથે ગયો. બીજા દિવસથી ચોરને ખાવા આપવું પડ્યું, પણ નોકરે ઘરે જઈ શેઠાણીને વાત કરી કે, 'શેઠ ચોરને ખાવા આપે છે.' મહિને કેદમાંથી છૂટી શેઠ ઘેર ગયા; પણ પત્નીએ-શેઠાણીએ કશો આવકાર-વધામણાં ન કર્યાં, ને મોં ચડેલું.

શેઠ પૂછે છે, 'તમને મારી કદર નથી ?'

શેઠાણી કહે, 'મારા દીકરાના ખૂનીને તમે ખવરાવનારા, તમારી કદર ?'

શેઠ કહે, 'દીકરો તમારો તો મારો નહોતો ? પણ પૂછો તો ખરા કે કેમ ખવરાવતા હતા ?'

'હા, કેમ ખવરાવતા હતા ?'

શેઠ કહે, 'એટલા માટે કે પહેલે દિવસે તો એ બહુ કરગર્યો તો ય ખાવા ન જ આપ્યું. પણ પછી કહે સંડાસ સાથે નહિ આવું, હવે મારે શું કરવું ? આપવાનું કબૂલ્યું ત્યારે એ સાથે આવ્યો !'

સાંભળી શેઠાણી સમજ્યા, રાજીપો દેખાડ્યો કે 'એમ છે ? તો તો આપ્યું એ બરાબર.'

આ દૃષ્ટાંત આપી જ્ઞાની કહે છે, શેઠાણી એટલે સમજો આચાર્ય. એ શેઠના સ્થાને રહેલ શિષ્યને ઠપકો આપે છે, 'કેમ ચારિત્ર સંયમ લઈને શરીરને ખાનપાનથી મહલવાનું કર્યું ?

**શરીર સંયમનું ખૂની કેવી રીતે ?**

શરીર તો સંયમનું ખૂની છે. શરીરને અસંયમ કરવાનું ગમે, એમાં સંયમનો ખૂરદો બોલાવે, એટલે શરીર એ સંયમનું ખૂની છે. એવા શરીરને ખીલાવવાનું ?'

શિષ્ય કહે, 'બાપજી, સાંભળો તો ખરા, શરીરને કેમ ખવરાવ્યું ? ગઈ કાલે ઉપવાસ કરી ખાવા આપ્યું જ નહિ. પણ આજે સવારથી એ ગળિયું થયું, આંખે અંધારા આવે, સ્વાધ્યાય–વૈયાવચ્ચ કશામાં શરીર ઊઠવા જ તૈયાર નહિ. બધી આરાધના બગડતી હતી, તેથી ન છૂટકે એને ખાવા આપવું પડ્યું.'

આ ખુલાસાથી આચાર્ય રાજી થયા. શરીરને સંયમનું ખૂની સમજતા હતા તેથી ધન્ના અણગાર અને તામલિતાપસ બંનેએ તપથી શરીરને હાડપિંજરશું કરી નાખેલું. છતાં પણ ધન્ના અણગારને સદ્દષ્ટિની સાધના ખરી, તામલિને નહિ ! કેમ વારુ ? કહો, સદ્દષ્ટિની સાધના શરીર સુકાવવા પર નહિ, પણ વેદ્ય–સંવેદ્યપદ પર આધારિત છે, ને એ સર્વજ્ઞ–વચન મળવા પર આધારિત છે. તામલિને કિંમતી માનવદેહ મળવાની પુણ્યાઈ હતી, પરંતુ સર્વજ્ઞ–વચન મળવાનું પુણ્ય નહોતું.

**સર્વજ્ઞ–વચન અતિ મહાન પુણ્યોદયે મળે.**

એ મળ્યાની કદર હોય તો અપૂર્વ નિધાન મળ્યા જેવો હરખનો પાર ન હોય.

**અદ્ભુત ખજાનો મળ્યો :**

ફ્રાન્સમાં સંસ્કૃત ભણેલા વિદ્વાન લેખક ગોએથને કવિ કાળિદાસનું શાકુંતલ નાટક જોવા મળ્યું. વાંચી એ એટલો બધો હરખમાં આવી ગયો કે સભા વચ્ચે 'શાકુંતલ' પુસ્તક માથે મૂકીને નાચવા માંડ્યો !

લોકો પૂછે 'કેમ આટલું બધું શું છે ?' એ કહે, 'અરે ! આજે મને દુનિયાનો અદ્ભુત ખજાનો મળ્યો !'

**'જ્ઞાન મારા પ્રાણ છે, ને એ આપનાર પુસ્તક છે, એ ભાવ આવે તો પુસ્તકનો ય આદર થાય.'**

સર્વજ્ઞ વચનની કદર હોય એ એના શાસ્ત્રનો વારંવાર આદર કરે. ભણવા બેસતા એ શાસ્ત્રને પહેલા પગે લાગે, એનો ઉપકાર માને. પુસ્તકનો આદર કર્યા પછી સ્વાધ્યાયના આદરનું પૂછવું શું ? ઝટ સમય મળે સ્વાધ્યાય શરૂ કરી દે. અપાર પુણ્યોદયે સર્વજ્ઞ શાસ્ત્ર મળે છે એને અદ્ભુત ખજાનો મળ્યો લાગે.

## શત્રુંજય તીર્થ ભેટ્યાની કદરદાની – સુખલાલ શેઠનું દૃષ્ટાંત

**દિ. દ. તા. ૧૫-૨-૭૫ પા. નં. ૧૩૭થી ૧૪૨**

**સંપત્તિવાન કે સુકૃતવાન ?**

વસ્તુપાલ–તેજપાલ યાત્રાએ જવા નીકળ્યા. સાથે રહેલું થોડું ધન દાટવા ખાડો ખોદ્યો. ત્યાં નવું નિધાન નીકળ્યું ત્યારે અનુપમાદેવીને પૂછે છે, 'આને હાલ ક્યાં દાટીએ. આશય એ છે કે પાછા આવીએ ત્યાં સુધી સલામત રહે તો પછી કામ આવે. શું આ ?

**વસ્તુપાલે ચરુમાં સંપત્તિમાન થવાની તક જોઈ ત્યારે, અનુપમા એમાં સુકૃતવાન બનવાની તક જુએ છે.**

આ બેનો મોટો ભેદ સમજજો. તમારે સંપત્તિમાન થવું છે ? કે સુકૃતવાન ? ભૂલશો નહિ, સંપત્તિમાન તો અભાગિયા અનાર્યો પણ થાય છે. અનુપમા સલાહ આપે છે કે,

'ચરુને દાટવો જ હોય તો એવી ઊંચી જગાએ દાટો કે એને સૌ કોઈ જુએ છતાં એમાંથી લેશમાત્ર ચોરી શકે નહિ !

**ઊંચે દાટવામાં ઊંચે જવાનું થાય, નીચે દાટવામાં નીચે.**

વસ્તુપાલ આનો ભાવ સમજ્યા નહિ, મૂંઝાયો કે, 'ઊંચે વળી ક્યાં દટાતું હશે ? અને તે પાછું સૌ જુએ છતાં એમાંથી લઈ શકે નહિ એ કેમ બને ?' એટલે પૂછે છે, 'તમે શું કહેવા માગો છો ?'

અનુપમા કહે, 'જુઓ આપણે સિદ્ધગિરિ જઈએ છીએ, તો ત્યાં એના શિખર પર દાટો, અર્થાત્ આનાથી ત્યાં જીર્ણોદ્ધાર કરાવો, કે નૂતન મંદિર બનાવરાવો. એને સૌ કોઈ જોઈ શકશે, પણ એમાંથી કશું ચોરી શકશે નહિ. આપણા માટે એ મહાન સુકૃત મૂડી થશે. બાકી નીચે જમીનમાં દાટશો તો પરિગ્રહ મહાપાપની મૂડી થશે. મફતમાં મળ્યું છે એના ઉપરે ય શી મમતા કરવી ?'

**દાટીને યાત્રાએ જતાં દુર્દશા કેવી ? :**

વસ્તુપાળ આ સાંભળીને સ્તબ્ધ થઈ જાય છે કે 'અહો ! કેવો ઉચ્ચ વિવેક ! જમીનમાં દાટેલું કોને ખબર કે સલામત રહ્યું કે નહિ ? અને મૂર્છા તો રહ્યા જ કરે કે, 'આપણી પાસે સારું દાટેલું છે.' પછી ગિરિરાજ પર યાત્રામાં આપણે ભલેને આદીશ્વરદાદાની હજુરમાં હોઈએ, છતાં ત્યાં આ વિકલ્પ આવવાનો સંભવ છે કે દાદાની યાત્રાના પ્રારંભે જ મફતમાં ઠીક માલ મળી ગયો, ને સારી જગ્યાએ દાટ્યો છે એટલે ચિંતા નથી. વળી કદાચ એમ પણ મનમાં ભયનો વિચાર આવવા સંભવ છે કે 'કદાચ આ માલ કોઈ ઉઠાવી તો નહિ જાય ?'

આ કેવી દુર્દશા ? પરિગ્રહનું કેવું મહાપાપ કે,

**જે ગિરિરાજ પર અનંતા આત્માઓએ સર્વસંગનો ત્યાગ કરી મોક્ષ સાધ્યો, એવા પરમ પાવનકારી તીર્થાધિરાજને ભેટવાનું મળે ત્યાં ય આ પરિગ્રહસંગની લોથ જપવા દે નહિ ?**

એનો સંગ ત્યા પણ દિલને મીઠાશ લગાડે ! તો પછી તીર્થાધિરાજ સિવાય બીજે તો એ પરિગ્રહ સંગની મીઠાશથી બચવાનું ક્યાં રહ્યું ? ત્યારે એ પરિગ્રહસંગનું પાપ એ કેવું ખંધુ પાપ ? કેવું મહાપાપ ?

શત્રુંજય ગિરિરાજનું આવું આલંબન ખાસ ધ્યાન પર લેવા જેવું છે કે,

**શત્રુંજય પર કઈ ભાવના ? :**

અહીં અનંતા પાપી પણ આત્માઓએ સર્વસંગનો ત્યાગ કરી પરમપદ મોક્ષ સાધ્યો છે. એવી અત્યંત પાવન થયેલી ને પાવન કરનારી ભૂમિનો મને સ્પર્શ મળ્યો, મારાં કેવાં અહોભાગ્ય ! મહાભાગ્યે મળેલી આ તીર્થની સ્પર્શના હું એળે ન કાઢું, તીર્થની સ્પર્શના વખતે તો પરિગ્રહ વિષયો અને ખાનપાનના આકર્ષણ આસક્તિ સાવ મોળા પાડી દઉં, જેથી શાંતિથી સ્વસ્થ ચિત્તે અને ઊછળતા ભાવોલ્લાસથી યાત્રા–પૂજા–સ્તવનાદિ થાય; તેમજ આવા પાવન ગિરિરાજને ભેટીને ઘરે ગયા પછી રોજ પ્રભાતે આ યાત્રાનાં વિસ્તારથી સ્મરણ કરાય અને એથી પ્રફુલ્લિત થઈ ચિત્ત પરથી એ પરિગ્રહાદિના સંગના–આકર્ષણના ભાર ઓછા કરાય.

**મહાતીર્થ ભેટવા મળ્યા પર પાપનો ભય કેટલો ? :**

આવા અનંતાની મોક્ષ ભૂમિભૂત સિદ્ધગિરિનું આલંબન, જુઓ, આજે કેટલાને મળ્યું છે ? આજની દુનિયાના ૩૦૦ કરોડ મનુષ્યોમાંથી ૨૯૯।। ક્રોડ મનુષ્યોને નહિ. શાસ્ત્ર તો કહે છે ૪ ભરત, ૫ મહાવિદેહ અને ૫ ઐરવત એ ૧૪ ક્ષેત્રોમાં આવું તીર્થ નથી. એટલે ત્યાંના અબજોના અબજો મનુષ્યોને આ ગિરિરાજ ભેટવા નથી મળ્યો. ત્યારે જગતના બીજા અનંત જીવોને તો બિચારાને ભેટવા મળવાની વાતે ય શી ? એ આ મહાપાવન મહાતીર્થ આપણને ભેટવા મળે છે, તો એની કદર કેટલી ? એ ભેટવા મળ્યા પર ત્યાગ કેટલો ? પાપનો ભય, પાપનો અણગમો, પાપનો તિરસ્કાર કેટલો ?

ગિરિરાજની આ કદર હોય તો ગિરિરાજ ભેટીને જીવનની સિકલ ફરી જાય. મહાન તક સમજાય ને ? ગિરિરાજ ભેટવા મળ્યો એમાં આત્મ–સુધારણાની મહાન તક છે. એ તકને એળે કેમ જવા દેવાય ? આ તક ગુમાવી તો પછી બીજા કયા સ્થાને આવી તક

મળવાની ? જુઓ સુખલાલ શેઠે તીર્થાધિરાજ ભેટ્યાની કેવી કદર કરી અને એનાં આલંબનમાં તક કેવી સાધી ?

**સુખલાલ શેઠનું દૃષ્ટાંત :**

એક નગરમાં સુખલાલ નામે શેઠ રહેતા હતા. હતા તો શ્રાવક, પણ વેપાર-ધંધાની અનુકૂળતામાં ધર્મ સામે આંખ-મિંચામણા હતા.

ધંધાની અનુકૂળતા ખતરનાક ચીજ છે. વેપારમાં જ્યાં હાથ નાખે ત્યાં ખાસો નફો જ નફો થતો હોય, પૈસાની નદી જ વહી આવતી હોય, પછી વેપારના કામકાજના બધા સમયમાં તો એમાં જ ઓતપ્રોત રહેવાય છે એટલું જ નહિ પણ વેપાર સિવાયના સમયમાં પણ મગજમાં એની જ ગડમથલ ચોપડાનું કામ અને વેપારના અર્થે બીજા ત્રીજાને મળવા કરવાનું વગેરે ચાલ્યા જ કરતું હોય છે. આમાં આત્માની ચિંતા જ ક્યાં આવે ? ધર્મને યાદ જ ક્યાં કરે ?

ધંધાની ભારે અનુકૂળતા ખતરનાક ચીજ છે. એ ધર્મને ભૂલાવે એટલું જ નહિ, પણ લોભકષાય, પરિગ્રહ સંજ્ઞા અને પાપારંભોમાં નિર્ભયતા, એટલા બધા પોષાય છે કે એના ઘેરા સંસ્કાર જામવા માંડે છે. ત્યાં 'એથી પરલોકમાં મારા આત્માની કેવી દુર્દશા થશે,' એનો વિચાર એની ચિંતા પણ નથી થતી.

સુખલાલ શેઠની આ સ્થિતિ હતી. બસ, વેપાર વેપાર ને વેપાર, ધર્મની લેશ્યા જ નહિ ત્યારે એની પત્ની એક સારી ધર્મપ્રિય શ્રાવિકા હતી. એના મનને પતિની ધર્મવિમુખતા બહુ સાલતી હતી. પણ બિચારી કરે શું અવસરે અવસરે એ પતિને કહેતી,

'આ તમે એકલો વેપાર જ જુઓ છો, પણ કાંઈક ધર્મસાધના તો કરો.'

ત્યારે શેઠ કહે, 'ધર્મ એ તો નવરાનું કામ જેને નવરાશ હોય એ કરે. અમારે તો વેપારની ચિંતા કેટલી બધી રહે છે ? સમય જ ક્યાં છે ધર્મનો ?'

બાઈ કહે, 'પરંતુ તમને પરલોકની ચિંતા નથી થતી ? કે પરભવે હું ક્યાં જઈશ અને ત્યાં શું પામીશ ?'

આ કહે, 'એવી મફતિયા ચિંતા કરી મગજ શું કામ બગાડવું ?'

પત્ની કહે, 'એ ચિંતા નકામી નથી. જુઓ અહીં વેપાર અને પૈસાની અનુકૂળતા કેમ બની આવે છે, જાણો છો ? હોશિયારીથી પૈસા મળે છે એમ સમજતા નહિ. હોશિયારી તો આજે કેટલાયની પાસે છે. છતાં એમને આ અનુકૂળતા નથી બનતી, ત્યારે તમારે બની આવે છે, પૂર્વે ધર્મસાધનાથી જે પુણ્ય ઊભું કરેલું, એથી અહીં આ અનુકૂળતા પામી રહ્યા છો. તો હવે અહીં જો ધર્મ નહિ સંભાળો તો આગળ પર શું દેખવા પામશો ?'

શ્રાવિકાએ મુદ્દાસર યુક્તિપૂર્વક વાત સમજાવી પરંતુ શેઠને ગળે શેની ઊતરે ? એક જ જવાબ હતો કે, 'આ બધી ચિંતા તમે તમારે કર્યા કરો.' હવે શ્રાવિકા મૌન પકડે છે. બીજું શું કરે ? વળી ક્યારેક નગરમાં સારા વિદ્વાન સાધુ મહારાજ આવ્યા હોય ત્યારે પાછી એ તો શેઠને એમનું વ્યાખ્યાન સાંભળવા જવા કહેતી, પરંતુ શેઠ કહે, 'મને ફુરસદ નથી.'

આ કહે, 'પણ થોડું સાંભળો તો ખરા, તો કાંઈક બોધ મળે.'

શેઠ કહે, 'એ સાંભળવા જાઉં, ત્યારે આ વેપારનું કોણ સંભાળશે ?'

શ્રાવિકા કહે, 'એટલું ઓછું સંભાળ્યે શું બગડી જવાનું હતું ?'

અહીં શેઠ જવાબમાં નવો ઇસ્યુ (મુદ્દો) કાઢ્યો. શેઠ કહે, 'તે આ તમે હીરાની બંગડીઓ પહેરો છો તે શી રીતે આવે છે ? વેપારમાં પૂરું ધ્યાન ન રાખીએ, તો એવી કમાણી શી રીતે થાય ?'

શ્રાવિકા ધર્મની લેશ્યાવાળી હતી. એને કાંઈ એવો દાગીનાનો મોહ નહોતો. એણે તો તરત કહી દીધું,

'તો તમે એમ કરો, આ હીરામાણેકની બંગડીઓ લઈ લો.'

હીરાના દાગીના માટે તમારે ધર્મ ગુમાવી વેપાર કરવો છે ?

'એવા દાગીનાનો મને જરાય મોહ નથી. તમે ધર્મધ્યાન કરતા રહો એ મારે મન મોટા દાગીના છે. એ જ મને બહુ ગમે છે.'

શેઠ શું કહે ? 'ભલે' કહે ? ના રે ના, એ વેપારમાં રચ્યાપચ્યા રહેતા હતા તે થોડા જ પત્નીને હીરાની બંગડીઓ પહેરાવવા માટે ? એમને વેપારીઓમાં એક જબરા વેપારી તરીકેની નામના પસંદ હતી, તેમ રૂપિયાના ઢેરના ઢેર કરવા હતા, લોકમાં મોટા શ્રીમંત તરીકેની ખ્યાતિ જાળવી રાખવી હતી, તેથી વેપારની જ એક લેશ્યા હતી, એટલે પત્નીના ઉત્તર પર કહે –

'તમારે ઠીક છે, બોલવું સહેલું છે. તમારે હીરાની બંગડીઓ ન હોય તો અમારે સારા સમાજની વચ્ચે રહેવું શી રીતે ?' આ જોયું ? હોઠ સાજા તો ઉત્તર ઝાઝા.

વાત આ હતી કે સુખલાલ શેઠને ભારે અનુકૂળતામાં આત્માની અને ધર્મની લેશ્યા જ નહોતી. તેથી પત્નીના ધર્મ માટેના બોલ મન પર લે જ શું કામ ? એને તો ગમે તે ગમે તે દલીલથી તોડી જ નાખવાની. દા.ત., વેપાર શું કે પરિગ્રહ શું કે કોઈ સત્તા ખુરસી–હોદ્દો શું એની આંધળી આસક્તિ ખતરનાક છે. આત્મ–ચિંતા ને ધર્મલગન જાગવા જ ન દે.

આમ છતાં શ્રાવિકા અવરનવર ગામમાં સાધુ મહારાજ આવે ત્યારે શેઠને એમનો સત્સંગ કરવા પ્રેરણા કરતી, પરંતુ એ પ્રેરણા બહેરાના કાન પર પડે એવી સ્થિતિ થતી.

**સંસારની વિવિધ માયા ભૂંડી :**

વેપાર એ સંસારની માયા છે અને સંસારની માયા ભૂંડી છે. એ જીવને એટલો પકડી રાખે છે, જીવને વેશ્યાની જેમ એવો આંજી દે છે, કે પછી એને બીજુ સૂઝે જ નહિ. અંધારી રાતે રસ્તા પર સામેથી

મોટરનું ડેઝલિંગ લાઇટ આંખ પર આવતાં અંજાઈ જઈને બીજું કશું દેખાતું નથી ને ? વેશ્યામાં લંપટ બનેલો અંજાઈ જઈને પોતાની પત્ની-માતા-પિતાને ક્યાં ગણે છે ? રૂપિયાના ઢગલા વેશ્યા આગળ જઈને ખડકે છે. એમ આ સંસારની માયારૂપ રૂપાળી પત્ની, વહાલસોયું કુટુંબ માન-સન્માન ધીકતો ધંધો-વેપાર પૈસાટકા વગેરેથી અંજાઈ ગયેલા જીવને આત્મા-પરમાત્મા સદ્‌ગુણ-સુકૃત-સાધના કશું સૂઝતું જ નથી. એના પર દૃષ્ટિ સરખી નહિ, પછી એનો વિચારે ય શાનો કરે ? સુખલાલ શેઠની એ દશા હતી.

શ્રાવિકા બિચારી જીવ બાળ્યા કરતી કે આમનું શું થશે ? અને આમને ધર્મની લેશ્યા જ નહિ, એટલે સારાં સુકૃત્યો સારાં સારાં સુકૃતોમાં મને ભાગીદાર ય શાના કરે ? મારે ય કેવી પુણ્યની ખામી કે આવો સંયોગ મળ્યો ? ખુબી જુઓ, ઘરે પૈસા લખલૂટ છે, બંગલા જેવું મકાન છે, હીરામાણેકનો દાગીના અને રેશમી જરિયાન વસ્ત્રો છે, પરંતુ શ્રાવિકાને એ પુણ્યનો આનંદ નથી, પરંતુ પતિ સુકૃતો કરનારો ધર્માત્મા હોય એ સાચું પુણ્ય સમજી એવો પતિ ન હોવામાં પુણ્યની ખામી જુએ છે. આનું કારણ સ્પષ્ટ છે -

**સંસારસુખ-પ્રેમી જીવ સુખસામગ્રી ન મળવામાં પુણ્યની ખામી જુએ છે, ધર્મપ્રેમી જીવ ધર્મસામગ્રી ન મળવામાં પુણ્યની ખામી જુએ છે.**

આના ઉપરથી આપણી જાતનું માપ નીકળે કે આપણે ધર્મપ્રેમી છીએ કે નહિ ? ધર્મસામગ્રી સારી સારી મળી છે, પણ શ્રીમંતાઈ નથી મળી, તો પુણ્યની ખામી લાગે છે ? જો લાગતી હોય તો એ સંસાર-સુખનું પ્રેમીપણું સૂચવે છે, એવું ધર્મપ્રેમીપણું નહિ. જો એવું ધર્મપ્રેમીપણું હોય તો તો દેખાય કે, 'મારે ધર્મની સામગ્રી દેવગુરુનો યોગ, ધર્મી કુટુંબ, નીરોગી શરીર, ગુરુની વાણી વગેરે સારું મળ્યું છે એટલે આ બાબતમાં મારે ખરેખરો પુણ્યોદય છે, પછી સારા પૈસા ટકા-બંગલો-

મોટર વગેરનું પુણ્ય ન મળ્યાને શું રોઉં ? એવા પુણ્યથી શું ? પુણ્યે મળેલી બંગલા-બગીચા વગેરે આમ જે સુખ ભોગવાય એ કાંઈ સદ્ગતિ અને પુણ્યાઈ અપાવનાર નથી. ત્યારે પુણ્ય સામગ્રીથી જે ધર્મ થાય એ સદ્ગતિ અને પુણ્યાઈ અપાવનાર છે.'

જોજો, આજના કાળે ચારેકોર જડની બોલબાલા બોલાઈ રહી છે. તેથી અજ્ઞાન મધ્યમ માણસ એનાથી લહેવાઈ જઈને દીનતા સેવે છે કે આપણને પુણ્યની ખામી તે આપણી પાસે લાખ-બે લાખ રૂપિયા નહિ, બંગલો નહિ ! અને અજ્ઞાન સુખી માણસ પણ જડની બોલબાલામાં લહેવાઈ જઈ એમ માને છે કે આપ ને પુણ્યનો સારો યોગ છે. વેપાર-પૈસા ટકા-બંગલો વગેરે ઠીક મળી ગયું છે. ભલે ને એને શહેર બહાર રહેતો હોઈ એટલા મંદિર કે સાધુ મહારાજનો યોગ ન મળ્યો હોય ને તેથી એવી સાધના ન થતી હોય, પણ એમાં કાંઈ એને પુણ્યની ખામી નહિ દેખાય. આ આજની ભૂલામણી છે.

માટે સાવધાન રહેવા જેવું છે.

**જડાનંદીઓ ભલે જડના આનંદની બોલાબાલા કરે, આપણે તો જીવનની કિંમત ધર્મ-સાધના પર આંકવાની અને માનવાની છે.**

અરિહંતપદની ઉપાસના કરવી છે ? તો તો અરિહંત પ્રભુમાં એકાકાર થવું જોઈએ. પણ એ ત્યારે જ બને કે દુન્યવી સુખોને તુચ્છ લેખીએ. નહિતર તો એ સુખો એવા છે કે પોતે માલદાર લાગી પોતાનામાં જીવને એકાકાર બનાવે. પછી અરિહંત પ્રભુમાં એકાકાર બનવાને મન જ તૈયાર ન હોય. સુખલાલ શેઠની આ સ્થિતિ છે. વેપાર-ધંધામાં એને મધ દેખાય છે, તેથી એમાં એ એકાકાર છે. પત્નીએ અનેકવાર સાધુ મહારાજ પાસે જવા કહ્યું છતાં એ તરફ દૃષ્ટિ જ નથી.

**આચાર્ય કુનેહથી શેઠને બોલાવે છે :**

એકવાર એવું બન્યું કે નગરમાં એક વિદ્વાન સાધુ મહારાજ

પધાર્યા છે. શ્રાવિકા જઈને એમને શ્રાવકની પરિસ્થિતિ કહી એમને બુઝવવા વિનંતી કરે છે. આચાર્ય મહારાજે કહ્યું, 'એમને એમ કહેજો કે મહારાજને ખાસ કામ છે તેથી તમને યાદ કર્યા છે. એટલે જાઓ એમનું કામ પૂછી કરી આપો. આમ કહેશો એટલે એ કદાચ અમારી પાસે આવશે. પછી અમે જોઈ લઈશું.'

શ્રાવિકા કહે, 'ભલે !' એમ કહી ઘરે પતિને એ પ્રમાણે કહી કહ્યું, 'મહારાજ સાહેબનું કામ કરવું પડે, માટે જઈ આવો.'

સુખલાલ શેઠને અત્યાર સુધી આવો પ્રસંગ આવ્યો નહોતો ને આજે આ વાત આવી છે એટલે મનને થયું કે, 'લાવ, જોઉં શું કામ છે ? બની શકે એવું હોય તો પતાવી આપું.'

શેઠ ગયા મહારાજ પાસે જઈને વંદના કરીને બેઠા અને પૂછ્યું, 'મને યાદ કર્યો હતો ? ફરમાવો શું કામ છે.'

**આચાર્ય શેઠને કામ ભળાવે છે :**

આચાર્ય મહારાજ ઓઘાની ડાંડી બતાવી કહે છે, 'આ અમારી ડાંડી તમારે સાચવી રાખવાની છે અને આવતા ભવમાં અમને પહોંચાડવાની છે. જોજો આ વહોરેલો માલ છે એટલે બદલાઈ જાય નહિ. તમારે તો પરભવે ઘણો માલ લઈ જવાનો હોય તેથી સંભવ છે એમાં આની ફેરબદલી થઈ જાય માટે આને ખાસ કપડામાં લપેટી ઉપર અમારું નામ લખી રાખશો તો બદલાઈ નહિ જાય.'

સુખલાલના મનને એમ થયું કે, 'આ મહારાજ કેવી પાગલ જેવી વાત કરે છે !' એ કહે છે, 'મહારાજ સાહેબ ! એ કેમ બને ? પરભવે એ કેમ લઈ જઈ શકાય ?'

મહારાજ કહે 'એમાં શું છે ? તમે તમારો એટલો બધો માલ લઈ જશો તો એમાં આટલી લાકડી લઈ જવી ભારે નહિ પડે.'

શેઠ કહે, 'અરે મહારાજ ! મારી આખી માલ-મિલકતનો ઢગલો શું, હાથે પહેરેલી એક વાલની વીંટી ય પરલોકમાં લઈ જઈ શકાવાની

નથી, પછી તમારી લાકડી શી રીતે લઈ જવી ? આપને કોણે કહ્યું કે, 'હું મારી મિલક્ત પરભવે સાથે લઈ જવાનો છું ?'

આચાર્ય મહારાજ કહે, 'બીજા તો કોણ કહે ? તમારા લક્ષણ કહી રહ્યા છે કે અંતકાળ સુધી આટલી બધી મહેનત કરીને જે ભેગું કરશો તે જાણે પછી પરભવે સાથે લઈ જવાના હશો ! તો પછી ભેગાભેગી આટલી ડાંડી ય સાથે લેવામાં વાંધો છે ?'

શેઠ કહે, 'નાર રે ના મહારાજ ! મારા બાપાજી દાદાજી કોઈ ય અહીંનું પરભવે સાથે નથી લઈ ગયા, તો હું શું લઈ જવાનો ?'

'તે તમારા બાપાજી-દાદાજીને તો માલ-મિલકત ઉપર મોહ નહિ હોય એટલે સાથે નહિ લઈ ગયા હોય. તમને તો પાકો મોહ છે, મમત્વ છે. તેથી તમે શું કામ આ બધું છોડીને જાઓ ? બધું પોઠો બાંધીને સાથે જ લઈ જવાનો હો ને ?'

'ના રે ના મહારાજ ! કશું લઈ જવાવાનું નહિ.'

**પરભવે માલ અહીંની કઈ મહેનતથી મળે ? :**

આચાર્ય મહારાજ કહે, 'તો પછી શું જોઈને આટલા બધા એની પૂંઠે પડ્યા છો ? શું સમજીને એની ખાતર જ અંતકાળ સુધી આટલી બધી મહેનત કરવાનું રાખ્યું છે ? જે અવશ્ય અદશ્ય થવાનું, નક્કી છોડીને જ જવાનું, એની ખાતર અંતકાળ સુધી મહેનત ? તો શું એમ માની લીધું છે કે આ મિલક્ત નહિ સહી, તો પરભવે નવી મિલક્તે ય અહીંની આ મહેનતથી મળશે ?' એવું હોત તો તો અહીં પણ ગયા ભવની મહેનતથી જનમતા માલ-મિલકત મળી ગઈ હોત. પછી આ મહેનત શું કામ કરવી પડે છે ? અરે ! અહીંની આ વેપાર ધંધાની મહેનતથી પરભવ પૈસા માલમિલકત મળવાની શી વાત પાચામાં, મનુષ્યભવ જ ક્યાંથી મળવાનો હતો ? ને એમ જો મળતો હોત તો તો દુનિયા આખી પશુપંખી અને નાની કીડી જેવી પણ અંતકાળ સુધી પરિગ્રહ-સંગ્રહની મહેનત તો કરે છે, તો એ બધા ય મનુષ્ય જ થઈ જાત ને ? પછી આજે દુનિયા પર એકલા માણસ જ માણસ ઊભરાત !

પશુ પંખી–કીડા–કીડી–માખી–મચ્છર શું કામ દેખાત જ ? એ વિચારો ને કે આટલા બધા પશુ–પંખી–કીડા વગેરે કયા કારણે જન્મ્યા હશે ?'

શેઠને આ બધી કશી વિચારણા જ કદી આવી નહોતી. તેથી આ સાંભળતા સ્તબ્ધ બની ગયા છે.

મહારાજ કહી રહ્યા છે કે, 'અંતકાળ સુધીની આ મહેનત પછી નથી તો અહીંની મિલક્ત સાથે ચાલતી કે નથી નવી મિલક્ત મળતી, અરે ? મનુષ્યભવ પણ નથી મળતો, તો પછી શું સમજીને અંતકાળ સુધી આ મિલક્ત માટેની જ વેઠ કરવાનું રાખ્યું છે ? એ તો કહો !

શેઠ શું કહે ? લ્યો તમને જ પૂછું, તમે શું કહો છો ?

તમે કદાચ કહો, 'પરલોક તો કોણે દીઠો છે ? બાકી સારા પૈસા હોય તો અહીં માલ–સેવા અને માન–સન્માન મળે ને ?'

**વેપલા કર્યા ને માલ ઉડાવ્યાની અંતકાળે હુંફ ખરી :**

'પરલોક કોણે દીઠો છે ? પરલોક તીર્થંકર ભગવાન અને જ્ઞાનીઓએ દીઠો છે, માટે તો પરલોક હિતકારી શાસ્ત્રોમાં પરલોક અજવાળે એવો એમનો ઉપદેશ ભરચક ભરેલો છે. ત્યારે અહીંના માલમેવા અને માન–સન્માન ચાટતા રહેવાની વાત કરો છો, પણ કોઈનો અંતકાળ જોયો છે ? એ સુખે મરે છે ? જીવનભર વેપલો કર્યો, પૈસા કમાયા, માલમેવા ઉડાવ્યા, માન–સન્માન લીધા, એ બધાની અંતકાળે એને હૂંફ અને આનંદ હોય છે ? તો તો આનંદ–કલ્લોલથી સુખે જ મરે ને ? પણ ના, અંતકાળે તો હાય ને વોય જ હોય છે, કઈ મૂંઝવણ હોય છે, ભારે વિમાસણ હોય છે કે, 'હાય ! આ બધું છૂટી જવાનું ? આ બધું અહીં, તો પછી મારે ક્યાં જવાનું ?'

આવો તમારો અંતકાળ જો નજર સામે લાવો તો ત્રાસ છુટશે. અહીંની આ વેપાર–ધંધા અને પૈસાના ઢેર કરવાની અને તમને અંતે છોડી દેનાર કુટુંબ–કબીલાને સંભાળી બેસી રહેવાની મહેનત ગોઝારી લાગશે. મનને એમ થશે કે –

'જો અંતકાળ સર્વવિયોગનો અને એના કલ્પાંતનો આવવાનો છે તો શા સારુ અંતકાળ સુધી ક્ષણિક સંયોગની જ પાછળ મહેનતની લોથ રાખી છે ?'

એમ ચમકારો લાગ્યા પછી અંતકાળે શાંતિ આપે એવા ધર્મની મહેનત કરવાનું દિલ જાગશે. કેમકે,

**ધર્માત્માઓનો અંતકાળ શાંતિભર્યો દેખાય છે.**

**સુખલાલનું પરિવર્તન :**

સુખલાલ શેઠને ચમકારો લાગી ગયો. એના મનને થયું, 'મહારાજ સાહેબ શું ખોટું કહે છે ? અંતે તો આ બધું મારે મૂકવું જ પડવાનું. મારા બાપા દાદા બધું અહીં પડતું મૂકીને જ મર્યા, તો મારે ય એ જ બનવાનું. તો અંતે જે અવશ્ય મૂકવાનું એની પાછળ આ મારી આંધળી મહેનત શી ? અંતકાળ સુધીની વેપાર-ધંધા-કમાઈની મહેનત અને મમતા જ્યારે બધું મૂકવાનો અવસર આવશે ત્યારે, મને કેટલી બધી હાયવોય કરાવશે ?'

આ વિચારતાં વિચારતાં શેઠની આંખમાં પાણી આવી ગયા. સાધુને હાથ જોડી કહે છે,

'બાપજી ! તો આ તો કશો વિચાર જ મેં કર્યો નથી. આજ સુધી આંખ મીંચીને વેપાર ધંધામાં જ લાગ્યો રહ્યો છું. ઘરના માણસ મને ઘણું ય કહેતા કે 'સત્સંગ સાધો, મહારાજ સાહેબો પધારે છે એમનાં વ્યાખ્યાન સાંભળો,' ત્યારે હું કહેતો કે એ તો નવરાનાં કામ. પણ આજે પહેલવહેલી આપની વાણી સાંભળીને મને મારી મૂર્ખતા સમજાય છે. મેં તો જિંદગી બગાડી નાખી. હવે મારું શું થશે ?'

**થોડાથી ય કલ્યાણ :**

આચાર્ય મહારાજે કહ્યું કે, 'મૂંઝાશો નહિ. જાગ્યા ત્યારથી સવાર. જ્ઞાની ભગવંતો કહે છે, જિંદગીના છેવાડે પણ સંયમની સાધના થઈ જાય તો ય તે આત્માને ઊંચકનારી બને છે. અરે ! સંયમ નહિ સહી,

તોય સમ્યક્ત્વ સહિતની થોડા કાળની પણ ધર્મ સાધના ય આત્માને દુર્ગતિમાં પડતો અટકાવે છે. તો હવે તમે આ ધર્મનો સંયમનો વિચાર કરો. થોડાથી ય કલ્યાણ થશે.'

સુખલાલ શેઠને વાત ગળે ઊતરી ગઈ. પૂછે છે, 'હાલ સંયમ તો મારાથી લેવાય એમ નથી. તો હવે મારે શી-શી રીતે મારા આત્માનું કલ્યાણ કરવું, તે બતાવો.'

**પહેલી મુલાકાતે જ વ્રતો :**

આચાર્ય મહારાજે સમ્યક્ત્વ સહિત દાન-શીલ-તપ અને ભાવનાનો ધર્મ સમજાવ્યો. સુખલાલે તે પોતાની શક્તિ અનુસાર સ્વીકાર્યો અને પછી ઘરે ગયા.

સુખલાલ શેઠને જીવનમાં આજે સોનાનો સૂરજ ઊગ્યા જેવું દેખાયું. એને જે બોધ મળ્યો, આંતર દૃષ્ટિ ખૂલી અને સમ્યક્ત્વ સહિત વ્રતનિયમો મળ્યા. એથી એને જિંદગીમાં નહિ અનુભવેલ એવો અનહદ આનંદ થયો. જાણે અપૂર્વ નિધાન મળ્યું ! ઘરે જઈને શ્રાવિકાને બધી વાત કરી. તો એ સાંભળીને શ્રાવિકાને પણ પારાવાર આનંદ થયો. પોતે તો ધર્મપ્રવૃત્તિ કરતી જ હતી, હવે પતિને ધર્મપ્રવૃત્તિમાં હોંશેહોંશે જોડે છે.

**સંઘ કાઢવાની ભાવના :**

સુખલાલ શેઠ હવે તો રોજ વ્યાખ્યાન સાંભળવા જાય છે, એમાં એકવાર સિદ્ધગિરિનાં ગુણગાન અને તીર્થયાત્રાનાં તથા યાત્રાસંઘ લઈ જવાના મહાન લાભનું વર્ણન ચાલ્યું, એ સાંભળતા સુખલાલના મનમાં અવનવા ભાવ જાગ્યા. મનને થયું કે, 'મારી પાસેના આ ધનના ઢગલા શા કામના, જો આટલા બધા અપૂર્વ લાભવાળા યાત્રાસંઘમાં ન વપરાય ? અંતે તો બધું મૂકીને જ જવાનું છે, તો એના કરતાં તીર્થયાત્રાનો મોટો સંઘ કાઢીને એને આમાં લેખે કાં ન લગાડું ? વળી ધન માટે વેપાર ધંધામાં પાપ પારાવાર કર્યાં છે, તો એ પાપોમાંથી

વળતર ક્યાં ? પાપના ભાર ઓછા કરવાનું આવા મહાન યાત્રાસંઘ જેવા સુકૃત કર્યા વિના શે થાય ? માટે હવે એ કરવાનું નક્કી કરું.'

ઘરે આવીને પત્નીને પોતાની શુભ ભાવના દર્શાવી. પત્ની કહે, 'ધન્ય ભાગ્ય ! મારા મનને તો કેટલાય વરસોથી મનમાં આ આવતું હતું, તે તમે આજે સફળ કરવાનો વિચાર કર્યો. બહુ સારો વિચાર. જરૂર તીર્થાધિરાજ સિદ્ધગિરિનો સંઘ કાઢો, આચાર્ય મહારાજને વિનંતી કરી આવો કે પરિવાર સાથે તેઓશ્રી પણ પધારે. ખર્ચ સામે જોશો નહિ. જેટલા વધુ યાત્રિકો લઈ જવાય એટલું મહાપુણ્ય કમાઈ લેવાનો આ સોનેરી અવસર છે. તમને આ ઉત્તમ ભાવના થઈ હું તમારા ઓવારણાં લઉં છું.'

બસ, સુખલાલ તરત જ ઊપડ્યો આચાર્ય મહારાજ પાસે, પોતાની ભાવના બતાવીને વિનંતી કરે છે, 'પ્રભુ ! મારી સિદ્ધાચલજીનો સંઘ કાઢવાની ભાવના છે. આપ પરિવાર સાથે પધારો સંઘમાં; આપશ્રીની નિશ્રામાં સંઘને રોજ ને રોજ ધર્મની નવનવી પ્રેરણા મળે. મને આ મહાન સુકૃત કરાવો.'

આચાર્ય મહારાજે થોડા જ દિવસમાં એનો આટલો બધો પલટો જોઈ એને ધન્યવાદ આપ્યા અને સંઘની વાત વધાવી લીધી. બસ, હવે તો સુખલાલ શેઠે નગરના સંઘ આગળ વાત મૂકી, બધાએ એને અભિનંદન આપ્યા, વ્યવસ્થા થઈ ગઈ અને સારા મુહૂર્તે આચાર્ય મહારાજની નિશ્રામાં યાત્રા સંઘનું પ્રયાણ થયું.

**યાત્રાસંઘમાં ઉપદેશ :**

ગિરિરાજ તરફ યાત્રાસંઘ ચાલ્યો જાય છે અને આચાર્ય મહારાજ રોજ ને રોજ વ્યાખ્યાનમાં શત્રુંજય માહાત્મ્ય સંભળાવવા સાથે જીવનને સ્વ-પર માટે મંગળમય બનાવનાર મંદિર-જીર્ણોદ્ધાર પરમાત્મભક્તિ અર્થે વિવિધ સાધનોનું દાન, પોષધશાળા નિર્માણ, સાધર્મિક ઉદ્ધાર,

જીવદયા, જ્ઞાનભંડાર, પાઠશાળા વગેરે ધર્મક્ષેત્રોમાં દાન અને ઈતરોમાં જૈન ધર્મની વાહવાહ થાય એવા ઔચિત્યદાનનો મહિમા વર્ણવે છે. સાથે આ સંસારની અસારતા, લક્ષ્મીની ચંચળતા, ધર્મક્ષેત્રોમાં નહિ વપરાયેલી લક્ષ્મીથી ચાલતા ષટકાય-જીવસંહાર વિષય-વિલાસ અને મદ-અભિમાનની પરંપરા, ધર્મ વિના સંસારી જીવનમાં એક સરખી ચાલતી અઢાર પાપ-સ્થાનકની ગોઝારી રમત, આર્ય માનવભવ, જૈનધર્મ, વીતરાગ પરમાત્મા, એમનું શાસન, સદ્ગુરુ સંઘ વગેરેની અતિ દુર્લભતા... ઇત્યાદિ ઇત્યાદિ કેટલાય મુદ્દા પર એવું મહેકાવીને વર્ણવે છે કે આ બધું સાંભળતાં સુખલાલ શેઠ અને યાત્રિકવર્ગ તથા ગામ ગામના લોકો પાણી પાણી થઈ જાય છે. સુખલાલ શેઠની આંખમાંથી તો શ્રાવણ-ભાદરવો વહે છે.

**આત્મનિરીક્ષણ :**

સુખલાલ શેઠના દિલને લાગે છે કે, 'અરે ! ક્યાં મારું પહેલાનું જીવન ! ગુરુદેવ જે ફરમાવે છે એના અક્ષરની ગમ નહિ, વિચાર નહિ અને એક અબુઝ બળદિયાની જેમ માત્ર પારકી વેઠનું જ જીવન રાખેલું ! અહો ! જોઉં તો આ ભવ કેટલો બધો ઊંચો ! ને જૈનધર્મ વગેરેની પ્રાપ્તિ કેટલી બધી ઊંચી ! એની સામે મારા જીવનની કેટલી બધી અધમતા ! આહાર-વિષય-પરિગ્રહ અને કામ-ક્રોધ-લોભાદિ કષાયોમાં તરબોળ નર્યું પશુ જીવન ! છતે તરવાનાં મહાસાધને, મેં એકલું ડૂબાડનારાં સાધનોમાં ડુબાડનારી પ્રવૃત્તિ કરી ડુબવાનું જ કર્યું ? ધિક્કાર છે મારા આત્માને ! કેટલાય ભવોની તપસ્યા પછી આવા ઉચ્ચ અવતારે જન્મ મળ્યો એનું કશું મૂલ્ય ન આંક્યું ? અને માત્ર કીડીની જેમ જીવન આખું પરિગ્રહ પાછળ તથા ભૂંડની જેમ વિષયવિલાસ પાછળ વેડફી નાખ્યું ? એમાં કેટકેટલાં ધરખમ પાપ સ્થાનકો સેવ્યે રાખ્યા ?

સુખલાલ શેઠને હવે પોતાનાં પૂર્વ જીવનની અધમતા અને દુષ્કૃત્યો પર પારાવાર ખેદ થાય છે. પશ્ચાત્તાપની આગ સળગે છે. સાથે ગુરુ મહારાજ આ જીવનને સ્વ-પરને માટે જે મંગળકારી બને એવાં સત્કૃત્યો ઉપદેશે છે, એની અલૌકિક્તા પર એનું દિલ ઓવારી જાય છે. એ સાધવાના કોડ જાગે છે, એટલે યાત્રાના માર્ગમાં આવતા ગામ-ગામમાં ધર્મક્ષેત્રોમાં છુટે હાથે ધનનો સદ્વ્યય કરે છે.

આમાં વળી, ગુરુ મહારાજ સમજાવે છે કે આ ધનવ્યયથી તેતે ધર્મક્ષેત્રોની તો આરાધનાના મહાન લાભ મળે જ છે, પરંતુ શત્રુંજય મહાગિરિની યાત્રા નિમિત્તે નીકળ્યા હોઈને આ સત્કૃત્યો થાય છે તેથી એમાં શત્રુંજય મહાગિરિની ઉપાસનાનો ય ભવ્ય લાભ મળે છે. ત્યારે,

શત્રુંજય મહાગિરિની ઉપાસના એટલે ?

એ તો તે મહાતીર્થની ઉપાસના કરે છે કે જેણે અનંતા આત્માને સર્વસંગ છોડાવી તાર્યા છે, જન્મ-મરણની કારમી ચુંગાલમાંથી કાયમને માટે મુક્ત કર્યા છે ! એવા અનુપમ તારક તીર્થની ઉપાસના કરાય તે જો એ લક્ષ રાખીને કરાય કે અનંતાને નિષ્કલંક-નિર્વિકાર કરાય, એમાં એ અનંતા મોક્ષ પામેલા અને પરમાત્મા બનેલાની ઉપાસના એમણે સાધેલ સર્વવિરતિ-મહાસંયમ, અપ્રમત્તતા, ઉચ્ચ ભાવના, ઉચ્ચ આત્મપુરુષાર્થ, ઉચ્ચ ધર્મધ્યાન-શુક્લધ્યાન અને અનાસક્તિયોગની ઉપાસના ! કેટલા અપૂર્વ લાભો !

આવી મહામહિમાવંતી સિદ્ધગિરિની ઉપાસના મહાન સદ્ભાગ્ય હોય એને જ મળે. માટે એ મળ્યા પછી એની વિવિધ ઉપાસના કરવામાં કમી રાખવી નહિ.

ગુરુ મહારાજના મુખે શત્રુંજય મહાગિરિનો આ મહિમા અને તે પણ અનેકો જે આ મહાતીર્થથી પાવન થઈ ગયા એનાં દૃષ્ટાંતો સાથે સાંભળવા મળે છે એથી સુખલાલ શેઠનો ભાવોલ્લાસ ઓર વધી જાય છે. 'અહો ! આવું અતુલ મહિમાવંતુ મહાતીર્થ મને મળે છે ! એના હૈયે

એનાં મહામૂલ્ય ખડા થાય છે. મહાતીર્થ તો ભેટાશે ત્યારે ભેટાશે, પણ ગુરુમહારાજ કહે છે કે –

**'એકેકું ડગલું ભરે, ગિરિસન્મુખ ઉજમાળ,**
**કોડિ સહસ ભવનાં કર્યાં, પાપ ખપે તત્કાળ.'**

'શ્રી સિદ્ધગિરિ તરફ આગળ આગળ એકેક પગલું માંડતાં હજારો ક્રોડ જનમનાં પાપ તૂટતા જાય.' વળી એ મહાતીર્થ ભેટવા નિમિત્તની યાત્રામાં ચાલતાં થઈ રહેલ સુકૃતો એ પણ મહાતીર્થની ઉપાસના જ છે. તો પછી મારે શું કામ સુકૃતમાં બાકી રાખવી ? અહો ! મારા પામર જીવને અનંતા જન્મોમાં આ તક ક્યાં મળી હોય અને સાધી હોય ? એમ કર્યું હોય તો તો આજની મારી જે કંગાળ દશા છે એ ક્યાંથી હોય ? **બસ, હવે તો તન-મન-ધનને ઉચ્ચ ફળવાન બનાવવાની આ સોનેરી તક મળી છે, તો એને ઓળખી લઈ સફળ કરું.'**

શું કર્યું આ ? ગિરિરાજની કદર કરી. તન-મન-ધનમાં ગિરિરાજની ઉપાસના કરી લેવાની મહાન તક જોઈ.

મનમાં મહાતીર્થની ઊંચી કિંમત, ઊંચો પ્રભાવ વસી જાય અને તન-મન-ધનમાં સંસારના વિષયો સાધવાની, ને વિષયોના વિલાસ ઉડાવવાની તક નહિ, પણ મહાતીર્થને આરાધી લેવાની ને ધર્મકૃત્યો સાધી લેવાની સુંદર તક દેખાય, પછી તન-મન-ધનને એમાં જોડવામાં શું બાકી રખાય ?

સુખલાલ શેઠે એ યાત્રામાં અને શત્રુંજય ભેટતાં અઢળક નાણું ખરચ્યું, મૂડીમાંથી ઢગલો ઓછું કર્યું, ને સુકૃતોનો ઢેર કમાયા.

વસ્તુપાલે પણ અનુપમાદેવીના વચનથી પેલા જમીનમાંથી નીકળેલા રત્ન-ચરુમાં સંપત્તિમાન થવાની નહિ પણ ઉચ્ચ સુકૃતવાન થવાની તક ઓળખે છે તેથી એ લઈ જઈ સિદ્ધગિરિ પર એનો વ્યય કરી ઉચ્ચ સુકૃત કમાય છે.

# આત્મસંપત્તિની કમાણી પર વિદ્યાપતિ શેઠની કથા

## દિ. દ. વર્ષ-૨૫ અંક ૪૦/૪૧/૪૨

ક્રોધાદિ કષાયોને ક્ષમા-નમ્રતા લઘુતા-નિખાલસતા કેટલી કરી, એ આત્મસંપત્તિમાં આવે. એ પણ ધ્યાન રાખવાનું છે કે આપણે મન કિંમત આ આત્મસંપત્તિની કમાણીની હોવી જોઈએ. તો જ એ વધુ કમાવાનો લોભ રહે અને એ કમાયેલા પર એવી હૂંફ હોય કે જીવનમાં બીજા પૈસા વગેરેની ન્યૂનતાનું જરાય દુઃખ ન લાગે. એ દુઃખ ન લગાડવા આ ઉપાય છે. માટે કહે,

**ધન વગેરેની તંગીનું દુઃખ ન લાગે એ માટે હૈયે આત્મસંપત્તિની કમાણીની હૂંફ રાખવી.**

'ધર્મ-ગુણો-સુકૃતોરૂપી આત્મસંપત્તિ હું આટલું કમાયો છું, મારે શી ચિંતા છે ?' આ હૂંફ રક્ષા કરે એને એમ થાય કે, 'પૈસા ઓછા છે, કે ઓછા મળે છે યા પરિવાર બરાબર નથી, યા બહાર માન ઓછું મળે છે, શરીર રોગી છે; તેથી શું રોવાનું ? એ કાંઈ મારી સાચી સંપત્તિ જ નથી, સાચી કમાણી જ નથી. જીવનની સફળતા યા સારાપણું કાંઈ આ ધન-પરિવાર આદિ પર નથી. એ પૂર્વ કર્મના હિસાબ ચૂકતે કરે છે. એને કોણ સંપત્તિ માને ? કોણ કમાણી માને ? શું ?

**ધન-પરિવાર આદિ એ પૂર્વ કર્મના હિસાબ ચૂકતે કરે છે, માટે એ સંપત્તિ કે કમાણી નહિ.**

માટે જ ગરીબી-એકલદોકલપણું-અપમાન-અવગણના યા રોગ-અગવડ-અપરાધીનતા વગેરેમાં કશું દુઃખી થવાનું નહિ, કેમકે એ પૂર્વ કર્મના હિસાબ ચૂકતે કરે છે. ત્યારે એ સ્થિતિમાં ય જે દેવદર્શનાદિ પ્રભુભક્તિ-સાધુસેવા-નવકારજાપ-દયા-પરોપકાર-વ્રત-નિયમ-

સામાયિક વગેરે જે આચર્યાં એ નવા શુભ કર્મના હિસાબ માંડી આપે છે. માટે એ સાચી કમાણી છે, સાચી સંપત્તિ છે અને એ હિસાબ જ આગળ પરલોકે આવે છે. રૂપિયા લાખો–કરોડો કમાયા એ સાથે ન આવે, કેમકે એણે તો પૂર્વ ભવના શુભ કર્મના હિસાબ ચૂકતે કરી દીધા પરંતુ નવલાખ નવકાર સ્મરણ કમાયા એ સાથે આવે કેમકે એથી નવા શુભના હિસાબ મંડાઈ ગયા. જે પરભવે ચૂકતે થશે તેમ નવા શુભસંસ્કાર જમા થઈ ગયા જે પરલોકમાં નવાં ધર્મખાતાં ખોલી આપશે, અર્થાત્ ધર્મસાધનાઓ ઊભી કરી આપશે.

**જૈનધર્મ હૈયે વસ્યો છે ? તો આ આત્મ સંપત્તિની જ કમાણીને સાચી કમાણી લેખો અને હૈયે એની હૂંફ ધરો.**

**વિદ્યાપતિ શેઠ** પાસે ધન ઘણું હતું, પરંતુ એને એ ખરી સંપત્તિ માનતો નહોતો. તેથી એક રાતે જ્યારે સ્વપ્નમાં લક્ષ્મીદેવીએ કહ્યું, 'આજથી દશમે દિવસે જઈશ' ત્યારે એને હૈય જરાય આઘાત ન લાગ્યો. એને અફસોસ એટલો થયો કે અરેરે ! આ ધનસંપત્તિ તો મારી સાચી સંપત્તિ હતી જ નહિ, પણ સાચી સંપત્તિ દાનસંપત્તિ, એ તો મેં કમાઈ જ નહિ. છતાં ખેર ! આ સારું થયું કે લક્ષ્મીદેવીએ મને જાગ્રત કર્યો; હવે એ સંપત્તિ કમાઈ લઉં.'

સવારે શ્રાવિકાને સ્વપ્નની વાત કરીને પૂછે છે, 'કેમ બોલો શું કરવું છે ?'

શ્રાવિકા કહે, 'તમે શું વિચાર્યું છે ?'

શેઠ બોલ્યા, 'મેં ? મને તો એમ થયું કે આ અત્યાર સુધી થાપ ખાધી. જુઓ, આ સંપત્તિ સાચી સંપત્તિ નહોતી, કેમકે એ તો પૂર્વના પુણ્યકર્મનો હિસાબ માત્ર ચૂકતે થયો હતો એને આપણે આપણી સાચી સંપત્તિ માની બેઠા. કોઈ દેવાદાર દેવાના રૂપિયા પાંચ હજાર શાહુકારને ત્યાં જમા કરી આવે એ થોડી જ પોતાની સંપત્તિ શાહુકારને ત્યાં પડેલી ગણાય ? એ તો હિસાબ ચૂકતે થયો કહેવાય. એ તો હવે નવા રૂપિયા

ભરી આવે તો નવો હિસાબ મંડાય, ને સંપત્તિ ગણાય; કેમકે આગળ ઉપર મજરે એ મળે... એમ અહીં આ સંપત્તિ મળી એ તો હવે પૂર્વનું એટલું ખાતું સરભર થયું, હિસાબ ચૂક્તે થયો. એ તો હવે જો એનાથી દાન–પરોપકાર સુકૃત કરીએ તો એનો નવો હિસાબ મંડાયો ગણાય, ને એ આપણી સાચી સંપત્તિ સાચી કમાણી કહેવાય.

પરંતુ અત્યાર સુધી આપણે ભૂલા પડ્યા, તે આ લક્ષ્મીને સાચી સંપત્તિ માની દાન–સુકૃત કાંઈ કર્યાં નહિ, સાચી કમાણી કરી નહિ. તેથી મારું મન તો એમ કહે છે કે હજી લક્ષ્મીદેવી તો દસમે દહાડે જવાનું કહે છે ને ? પણ આપણે આજે જ બધી ય લક્ષ્મીનું દાન સુકૃત કરી લઈએ; કાલ કોણે દીઠી છે. આજ ભાઈ ! અત્યારે. પછી ખાધા ધાન તો ઘરમાં પડ્યું છે, જોઈશું આગળ શું થાય છે. પણ આજે જીવતા છીએ ને લક્ષ્મી હાથમાં છે તો અત્યાર સુધી ભૂલેલા આપણે ઠેકાણે તો આવી જઈએ ? લક્ષ્મી ગયા પછી કે જીવન ગયા પછી તો રાત પડી ગઈ. પછી તો અંધારે ગોતા જ ખાવા પડે.

**'રાતનો ભૂલ્યો માનવી, દિવસે મારગ આય,**
**પણ દિનનો ભૂલ્યો મૂરખો ફીર ફીર ગોતા ખાય.'**

શેઠ કહે છે કે, 'જુઓ મારો વિચાર આ છે. તમને જચે છે ?'

શ્રાવિકા કહે, 'હા, હા, હા તમે વાત એક નંબરની કરી, ખરું સૂઝાડ્યું, સુકૃત એ જ સાચી સંપત્તિ ને સાચી કમાણી છે. તે વળી આ ધર્મ પામ્યા છીએ માટે સૂઝે છે તો હવે એ જ કરીએ.'

શ્રાવક ધન્યવાદ આપતા કહે છે. ધન્ય તમને ! મારાં કેવા અહોભાગ્ય કે આવા તમે જીવનસાથી મળ્યા.'

બસ, પંચમહાજન અને બીજા અર્થીઓને બોલાવી શેઠ–શેઠાણીએ બધી સંપત્તિનો પરમાર્થ કરી નાખ્યો. એ નિરાશંસભાવે કર્યો, તેથી પુણ્યાનુબંધી પુણ્યના થોકની કમાણી થઈ. એમાં ઉધારો નહિ. સુકૃત–દુષ્કૃત જે કરો એની તત્કાલ જ પુણ્ય કે પાપકમાણી ઊભી થઈ જાય;

એમાં ઉધારે નહિ, વાયદો નહિ. રોકડાનો હાજરનો સોદો. કેવો હોય ? માલ સામે જ નાણાં.

શેઠ-શેઠાણી આખો દિવસ પરમાર્થ કરવાનું કામ પતાવી રાતે નિરાંતે ઊંઘ્યા; કેમકે સાચી સુકૃતકમાણીની જબરી હૂંફ આવી ગઈ.

તમે નિરાંતે ઊંઘો છો ? શાની હૂંફ ઉપર ? હૂંફ ન હોય, પણ ચિંતા હોય તો સુખે સુવાનું ન થાય. તો બોલો, સુખે સુઓ છો ને ? કઈ હૂંફ ઉપર ? કૃત્રિમ કમાણી ઉપર જ ને ? કમાણીની સંપત્તિની ભ્રાંતિ ઉપર જ ને ? ભૂલશો નહિ કે –

**જેમ માટીની સંપત્તિ એમ વિષયસુખો એ પૂર્વ કર્મના હિસાબ ચૂકતે છે માટે એ સાચી કમાણી નહિ.**

**સુખમાં રાજી એ ત્યાગમાં રાજી નહિ :**

શું સુખ ભોગવ્યું એ કમાયા નહિ, ગમાયા એટલા સુખનો કર્મનો હિસાબ ચૂકતે થયો. એટલું પુણ્ય મૂડીમાંથી સરી પડ્યું. શું આપણે રાજી રાજી થઈ જવાનું ? જ્યાં સુધી આ રાજીપો છે ત્યાં સુધી દાન અને ત્યાગનો રાજીપો નહિ આવે. એ તો,

**સુખને પુણ્યનો હિસાબ ચૂકતે થયો સમજે એને ત્યાગનો ઉલ્લાસ આવે;**

ને તો જ ત્યાગની સંપત્તિ કમાઈ લેવાનું મન થાય, ને લેવાય. એ જ સાચી કમાણી.

**દાન કરતાં મૂર્છા ત્યાગ ઊંચો :**

શેઠે સાચી કમાણી કરી લીધી એની હૂંફમાં નિરાંતે ઊંઘ્યા. એટલું જ નહિ પણ એ પહેલાં ગયા ગુરુ પાસે. હવે વધુ પડતી સંપત્તિની આશા પણ ન રહે. આશાના ત્યાગની સાચી કમાણી થાય એ માટે પરિગ્રહપરિમાણ વ્રત લઈ લીધું. કમાઈને દાનના સુકૃત કરતાં આ મૂર્છા સંકોચના વ્રતની મોટી કિંમત છે. પેલામાં તો યથેચ્છ કમાવાની વૃત્તિ એ મોટું પાપ છે. મળે એટલું લેવું બાકી રાખવું નહિ. 'લાખો લઈ

ગયા, પણ હજી મળે એમ છે ને ? ચાલો લેવા,' એ મોટું મૂર્ચ્છાનું પાપ છે. પછી દાન કરે એ સુકૃત કમાઈ ખરી. પણ મહામૂર્ચ્છાની પાપકમાઈ સાથેની. જ્યારે પહેલેથી મૂર્ચ્છા પર ભારે કાપ એ મોટી સુકૃતકમાઈ છે, માટે જ લાખોનું દાન કરનાર શ્રાવક કરતાં સાધુ ઊંચા છે, કેમકે એમણે સદંતર મૂર્ચ્છા ત્યાગ કર્યો છે.

પેલા શેઠે પરિગ્રહપરિમાણથી મૂર્ચ્છાત્યાગનું વ્રત લીધું. પછી એ ય સાચી કમાણીનું હૂંફમાં નિરાંતે ઊંઘ્યા પરંતુ સવારે જુએ છે તો ભંડાર ભેદી રીતે ભરાઈ ગયો છે, હવે શું કરવું ? હવે તો એ જંગી રકમ કરેલા પરિગ્રહપરિમાણની બહારની હતી, એટલે કાયદેસર રખાય નહિ અને શેઠને ખપતી પણ નથી, તેથી બીજો વિચાર શાનો કરવાનો ? એ જ દિવસે એનો દાનમાં ફેંસલો.

**નવ દિવસ નવો ભંડાર, નવું દાન :**

એટલું બધું દાનમાં ઉછાળીને શેઠ-શેઠાણી ઓર ખુશ થયા છે કે, 'વાહ ! આ પણ ઠીક પુણ્યાનુબંધી પુણ્યનો થોક કમાવવાનો અવસર મળ્યો !' વળી પાછો રાતના ગેબી રીતે ભંડાર ભરાઈ ગયો ! તો પછીના દિવસે એનો દાનમાં નિકાલ કરી નાખ્યો ! એમ નવ દિવસ ચાલું અને શેઠ-શેઠાણીને પુણ્યાનુબંધી પુણ્યના અને દાનસંસ્કારના ગંજના ગંજ ખડકાયા, બંનેને આ સુકૃતસંપત્તિ ભરચક કમાઈ લેવાની મળી એનો પારાવાર આનંદ છે.

**લક્ષ્મીદેવીનું પુનઃ દર્શન :**

પેલો વિદ્યાપતિ શેઠ, તિજોરીમાં નવ દિવસ સુધી ધન ભરાતું જાય છે, એને સાચી સંપત્તિરૂપ નહિ ગણતાં એનું સંપૂર્ણ દાન કરી રહ્યો છે. એ દાનને સંપત્તિ તરીકે કમાયાનું માની રહ્યો છે. એનો આનંદ છે, પરંતુ નવમા દિવસની રાત્રીએ લક્ષ્મીદેવીએ સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું.

'શેઠ ! તમે રોજનું રોજ ભલે બધું દાનમાં દઈ દો છો પરંતુ એમાં તો ઉચ્ચ ભરચક પુણ્ય ઊભું થઈ ગયું ને એ પુણ્યથી હું તમને બંધાઈ

ગઈ છું એટલે આ દાનની પૂર્વની તમારી ઘસાતા પુણ્યની જે સ્થિતિ પર મેં કહેલું કે હું દશમા દિવસે જવાની છું તે હવે સ્થિતિ બદલાઈ ગઈ, અતિ ઉગ્ર ભાવનાભર્યા દાનથી વર્તમાનમાં ફળે એવા ઉગ્ર પુણ્યવૈભવની સ્થિતિ ઊભી થઈ છે કે એનાથી બંધાઈ ગયેલી હું હવે જઈ શકું એમ નથી.' એમ કહી લક્ષ્મીદેવી અંતર્ધ્યાન થઈ ગયા.

**દાન માટે પણ વ્રતભંગ ચલાવી લેવામાં મનોદશા મલિન :**

આ ધર્મ કરવા સાથે મનોવૃત્તિ બગાડ્યાનો દાખલો.

એટલે (૧) ધર્મ કરવા માટે, યા (૨) ધર્મ કરવા પર અથવા (૩) ધર્મ કરવાની સાથે મનોવૃત્તિ ન બગાડાય. એની પૂરેપૂરી તકેદારી જોઈએ. બસ, ધર્મ કરવાનો એટલે ધર્મની આગળ, પાછળ કે ધર્મ કરવા વખતે શુદ્ધ ધર્મની જ લેશ્યા રહેવી જોઈએ. એને મલિન મનોદશાથી અભડાવાય નહિ; નિર્મળ મનોદશા જ અખંડ જળવાવી જોઈએ.

પેલો વિદ્યાપતિ શેઠ આ વિચારી રહ્યો છે કે આ લક્ષ્મીદેવી કહે છે કે, 'હું તો તારા ઉદાર દાનના પુણ્યથી બંધાઈ ગઈ છું. તેથી હવે જઈ શકું નહિ. તો એનો અર્થ એ, કે જેમ ગયા નવ દિવસ સુધી ધન આવ્યે ગયું અને દાનધર્મ કરતો ગયો તો પુણ્ય ખૂબ વધ્યું એમ હજી પણ અહીં રહું તો એમજ સર્વદાન રોજ કરતો રહીને ધર્મ તો થાય એમ છે, પરંતુ રોજ ધન પહેલાં તો સ્વીકારાઈ જ જાય એમાં મારું પરિગ્રહપરિણામ-વ્રત ભાંગે ને એ ચલાવી-વધાવી લેવામાં મનોવૃત્તિ મલિન થઈ જાય. માટે હવે જ્યારે લક્ષ્મીદેવી નિશ્ચિત બંધાઈ ગયાનું કહે છે, તો પછી મારે અહીંથી ગચ્છંતિ કર્યે જ છૂટકો, અહીં ખાલી પણ ભંડાર રાખીને રહું તો એમાં ધન ભરાય ને ? બસ, પહેર્યે લૂગડે અહીંથી નીકળી જાઉં.'

પેલા વિદ્યાપતિશેઠની મનોદશા સારી છે, તેથી પરિગ્રહ પરિમાણવ્રત ભાંગવું નથી; પછી ભલે પોતે પરિગ્રહ મેળવવાનો પોતે કોઈ ધંધો ન

કરતાં માત્ર પુણ્યયોગે કોઈ દેવમાયા કે ગેબી રીતે પરિગ્રહ આવે છે તે સ્વીકારીને એનાં મોટાં દાન થઈ શકે છે. પરિગ્રહને રાખીને મૂકવા નથી, દાનમાં જ દઈ દેવો છે, એટલે આમ સારાપણું દેખાય, પરંતુ પોતાના પરિગ્રહ પરિમાણવ્રતને, પહેલા તો પરિગ્રહને સ્વીકારી લેવામાં અંતરથી સારાપણું ન રહે, એમાં તો અંતર અર્થાત્ મનોવૃત્તિ મનોદશા મલિન થાય છે.

**દાન ખુશીમાં છુપી પરિગ્રહ–ખુશી ખરાબ :**

વળી વિદ્યાપતિ શેઠ અને શેઠાણી એ પણ જુએ છે કે, "આમ ચલાવી લેવામાં ને દાનને જ 'બહુ સારુ બહુ સારુ' એમ જોવામાં, આપણે કાંઈ વીતરાગ નથી એટલે છૂપું છૂપું પૈસાના પરિગ્રહને સારો માનવાનું થાય. વાહ ! ઠીક પૈસા આવ્યા, દાનની ખુશીમાં છુપી પરિગ્રહખુશી ન નભાવાય."

**પૈસા–પરિગ્રહ તો ભયંકર ઝેર છે, કેમકે એની ખુશીમાં સ્વને ભૂલવાનું થાય.**

દાન દેવું છે માટે એ ચલાવી લેવાય નહિ. આ જીવ સંસારમાં ભટકતો રહ્યો એમાં આ પણ એક કારણ છે કે પરિગ્રહમાં ખુશી માની છે; ને ખુશી આકર્ષણ એ સંજ્ઞા છે, એથી પરિગ્રહસંજ્ઞા પોષાતી રહી છે.

પરિગ્રહ એ 'પર' વસ્તુ છે, એની ખુશીમાં સ્વ–સ્વકીય વસ્તુને ભૂલી જવાનું થાય છે, 'સ્વ' એટલે આત્માની પોતાની વસ્તુ ત્યાગ છે વૈરાગ્ય છે, અનાસક્તિ છે; પરિગ્રહને સહેજ સ્વીકારી લેવા જતાં યા દાન માટે પણ સારો માનવા જતાં એ અનાસક્તિ ઘવાય છે.

**આપણે કાંઈ દાનની ધૂનમાં બિહામણા પરિગ્રહનો સોહામણો માનવો મોખ નથી.**

માટે ઊઠો અહીંથી આ 'છોડી પરગામ જ ચાલો.' વિદ્યાપતિ શેઠ અને શેઠાણી નવમા દિવસની રાત્રિના સ્વપ્ન પછી પરિગ્રહપરિમાણવ્રતના

ભંગથી બચવાનો વિચાર કરી દશમા દિવસે ઘર છોડી પરગામ ચાલતા થઈ ગયા. પરંતુ કહે છે ને કે નસીબ બે ડગલાં આગળ ચાલે છે ? તે એ જે નગરના પાસે પહોંચવાના છે તેનો રાજા અચાનક અપુત્રિયો મરી ગયો છે. તે, મંત્રીઓએ નવો રાજા બનાવવા ભાગ્યશાળીની શોધ માટે શણગારેલી સાંઢણી કાઢી છે. સાંઢણીને આખા નગરમાં કોઈ પસંદ ન આવ્યો. મંત્રીઓને ચિંતા થઈ છે કે, 'શું કોઈ યોગ્ય ભાગ્યવાન નહિ જડે ?'

એટલામાં પેલા શેઠ–શેઠાણી એ નગરની બહાર પહોંચી વીસામો લેતા બેઠા છે. ત્યાં સાંઢણી નગરની બહાર નીકળી બરાબર આ શેઠ પાસે આવી એમના મસ્તક પર કલશ ઢોળે છે અને સૂંઢથી ચામર વીંજે છે, લોકોએ ભારે જય જય નાદ પોકાર્યો; અને શેઠનું નામ પૂછી લઈ 'વિદ્યાપતિ મહારાજાકી જય હો જય હો'નો નાદ ગગનમાં પ્રસર્યો.

શેઠની હવે શી સ્થિતિ થઈ ? શેઠની જગાએ બીજો કોઈ હોય તો એને તો મનમાં ગિલગિલિયાં ભારે થાય કે, 'વાહ ! આવી લોટરી લાગી ગઈ ? હેં મોટું રાજ્ય જ મળી ગયું ?' એમ હરખનો પાર ન હોય. સંસારના રસિયા જીવને મફતમાં મોટી રાજ્યસંપત્તિ મળી રાજા બનવાનું મળતું હોય એમાં તો રાજીનો રેડ થઈ જાય ત્યારે અહીં શેઠ ગભરાઈ ગયા કે, 'હાય ! પરિગ્રહવ્રત બચાવી લેવાનું અહીં ક્યાં રહેશે ? આ તો ઘરના બળ્યા વનમાં ગયા, તો વનમાં લાગી આગ' જેવું થયું. નાની પરિગ્રહ બલાથી છૂટવા ઘર છોડ્યું તો અહીં મહાપરિગ્રહની બલા કોટે વળગે છે ! શું કરવું ?'

શેઠને ભારે ગભરામણ એ પણ છે કે, 'જો રાજા થવાનો ઇન્કાર કરું તો હજી રાજાનું મડદું પડી રહ્યું હશે, નવો રાજા ન જાહેર થાય ત્યાં સુધી એ મડદું કાઢે નહિ અને નવો રાજા મંત્રીઓ હવે પાછા ક્યાં શોધવા જશે અને શી રીતે તરતમાં મળશે ?'

આમ શેઠને બે ગભરામણ થઈ; ત્યાં લાગશે કે,

**પ્ર. પોતાને પરિગ્રહવ્રત ભંગ ન થાય એ જોવાનું ને ? રાજા કોણ થશે એની ચિંતા શા માટે ?**

ઉ. એનું કારણ આ છે કે રાજ્યની ચિંતામાં પ્રજાના રક્ષણની ચિંતા છે. કેમકે કોઈ દુશ્મન રાજાને નથી ને જો ખબર પડી કે આ રાજ્ય રાજાવિહોણું છે. તો એ લશ્કર લઈ ચડી આવે, ને અહીં એક હુકમકારક રાજા વિના વેરવિખેર જેવું થઈ જવાથી સામો વ્યવસ્થિત હલ્લો થાય નહિ, ને દુશ્મન સેના લૂંટફાટ ચલાવે તો પ્રજા ભારે સંકટમાં મૂકાઈ જાય. આ વિચારથી શેઠ ચિંતામાં પડ્યા ગભરાઈ ગયા છે

પરંતુ શેઠે જે નવ દિવસ રોજ ને રોજ ભરાયેલા ભંડાર આખાનું રોજ ને રોજ જે દાન કરેલ છે એનાથી એક બાજુ તો ઉગ્ર પુણ્ય વધી ગયું છે. તે બીજી બાજુ પોતાની ધર્મશ્રદ્ધા વધી ગઈ છે. પોતાને ધર્મશ્રદ્ધા તો હતી જ માટે દાન દેતા હતા, પરંતુ એમ દાનથી શ્રદ્ધાને સક્રિય કરવા જતાં અમલી કરવા જતાં શ્રદ્ધાને વેગ વધી રહ્યો હતો. સામાન્યથી આ નિયમ છે –

**શ્રદ્ધાને ક્રિયાથી અમલી કરતાં કરતાં શ્રદ્ધા વધુ સતેજ બનતી જાય.**

દા.ત. વ્યવહારમાં કોઈ વેપારી પર શ્રદ્ધા છે કે આ પ્રામાણિક છે, પછી એની પાસેથી માલ લેતો જાય અને એમાં પ્રામાણિકતા દેખાતી જાય, તેમ તેમ એ વેપારી પર શ્રદ્ધા વધે છે. એમ જો શ્રદ્ધા છે કે ભૂખ કરતાં ઓછું ખાવાથી અને હલકું ભોજન લેવાથી તબિયત બહાલ રહે છે અને પછી એ પ્રમાણે અમલ કરતો ચાલે ને સુંદર સ્વાસ્થ્યનો અનુભવ કરતો જાય, તો એની એ શ્રદ્ધા વધતી જાય છે.

એવી રીતે જો તપધર્મની શ્રદ્ધા છે કે –

**જીવનમાં તપ એ ચિત્ત સમાધિ પ્રેરક અને મહા કલ્યાણકારી છે.**

અને પછી તપ કરી કરીને એ શ્રદ્ધાને અમલી બનાવતો જાય, તો તપધર્મ પરની શ્રદ્ધા ઓર વધે છે, આ વસ્તુ અનુભવની છે, અનુભવગમ્ય છે. અનુભવ ન કરે એને તો કાં એમ થાય કે, 'તપથી ભૂખે મરીએ એમાં વળી ચિત્તને સમાધિ-પ્રસન્નતા મળતી હશે ?' અથવા એમ થાય કે, 'ભાઈ ! જ્ઞાનીઓએ કહ્યું તો છે, એટલે એમાં શંકા ન થાય, પણ આપણને અનુભવ નથી થતો, 'અરે, ભલા આદમી ! અનુભવનો પ્રયત્ન કરવો નથી તો અનુભવ ક્યાંથી થાય ? બાકી નિષ્ઠાથી તપ કરનારાનાં જીવન જો કે એમના ચિત્ત કેવી સુંદર સમાધિ અને પ્રસન્નતા અનુભવે છે !

આ જ વાત છે -

**શ્રદ્ધા પ્રમાણે અમલ કરતા જાઓ તો અનુભવ થવા માંડશે અને શ્રદ્ધા વધતી જશે.**

દાનધર્મ પર શ્રદ્ધા છે કે જીવનને પરિગ્રહ કે એનો ઉપભોગ અજવાળનાર નથી, પરંતુ પરિગ્રહનું દાન અજવાળનાર છે અને પછી એ શ્રદ્ધાનો અમલ કરવારૂપે દાન કરતા રહેવાય, તો દાનધર્મની શ્રદ્ધા વધુ વિકસ્વર બને છે.

વિદ્યાપતિ શેઠને દાનધર્મની શ્રદ્ધા આમ અમલથી વધુ જોરદાર બની છે, તેમજ આજે દાનમાં ભંડાર આખો ખાલી કર્યો છતાં બીજે દિવસે ભંડાર ભરેલો જોતાં પુણ્ય ખૂબ વધી ગયાની કલ્પના પર પણ એ પુણ્યના કારણભૂત દાનધર્મની શ્રદ્ધા જોરદાર છે.

આમ શેઠને પુણ્ય અને ધર્મશ્રદ્ધા ખૂબ વધી ગયા હોવાથી, અત્યારે થતી ગભરામણ એ પુણ્ય અને શ્રદ્ધાના પ્રભાવે શાની લાંબી ટકે ? ગભરામણ તો આમ ગઈ, કેમકે ત્યાં આકાશવાણી થઈ કે -

**'શેઠ ! રાજ્યગાદી પર રાજા તરીકે ભગવાન શ્રી જિનેશ્વર દેવની પ્રતિમાનો રાજ્યાભિષેક કરી દો.'**

બસ, શેઠને માર્ગ જડી ગયો, તરત પોતે ત્યાં સાંઢણી પર જઈ જિનપ્રતિમાનો રાજા તરીકે રાજ્યાભિષેક કરાવે છે. પછી રોજ રાજદરબારમાં રાજ્ય સિંહાસન પર પ્રતિમાને બિરાજમાન કરી પોતે એમના મંત્રી તરીકે કામ કરે છે. એટલે પછી મનથી એમ સમજે છે કે, 'અહીં હું રાજા જ નથી એટલે રાજ્યખજાનો એ કાંઈ મારો પરિગ્રહ નથી, મારી એના પર કશી માલિકી જ નહિ, તેથી મારું વ્રત અકબંધ રહેશે,' એમ સંતોષ માને છે.

શાના પર આ ? આ શેઠના હૈયે જૈનશાસન વસ્યું છે તેથી પરિગ્રહ પરિમાણવ્રતને સાચી સંપત્તિ લેખી વ્રત પાલનને સાચી કમાણી સમજે છે અને હૈયે એના પર એવી હૂંફ છે કે એની સામે ભરેલા ભંડારને કે મોટા રાજ્યને પણ જતું કરવામાં લેશ પણ ક્ચવાટ નથી, ઊલટું હૈયે ધરપત છે.

બોલો તમને આ ધન-સંપત્તિ મળી નથી કે મળવાની પણ નથી, છતાં 'કરોડોનું ધન' એવું સાંભળવા મળતાં હૈયે કેવું સંવેદન થાય છે ? હૂંફનું કે ગભરામણનું ? 'અહાહા ! કેટલું બધું સરળ અઢળક ધન !' એવું મનને થાય ? કે 'અરરર ! કેટલો મોટો નરકદાયી ભાર !' એમ ગભરામણ થાય ?

આ બધું સાંભળીને તમને શું મનમાં એમ થાય છે ખરું કે, 'આપણે આવો ધન્ય દિવસ ક્યારે આવે !' ભલે ને બનવાનું નથી, પણ આટલા કોડ પણ ન થાય ? કોડ પણ થાય, તો પેલાની સુકૃતની ભારે અનુમોદના થવા સાથે જાતને માટે એવા સુકૃતની માન્યતા આવે અને શુભ ભાવના થાય, એમાં પણ સાચી સંપત્તિની કમાણી છે.

પેલા શેઠને રાજ્યસંપત્તિ મળ્યાની હોંશ નહિ, પણ ગભરામણ છે કે, 'હાય ! આ બલા આવી, તો મારા વ્રતનું શું ?' ત્યાં જ

આકાશવાણીથી જિનમૂર્તિનો રાજ્યગાદી પર અભિષેક કરવાનો આદેશ મળતાં ખુશ થયો, ને એ પ્રમાણે કર્યું. હવે રાજા કોણ ? જિનેશ્વર ભગવાન. તો પોતે શું ? પોતે એના મંત્રી.

મંત્રીગીરી બજાવતાં વિદ્યાપતિશેઠે પોતાના વ્રતને એવું સુંદર સાચવ્યું કે 'રખેને ખજાનામાંથી એક પૈસો પણ મારી માલિકી તરીકેનો ન લેવાઈ જાય, ન ખરચાઈ જાય !' બસ, આ એક વ્રતને પણ મજબૂતાઈથી પકડી રાખ્યું, પ્રલોભનોને પાર કરીને પકડી રાખ્યું, તો એ પાંચમાં ભવે મોક્ષે ગયો.

આ એક સમજવા જેવું છે કે, એકાદ પણ ધર્મને–ધર્મ સાધનાને મજબૂત પકડી રાખો. તો એમાંથીય મહાન ઉન્નતિ સધાશે.

●●●

# પ.પૂ. મુનિશ્રી કલ્પરત્નવિજયજી મ.સા.એ પૂજ્યશ્રીનાં સંકલિત કરેલ પુસ્તકોની યાદી

- ● યોગદષ્ટિ ભા.૧/૨/૩
- ★ પ્રીતમકેરો પંથ નિરાળો
- ● પીવત ભરભર પ્રભુ ગુણ પ્યાલા
- ● સૂરિ પુરંદર યતિ હિતશિક્ષા
- ★ સ્વાધ્યાયનો સ્વાધ્યાય
- ● વાચના પ્રસાદી મનને મનાવી લે.
- ★ ભવ અનંતમાં દરિશન દીઠું
- ● મીઠાં ફળ માનવભવના (૧-૨ આવૃત્તિ)
- ★ દરિસણ તરસીએ...
- ● વાચનાનો ખજાનો
- ★ ધર્મનો રંગ વધે ઉમંગ
- ★ ધર્મ કીયે સુખ હોય
- ★ મળે જિન ચરણા, ટળે ભવ ભ્રમણા
- ★ મનને સંભાળી લે વાચના વૈભવ
- ★ વાચનાનો ધોધ, કરે આત્મપ્રબોધ
- ★ પ્રભુ નામે સંતાપ શમે
- ★ સમાધિનો ખજાનો
- ★ દિલ અટકો તોરા ચરણ કમલ મેં
- ★ જીવનની ઔષધિ, મનની સમાધિ
- ★ ભક્તિની ભીનાશ, હૃદયની સુવાસ
- ★ જીવન બને ઉપવન
- ★ સંકલ્પ ભળે, સિદ્ધિ મળે
- ★ પ્રભુના ધ્યાને, પ્રભુતા પામે
- ★ સમતાની લ્હાણી, જીવનની કમાણી
- ★ તું તારું સંભાળ રહો નિત્ય પ્રસન્ન
- ★ બાંધો પ્રભુ સાથે પ્રીત
- ★ વિરાગના ઉપવનમાં
- ★ જિન શાસનનું ઝવેરાત
- ★ बांधो प्रभुसे प्रीत
- ★ ગુપ્ત ભંડારની ચાવી ૧-૨ આવૃત્તિ
- ★ અરિહંતનું નામ વિશ્રામનું ધામ
- ★ કંટાળશો નહિ જીવનથી, ડરશો નહિ મરણથી
- ★ નવરસમય નવકાર
- ★ કામક્રોધાદિ અટકે, ભવ વને નવિ ભટકે
- ★ તપનો મહિમા ભારી, ઉઘાડે મુક્તિની બારી
- ★ માનવજીવનની જડીબુટ્ટી
- ★ ઉન્નતિની ચાવી
- ★ કરીએ પાપ વિરામ, મેળવીએ મુક્તિધામ
- ★ લઈએ શરણ અરિહંતનું
- ★ પ્રભુને મળીએ, પ્રભુમાં ભળીએ
- ★ પર્યુષણાનું આલંબન, દૂર કરે ભવના બંધન
- ★ પ્રભુનું નામ, શીતલતાનું ધામ
- ★ સુખ લહું ઠામોઠામ
- ★ સુખ અને સાત્ત્વિકતાની અનુપમ ચાવી
- ★ પ્રભુનો પ્રસાદ, સુખનો આસ્વાદ
- ★ સદ્‌વિચારોની અનેક ચાવીઓ
- ★ પ્રતિક્રમણ મહાયોગ
- ★ કરીએ નિર્મલ ચિત્ત, મેળવીએ પ્રભુ પ્રીત
- ★ કરીએ મનનું જતન, પામીએ મનોરતન
- ★ गुप्त भंडारकी चावी
- ★ જીવન વિકાસની અનેક ચાવીઓ
- ★ સાધનાનો રંગ, અપાવે મુક્તિ અભંગ
- ★ જિંદગી જીવવા જેવી લાગે છે ?
- ★ સ્વામી તુમે કાંઈ કામણ કીધું
- ★ વાતે વાતે આમ કેમ?
- ★ દૃષ્ટિ બદલો - સૃષ્ટિ બદલે
- ★ પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે, સેવકના દુઃખ શમાવે
- ★ ચાલો પાવન થઈએ
- ★ બ્રહ્મચર્યના તેજ લિસોટા
- ★ વધે ધર્મ તેજ, ઘટે મોહ તેજ
- ★ રોટલાની રામાયણ, કાંકરાએ સુધારી (વાર્તાઓ)
- ★ પ્રભુનું દર્શન, કરે પાપ વિસર્જન
- ★ આરાધનાની વાત ચાર, હૈયે હર્ષ અપાર
- ★ દરેક પ્રશ્ન આમ કેમ?
- ★ તમને શું દુઃખ છે ?
- ★ વાર્તા વિહાર (વાર્તા)
- ★ આત્મવિકાસનો માર્ગ
- ★ ચોમાસી આરાધના, કરીએ ભાવે ઉપાસના
- ★ ભાગ્યશાળીને ભૂત રળે (વાર્તાઓ)
- ★ સદા છ કર્તવ્ય કરીએ
- ★ જીવન કેવું જીવશો ?
- ★ આમ કેમ?
- ★ પ્રભુ ગમે છે ? ● ધર્મ કેમ અને કેવો ...
- ★ જિનવચનનો રાગ - બનાવે વીતરાગ
- ★ કરો ગુરુ સેવા - પામો મુક્તિ મેવા
- ★ લઈએ મહા પર્વનું આલંબન
- ● આ પણ ટકવાનું નથી (વાર્તા)
- ● જૈન ધર્મનું અજોડ કર્મ વિજ્ઞાન
- ● દિશાથી અટકો ... ભવમાં નવિ ભટકો...
- ● ક્રિયામાં મસ્તી હટાવે મનની સુસ્તી
- ● સાંકડું મન સંતાપનું કારણ
- ● જિનની ભક્તિ આપે અનેરી શક્તિ
- ● બ્રહ્મ સત્ય -ભોગ મિથ્યા
- ● પૂછોકેમ ? જવાબ મળે એમ ?
- ● ગંગા પ્રવાહ ● દર્શનની છ કલા
- ● પરિગ્રહનો તાપ - કરાવે બહુ પાપ
- ● રાગનો અંધાપો યાને સુનંદા - રૂપસેન
- ● બદલો ભલા બૂરાનો
- ● રાગાદિ દોષોથી કેમ બચાય!
- ● ચાલો, અરિહંતને ઓળખીએ
- ● ભવનું ભ્રમણ યાને સંસારના પાંચ કારણ
- ● પ્રેમભાવાદિની ચાવીઓ સમાધિ કેમ મળે-
- ● મૈત્ર્યાદિભાવો કેવાં અને કેમ આવે ?
- ● ક્રોધાદિ કષાય રોકવાની ચાવીઓ
- ● મક્કમ મનનો ધર્મ, તોડે કર્મોના મર્મ
- ● શેઠનો બંગલો (વાર્તા)
- ● ભજ પ્રભુને ઘડી બે ઘડી
- ● કેમ ? કેમ ? અશુભ ભાવોના તોફાન
- ● પ્રભુ દર્શનની આરા વધે પુણ્ય પ્ર
- ● પ્રભુ ગુણ પ્યાલાં પીએ મતવા
- ● શબ્દોનો ચમત્કાર
- ● શ્રમણ માર્ગ સાધના
- ● યતિ હિત શિક્ષા
- ● આંધળી દોટ (વાર્તા)
- ● જોઈએ છે ભગવાન ? શા મા
- ● વાર્તા વૈભવ (વાર્તા)
- ● સમાધિનો વૈભવ
- ● જીવનમાં ધર્મની મહત્તા
- ● મસ્ત જીવનની ચાવી
- ● અનોખો વાર્તા સંગ્રહ

આજના કાળે ઊભરાતા અશુભ સંકલ્પો-વિકલ્પોથી બચવા અને શુભ અધ્યવસાયોમાં ઝીલતું રાખવા તથા જીવનમાં ઉદ્ભવતી જટિલ સમસ્યાનો ઉકેલ પામવા વૈરાગ્ય અને અધ્યાત્મનો મેળવવા, આરાધનામાં જોમ પૂરવા, દિવ્ય જ્યોતિર્ધરોનો પરિચય કરવાને જૈન તત્ત્વોની વિશદ તાત્વિક અને તાત્ત્વિક સમજણ તથા આત્મશુદ્ધિ અને શુભ ભાવોનું સતત સાતત્ય જાળવવા ઇચ્છતા હો -- તો આજે જ દિવ્યદર્શન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પૂજ્યપાદશ્રીના હસ્તે લખાયેલાં પુસ્તકોને મેળવી જીવનને સફળ બનાવો.

દિવ્યદર્શન ટ્રસ્ટ C/o. કુમારપાળ વી. શાહ
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા - ૩૮૦૮૧૦. જિલ્લો : અમદાવાદ. ગુજરાત.

(★ આ નિશાની અપ્રાપ્ય પુસ્તકોની છે.)